# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯ અંક : ૯ મુંબઈ, સપ્ટેમ્બર ૨૦૦૯ પાના : ૨૮ કીમત રૂપિયા દસ

## જિન-વચન

### રાગ-દ્વેષ

रागो य दोसो वि य कम्म बीयं
कम्मं च मोहप्पभवं वदंति ।
कम्मं च जाई-मरणस्स मूलं
दुक्खं च जाई-मरणं वयंति ।।

–उत्तराध्ययन– ३ २-७

રાગ અને દ્વેષ એ બંને કર્મનાં બીજરૂપ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે. કર્મ જન્મ-મરણનું મૂળ છે. જન્મ-મરણને દુઃખ કહેવામાં આવે છે.

राग और द्वेष, कर्म के बीज हैं । कर्म मोह से उत्पन्न होता है । कर्म जन्म-मरण का मूल है । जन्म-मरण को दु:ख कहा गया है।

Attachment and hatred are seeds of Karma. Karma originates from delusion. Karma is the root cause of birth and death. Birth and death are called unhappiness.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

### વિનમ્રતાનો વારિધિ

ઈન્દ્રભૂતિ ગૌતમ શિષ્યગણ સહિત ભગવાન મહાવીર સાથે વાદવિવાદ કરવા ચાલ્યા.

શ્રમણ ભગવાન મહાવીર સમવસરણના મધ્યભાગમાં ધર્મદેશના દેતા બેઠા હતા. મહાવીરની કરુણાએ સિંહ અને ગાયને સાથે બેસાડ્યા હતા. જન્મવૈરી એ પ્રાણીઓ વેર વિસરી ગયાં હતાં. રાય અને રંક સહુ એકાગ્ર બનીને દેશના સાંભળતાં હતાં. ભગવાન મહાવીરની વાણી સાંભળતાં સૌના દિલમાં શાતા વળતી હતી. જ્ઞાની ગૌતમને આવતા નિહાળીને તેમણે આવકાર્યા.

'ઈન્દ્રભૂતિ ગૌતમ, આવો. રસ્તામાં કોઈ તકલીફ તો નથી પડીને !'

ગૌતમ સ્તબ્ધ થઈ ગયા. આમને તો મારા નામનીય ખબર છે !

'કેમ ન હોય ?' ધરતીમાંથી કંપ ઊઠે એમ ચિત્તમાંથી અહંકાર ઊઠ્યોઃ હું એટલે કોણ ? મને કોણ ન પિછાણે ? ને વળી મનમાં થયું, મહાવીર સર્વજ્ઞ છે એ તો સાચું માનું, જો મારા ચિત્તમાં વર્ષોથી પડેલી શંકા કહ્યા વિના દૂર કરી આપે !

ને સામેથી મેઘ-ગંભીર અવાજ સંભળાયો.

'ગૌતમ, તમને આત્મા વિશે શંકા છે ને ?' પ્રભુ મહાવીરે ઉમેર્યુંઃ

'ગૌતમ, આ જગતમાં જીવ છે એટલે જન્મ અને પુનર્જન્મ છે. સુખ અને દુઃખ છે. પુણ્ય અને પાપ છે અને એટલે જ તો સંસારની ઘટમાળ છે. આત્માને પરિભ્રમણ કરવું પડે છે. એમાંથી છૂટવા માટે કર્મનો ક્ષય કરવો પડે છે. મોક્ષમાર્ગે ચાલવું પડે છે. ગૌતમ, ભાઈ, એ મોક્ષમાર્ગે તું જા !'

ને જ્ઞાની ગૌતમે પગ પકડી લીધા !'

પ્રભુએ એમને દીક્ષા આપી.

થોડાક સમય પછીની વાત છે.

ગુરુ ગૌતમ જે માર્ગેથી પસાર થાય ત્યાં એમને પ્રણામ કરવા લોકોનાં ટોળા વળતાં પણ ગુરુ ગૌતમ સ્વામી નીચી નજરે ચાલ્યા કરતા. એમને તો હરપળ ભગવાન મહાવીરનું સ્મરણ રહેતું. પોતાના આરાધ્ય ગુરુ અને પરમાત્મા હતા એ. પ્રભુનું નામ એ સતત વિચારતા અને મનમાં થતુંઃ અહો ! એ કેવા કરુણાળુ છે ! પ્રભુનું અહર્નિશ સ્મરણ એમને દુનિયાથી અલગ રાખતું.

માર્ગમાં કોઈએ કહ્યુંઃ 'પ્રભુ, આપે જાણ્યું ?'

'શું ?'

'મહાશ્રાવક આનંદને અવધિજ્ઞાન થયું છે !'

'ઓહ, કેવું સરસ !'

ગૌતમ સ્વામીને થયું કે જે વ્યક્તિએ સાધના

**(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૫મુ)**

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | વૈશ્વિક શાંતિનો ધર્મ : જૈન ધર્મ | મહા મહિમ શ્રી એસ. સી. જમીર | ૩ |
| (૨) | શ્રી મું. જૈ. યુ. સંઘ દ્વારા ૭૫મી પર્યુષણ વ્યાખ્યનમાળા સંપન્ન | શ્રી કેતન જાની | ૮ |
| (૩) | સિદ્ધિનો મંત્ર : સાતત્યપૂર્વકની સાધના | પૂ. આ. શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ. | ૧૨ |
| (૪) | આ ધાર્મિકતા | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૩ |
| (૫) | શ્રી કે. પી. શાહ | શ્રી રવીન્દ્ર સાંકળિયા | ૧૫ |
| (૬) | પત્ર ચર્ચા | શ્રી કાકુભાઈ છગનલાલ મહેતા | ૧૭ |
| | | ડૉ. પ્રવીણભાઈ સી. શાહ | ૧૯ |
| | | શ્રી ગુણવંત બી. શાહ | ૨૦ |
| (૭) | જયભિખ્ખુ જીવનધારા-૧૦ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| (૮) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૧૧ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૩ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૦) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૧) | પંથે પંથે પાથેય... | સુશ્રી મયૂરી ગોસાઈ | ૨૮ |



## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/-(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/-(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/-(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/-(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/-(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૯ ● સપ્ટેમ્બર,૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૫ ● વીર સંવત ૨૫૩૫ ● ભાદરવા વદિ – તિથિ૧૨ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## વૈશ્વિક શાંતિનો ધર્મ : જૈન ધર્મ

### બૌધિક અને તાર્કિક એવા જૈન દર્શને આપણા ભારતને ગૌરવવંતો બનાવ્યો છે

**–મહામહિમ શ્રી એસ. સી. જમીર, મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ**

*[શ્રી મુંબઈ જૈન યુવક સંઘની **૭૫** મી વ્યાખ્યાનમાળા પ્રસંગે તા. ૨૧–૮–૨૦૦૯ના સવારે ૧૦–૨૫નાના મારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ મહામહિમ શ્રી એસ.સી. જમીર, ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત ગુજરાતી ગ્રંથોના હિન્દી ભાષામાં અનુવાદિત બે ગ્રંથો जैन धर्म दर्शन અને जैन आचार दर्शन તેમજ ગુજરાતી પુસ્તક 'નમો તિત્થસ્સ'નું લોકાર્પણ કરવા પધાર્યા.*

*શ્રી રુપચંદજી ભંશાલીજીની સ્મૃતિ અર્થે એઓશ્રીના પરિવારના ટ્રસ્ટ, રુપમાણક ભંશાલી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપરના બે હિંદી ગ્રંથોનું પ્રકાશન થયું.*

*સંસ્થાના માનદ્ મંત્રી ડૉ. ધનવંત શાહે રાજ્યપાલશ્રીનું સ્વાગત કરી, મહામહિમ શ્રી એસ.સી. જમીરનો પરિચય આપ્યો, અને અંતમાં શ્રી રુપચંદજીના સુપુત્ર અને એ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી વલ્લભભાઈ ભંશાલીએ સંત સમાન પોતાના પિતાશ્રીના જીવનનો પરિચય આપી આભારની લાગણી વ્યક્ત કરી હતી.*

**આ અંકના સૌજન્યદાતા :**
**સ્વ. સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી**

*૧૯૩૧માં નાગાલેન્ડમાં જન્મેલા રાજ્યપાલશ્રી એસ.સી. જમીરે અલ્હાબાદ વિશ્વવિદ્યાલયમાંથી બી.એ., એલએલ.બી. સુધી શિક્ષણ લીધું છે. કૉલેજ કાળ દરમ્યાન સ્ટુડન્ટ ક્રિશ્ચિયન મુવમેન્ટમાં સક્રિય રહ્યા.*

*૧૯૬૦માં નાગાલેન્ડ રાજ્યનું નિર્માણ થયું. એના પ્રણેતા શ્રી જમીર હતા, અને પોતાના શ્રેષ્ઠતમ વર્ષો એઓએ નાગાલેન્ડની પ્રગતિ માટે સમર્પિત કર્યા. એટલે જ એઓશ્રી આધુનિક નાગાલેન્ડના ઘડવૈયા કહેવાયા છે.*

*૧૯૬૧માં નાગાલેન્ડ તરફથી લોકસભા માટે એઓશ્રી ચૂંટાયા, અને પંડિત જવાહરલાલ નહેરુના પાર્લામેન્ટરી સેક્રેટરી તરીકેની ફરજ પણ એઓશ્રીએ બજાવી, તેમજ એ સમયે એક્સટર્નલ અફેરના મિનિસ્ટરનો હોદ્દો પણ સંભાળ્યો. ઉપરાંત ૧૯૬૬ થી ૧૯૭૦ સુધી ભારતના પ્રધાન મંડળમાં વિવિધ ખાતાના પ્રધાન તરીકે પણ પોતાની સેવા આપી.*

*૧૯૭૧ થી નાગાલેન્ડની ધારાસભામાં એઓશ્રી વારંવાર ચૂંટાતા રહ્યા. ૧૯૮૦ થી ૨૦૦૩ સુધી નાગાલેન્ડની સરકારને પોતાની વિવિધ પ્રકારની સેવા આપી, અને પૂરા ચાર સત્રમાં ચાર વખત નાગાલેન્ડના મુખ્ય પ્રધાન તરીકે નિયુક્ત થયા, નાગાલોન્ડ માટે આ એક અદ્વિતિય ઘટના છે.*

*૧૭ જુલાઈ ૨૦૦૪માં શ્રી જમીર ગોવા રાજ્યના રાજ્યપાલ તરીકે નિયુક્ત થયા, અને ૧૯ જુલાઈ ૨૦૦૮માં મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે નિયુક્ત થયા તેમજ જુલાઈ ૨૦૦૯થી ગુજરાતના રાજ્યપાલ તરીકેનો વધારાનો હોદ્દો પણ એઓ સંભાળી રહ્યા છે.*

*જીવન ચરિત્રાત્મક અને વિવિધ ચિંતનાત્મક વાંચન તેમજ તરણ અને રમતગમતના શોખીન શ્રી જમીરે પોતાના જીવનના ૫૦ વર્ષ રાષ્ટ્રની સેવામાં વિવિધ પ્રકારે સમર્પિત કરી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.*

*આવા અનેક સિદ્ધિપ્રાપ્ત મહામહિમ રાજ્યપાલશ્રીએ આ ૭૫મા પર્યુષણ પર્વ વ્યાખ્યાનમાળા પ્રસંગે ઉપરના ગ્રંથોનું લોકાર્પણ કરતા આપેલા મનનીય પ્રવચનનો અમારી સંસ્થાના વિદુષી સન્નારી **શ્રીમતિ પુષ્પાબહેન ચંદ્રકાંત પરીખે** કરેલો ગુજરાતી અનુવાદ યથાતથ પ્રસ્તુત કરીએ છીએ. ઉપરાંત અંગ્રેજી પ્રવચન પણ પ્રસ્તુત છે.–તંત્રી ]*

વ્યાખ્યાનમાળાના પ્રમુખ ડૉ. ધનવંત શાહ,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ,
બહેનો તથા ભાઈઓ.

આજે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે યોજેલ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મને પણ શામેલ થવાનો અવસર મળવા બદલ હું મારી જાતને અત્યંત ખુશનસીબ માનું છું. અને મને તેનો ઘણો જ આનંદ છે. ભૂતકાળમાં આવી ગયેલ વક્તાઓની યાદી જોતાં જણાય છે કે આપણાં દેશની અતિ મહાન અને નામાંકિત વ્યક્તિઓ જેવી કે ડૉ. રાધાક્રિશ્નન, મધર ટેરેસા, શ્રી ક. મા. મુન્શી, ડૉ. વિજયાલક્ષ્મી પંડિત, જસ્ટીસ એમ. સી. ચાગલા અને જયપ્રકાશ નારાયણ વગેરેએ આ વ્યાસપીઠ ઉપરથી વ્યાખ્યાનો આપ્યા છે.

શ્રી મું. જૈ. યુ. સંઘના આજના તથા ભૂતકાળના પદાધિકારીઓને ૭૫ વર્ષ સુધી આટલી સુંદર વ્યાખ્યાનમાળાનું આયોજન કરવા બદલ હું ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. સંઘની અનેક પ્રકારની પ્રવૃત્તિઓને પણ હું બિરદાવું છું. બીજા અનેક તહેવારો કરતાં સહેજ જુદા એવા દુનિયાભરમાં ઉજવાતા આ પર્યુષણ પર્વની મહત્તા ઘણી છે.

બીજા ઘણાં તહેવારો આનંદપ્રમોદના હોય છે જ્યારે આ પર્વ મનુષ્યના આત્માને ઓળખી, પ્રભુ સમક્ષ હાજર થવાના અથવા પ્રભુમય બની મોક્ષ પામવાના પ્રયત્નોનું આ પર્વ છે. આ પર્વમાં લોકો તપશ્ચર્યા, નિયમોપાલન, ધાર્મિક વાંચન અને શ્રવણ દ્વારા આત્માની ઉન્નતિ માટેના પ્રયત્નો કરતા હોય છે. આ પર્વમાં સગાં-સંબંધીઓ, મિત્રો, સહકાર્યકર્તાઓ તથા અન્યો સાથે ક્ષમાયાચના કરતા હોય છે.

જ્યારે ક્ષમાપનાની વાત આવે ત્યારે અચૂક ગાંધીજીની યાદ આવે. તેઓએ કહ્યું છે, 'ક્ષમા આપવાનો ગુણ તો અભય મનુષ્યને જ શોભે. ભયભીત અથવા બીકણ મનુષ્ય ક્ષમા ન આપી શકે.' મને ખાત્રી છે જો આ ધરતીને સુંદર રહેવાલાયક સ્થાન બનાવવું હોય તો આપણે સર્વેએ, એટલે કે દરેક મનુષ્યો, જાતિઓ, વિશ્વના દેશોએ ભૂતકાળમાં આચરેલી ભૂલો બદલ ક્ષમાયાચનાની આપલે કરવી જોઈએ.

**બહેનો તથા ભાઈઓ,**

જૈન દર્શનમાં દર્શાવાયેલા ઉમદા અને આધ્યાત્મિક સિદ્ધાંતોના આચરણની તો દુનિયાભરમાં અને પેઢી દર પેઢી અસર જોઈ શકાય છે. અહિંસાવાદનો સિદ્ધાંત જો અપનાવીએ તો જીવન પ્રત્યેનો આપણો અભિગમ જરૂર બદલાઈ જાય. તેના સિદ્ધાંતો જાતિવાદની વિરૂદ્ધ છે. આજે પણ એ સિદ્ધાંતો એટલા જ ઉપયોગી છે. જૈન દર્શનના તાર્કિક સિદ્ધાંતોએ વિજ્ઞાનની તરફેણ કરી છે અને અંધશ્રદ્ધાનો વિરોધ કર્યો છે. જૈન દર્શને અનેકાંતવાદને મહત્ત્વ આપ્યું છે. આ સિદ્ધાંત અપનાવવાથી જગતના અનેક પ્રશ્નો, જેવા કે સામાજીક, આર્થિક અને ધાર્મિક પ્રશ્નોનો ઉકેલ આવી જાય. **બૌદ્ધિક અને તાર્કિક એવા જૈન દર્શને આપણા ભારતને ગૌરવવંતો બનાવ્યો છે.**

પંડિત જવાહરલાલ નહેરૂ જેમની સાથે મને કામ કરવાનો મોકો મળ્યો છે, તેમના અતિપ્રખ્યાત પુસ્તક 'ધી ડિસ્કવરી ઑફ ઈન્ડિયા'માં તેઓએ પણ જૈન દર્શન વિષે ઉલ્લેખ કર્યો છે. તેમણે લખ્યું છે કે જૈન દર્શને આપણને દરેક જીવ પ્રત્યે સમભાવથી જોવાનું શીખવ્યું છે. તેઓ વધુમાં લખે છે, 'જૈન દર્શન આપણને સારું અને ઉચ્ચ જીવન' જીવવાની પ્રેરણા આપે છે.

જીવન પ્રત્યેના આવા અભિગમથી આજના જમાનામાં મનુષ્યજાતિ કુદરતી વાતાવરણ અને ધરતી પ્રત્યે વિચારતી થઈ છે. જીવન પ્રત્યે સદા માનથી જોવું જોઈએ અને આપણા મનમાં તેનો સતત અહેસાસ થવો જોઈએ. મનુષ્યજાતિનો ઉદ્ધાર એમાં જ છે. આજના ભૌતિક પદાર્થો પાછળની દોડમાં આપણે આપણા આધ્યાત્મિક વારસાને ઘણીવાર ભૂલી જઈએ છીએ. આપણી કપરી પરિસ્થિતિમાં ભૌતિક અને આધ્યાત્મિક પ્રશ્નો વચ્ચેની સમતુલા જાળવવી ઘણી અગત્યની છે. હું મક્કમપણે માનું છું કે જૈનો દુનિયાના આજના પ્રશ્નોના ઉકેલમાં અને શાંતિ સ્થાપવામાં ઘણો અગત્યનો ભાગ ભજવી શકે.

હું પોતે તો ક્રિશ્ચિયન છું અને મારો ધર્મ તો દરેક મનુષ્યમાં ભગવાનનો અંશ જોવાનું શીખવે છે. ખરેખર તો દરેક ધર્મ શાંતિ અને એકતા જ શીખવે છે. આ દુનિયાનો એક પણ ધર્મ આપણને એકબીજા પ્રત્યે વેરભાવ રાખવાનું શીખવતો નથી. આજે તો શાંતિ જ માનવજાતને વટાવી ગઈ છે. આ તબક્કે મારા મત પ્રમાણે દુનિયાના દરેક ધર્મને એક ગજબનો પડકાર છે કે વ્યક્તિગત સ્તરે અને બીજા અનેક સ્તરે શાંતિ સ્થાપી બતાવે.

શાંતિ સ્થાપવા માટે સૌથી અગત્યની વાત તો ભ્રાતૃભાવ કેળવવાની છે. બીજી એક અગત્યની વાત તે દરેક વ્યક્તિમાં સેવાભાવ કેળવવાની છે. જગતમાં જો એક નાનો હિસ્સો કે અમુક લોકો મોજશોખ, એશઆરામમાં રહે અને મોટો હિસ્સો ગરીબીમાં રહે તો દુનિયામાં કદી શાંતિ સ્થપાય નહીં.

દરેક ધર્મના સાધુ-સંતોનો આપણને સીધો સવાલ છે કે જો તમે તમારા બંધુ ભાઈ-બહેનોને પ્રેમ ન કરો તો ભગવાન પાસે પ્રેમ કેવી રીતે માંગી શકો? આજના જમાનામાં જો કોઈ સાચી સેવા હોય તો તે પ્રભુ પ્રત્યેના પ્રેમમાંથી ઉદ્‌ભવતી આધ્યાત્મિક સેવા છે. એક સંત મહાત્માએ કહ્યું છે, **'કાર્ય વગરની પ્રાર્થના એ પ્રાર્થના વગરના કાર્ય જેટલું જ ખરાબ છે.'**

સાચા ધાર્મિક મનુષ્ય થવું હોય કે કહેવડાવવું હોય તો વહેંચતા શીખવું જોઈએ. આપણી કમાણીનો દશમો ભાગ આપણે પ્રભુને ગમતાં કાર્યો અને મનુષ્યો માટે રાખવો જોઈએ. આ રીતે જ આપણે

પ્રેમ, દયા અને સેવા દ્વારા વિશ્વ શાંતિ સ્થાપી શકીશું. મારા મત પ્રમાણે પ્રભુની નજીક જવાનો આ સહેલામાં સહેલો રસ્તો છે. પર્યુષણ પર્વ જેવા ઉત્તમ પર્વ ઉજવતાં આજે આપણે સહુ ફરી એક વાર પ્રેમ, બંધુભાવ, દયા, માનવજાત પ્રત્યે આદરભાવ અને સેવા ભાવ તથા દરેક જીવ પ્રત્યે દયા અને લાગણીનો ભાવ રાખવાનો નિર્ણય કરીએ એવી મારી નમ્ર વિનંતિ છે.

**બહેનો અને ભાઈઓ,**

હવે આપણા રાષ્ટ્રની જે બિનસાંપ્રદાયિક અને અનેક જાતો અને ધર્મો વચ્ચેની એકતા (Unity in Diversity) છે તે અખંડ રાખી દેશને મજબૂત બનાવવાના પડકારોનો સામનો કેવી રીતે કરવો તે વિષે હું ટૂંકમાં જણાવું છું.

ભારત હંમેશાં પારદર્શક, બહુભાષી, વિધવિધ સંસ્કૃતિવાળો અને બહુજાતિય દેશ રહ્યો છે. આ દેશમાં હિંદુ, બૌદ્ધ, જૈન અને શીખ જેવા મહાન ધર્મો વિકસ્યાં છે. પારસી અને યહૂદીઓ પણ ભારતમાં આવી વિકસ્યા એટલું જ નહીં પરંતુ ભારતના અન્ય ધર્મનો વિરોધ કર્યા વગર ભારતીય સમાજમાં ભળી ગયા અને આર્થિક અને સામાજીક દૃષ્ટિએ પણ તેઓનું પ્રદાન ઓછું નથી. ભારતનું સૌથી અગત્યનું પાસું તો વિવિધતામાં એકતા (Unity in Diversity)નું છે. આપણે એકબીજા પર કશું જ લાદવાની વાત ક્યારેય કરી નથી. વ્યક્તિગત માન જાળવીને સાંસ્કૃતિક વારસો હંમેશાં જાળવ્યો છે અને વધાર્યો છે.

આપણા બંધારણના ઘડવૈયાઓએ પણ આ બિનસાંપ્રદાયિકતાને જાળવી રાખવાનું લક્ષ્યમાં રાખ્યું છે. દરેક ધર્મનું માન જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે. પ્રત્યેક વ્યક્તિને પોતાનો ધર્મ પાળવાનો હક્ક પણ આપ્યો છે.

પૂર્વ વડા પ્રધાન સ્વ. રાજીવ ગાંધીએ પણ કહ્યું છે, 'બિન-સાંપ્રદાયિકતા એ તો આપણા રાષ્ટ્રનો પાયો છે. તેમાં સહનશક્તિ સમાયેલી છે. એમાં તો શાંતિ માટેના અદભૂત પ્રયત્નોનો સમાવેશ થાય છે.

આજે જ્યારે ભારત એક પ્રગતિશીલ દેશ તરીકે વિશ્વમાં ઉભરી રહ્યો છે ત્યારે વિવિધતાનો પ્રતિષ્ઠિત વારસો જાળવવો અને દેશની બિનસાંપ્રદાયિકતા જાળવી રાખવી એ દેશ માટે ઘણો જ મોટો પડકાર છે.

આજે જ્યારે આતંકવાદ વગેરે દુનિયા સામે પડકાર છે તો ભારતની સામે તો તેના ઉપરાંત જાતિવાદ, ભાષાકીય પ્રાંતવાદ, નક્સલવાદ અને ધાર્મિક ભેદભાવ જેવા પડકારો પણ ઊભા થઈ રહ્યા છે. જો આનો સામનો નહીં કરાય કે આ પ્રત્યે ધ્યાન નહીં દોરાય તો આપણા દેશની એકતા સામે બહુ મોટો ખતરો ઊભો થવાની શક્યતા છે.

આવા કપરા સમયે મારા મત પ્રમાણે જૈન ભાઈ-બહેનો ભાઈચારા માટે અને શાંતિ સ્થાપવામાં બહુ મોટો ભાગ ભજવી શકે છે. આજના જમાનામાં globalisationના હિસાબે આખું વિશ્વ એક ગામ બની ગયું છે. આ દૃષ્ટિએ ધાર્મિક જાતિઓ તરીકે અને રાષ્ટ્રો તરીકે આપણું ભાવિ પણ એકબીજા સાથે અતૂટ રીતે સંકળાયેલું છે. વિશ્વના દરેક દેશોમાં જુદા જુદા દેશના લોકોની અવરજવર પણ દેખાય છે અને સાથે રહેતાં પણ જણાય છે.

આજ હવે આપણે એકબીજાથી અજાણ્યા પણ ન રહી શકીએ કે જુદી જુદી શ્રદ્ધા વિષે દુશ્મનાવટ પણ ન રાખી શકીએ. આજે પણ એવા સમૂહો છે જે શાંતિપ્રિય જાતિઓને ઉશ્કેરવા તત્પર છે. તેઓ હિંસાને પ્રોત્સાહન આપે છે. આવા સમયે મારી ખાસ એક અરજ છે કે અવારનવાર જુદા જુદા ધર્મોના સંત મહાત્માઓએ મળીને ચર્ચા-વિચારણા કરવી જોઈએ. આવી ચર્ચાઓ કરવાથી આપણો પોતાનો ધર્મ પણ આપણે સારી રીતે સમજી શકીશું. **આ તબક્કે જૈન યુવક સંઘ જેવી સંસ્થાઓને મારી નમ્ર વિનંતિ છે કે આ દિશામાં પગલું ભરી આગળ વધવા પ્રયત્ન કરે. હજુ જ્યારે પરિસ્થિતિ કાબૂમાં છે ત્યારે જ આ પગલું ભરવું જોઈએ.**

આમ પણ ભારતીય પ્રજા ધંધાકીય દૃષ્ટિએ એકબીજા પર વિશ્વાસ મૂકનારી પ્રજા તો ગણાય જ છે. તો એક સર્વમાન્ય કારણ માટે સમજીને ભેગા મળી રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આપ સૌને આ પર્યુષણ પર્વ નિમિત્તે મારી શુભેચ્છા પ્રગટ કરું છું અને મને આપની સાથે આ પ્રસંગે શામેલ કરવા બદલ શ્રી મું. જૈ. યુ. સંઘનો ફરી એકવાર હૃદયપૂર્વક આભાર માનું છું.

**❑ એસ. સી. જમીર**

## ડૉ. રમણલાલ ચી. શાહના હિંદી ગ્રંથો

રુપમાણક ભંશાળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ડૉ. રમણલાલ ચી. શાહના ગુજરાતીમાંથી હિન્દીમાં અનુવાદિત થયેલા બે ગ્રંથોનું તા. ૨૧-૮-૨૦૦૯ના મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ મહા મહિમ શ્રી એસ. સી. જમીરના શુભ હસ્તે લોકાર્પણ થયું છે.

(૧) जैन धर्म-दर्शन- પૃષ્ઠ ૩૨૨-મૂલ્ય રૂા. ૩૦૦/-
(૧) जैन आचार-दर्शन-પૃષ્ઠ ૩૫૧-મૂલ્ય રૂા. ૩૦૦/-
આ બંન્ને ગ્રંથો નીચેના સરનામેથી પ્રાપ્ત થઈ શકશે.
રુપ માણક ભંશાળી ટ્રસ્ટ,
૧૭/૧૯, ખટાઉ બિલ્ડીંગ,
૪૨/૪૪, બેંક સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૧.
ફોન નં. : (૦૨૨) ૬૬૩૭૯૬૪૯.
ઉપરના પુસ્તકો ૨૫% ડિસ્કાઉન્ટથી મળશે.
પાંચ સેટથી વધુ ખરીદનારને ૪૦% ડિસ્કાઉન્ટથી મળશે.

# A Speach by His Excellency Shri S. C. JAMIR

***Address by Shri S. C. Jamir, Governor of Maharashtra at the Paryushan Jain Lecture Series and release the Hindi Translation of two books on Jainism at Patkar Hall, New Marine Lines, Mumbai at 10.25 a.m. on Friday, 21 August 2009.***

President of the Lecture Series Dr. Shah,
distinguished members of the Mumbai Jain Yuvak Sangh,
dignitaries, sisters and brothers.

I am indeed delighted to have been associated with the 75th year of the Lecture Series organised by the Mumbai Jain Yuvak Sangh as part of the Paryushan Parva. I find from the list of past speakers that persons of eminence like Dr Radhakrishnan, Mother Teresa, Dr. K. M. Munshi, Dr. Vijaya Laxmi Pandit, Justice M. C. Chagla and Jayaprakash Narayan have spoken from this platform.

I congratulate the Jain Yuvak Sangh, its past and present functionaries for organizing the lecture series successfully for 75 years, a remarkable achievement indeed. I also compliment the Sangh for its various social and welfare activities.

Unlike other festivals, the weeklong Paryushan period observed by the Jain Community all over the world is an eternal festival, – a festival meant for spiritual upliftment and moral rejuvenaion. Many Members of the Jain community practice penances, vows, fasts and reading and listening to holy scriptures during the period in their quest for self actualization. The hallmark of this holy festival is the seeking of forgiveness by members of the community from each other, from friends, coworkers and enemies.

Speaking of forgiveness, Mahatma Gandhi had said, and I quote: **`The weak can never forgive. Forgiveness is the attribute of the strong.' (unquote).** I am sure, if all of us, – individuals, societies and nations decide to forgive others and seek forgiveness from one another for the mistakes we committed in the past, the world will become the most beautiful and peaceful place to live.

**Sisters and brothers,**

The noble principles of life and spiritualism expounded in the philosophy and practice of Jainism have influenced successive genarations of people worldwide. Its enduring legacy of non-violence has shaped our approach to life and nature. Its principled stand, against a hierarchical caste system inspires us to fight for equality for all even today. The rational basis of Jainism has contributed to the growth of scientific temper and the fight against superstition and blind faith. Rejecting the rigidities of doctrine, Jainism presented an open and fresh approach to matters considered spiritual. This approach of reason and scientific enquiry has helped in grappling with social, religious and economic problems, facing mankind. Jainism is part and parcel of the rich tradition of rational intellectual discourse that has flourished in this ancient land of India.

Pandit Jawaharlal Nehru, with whom I had the privillege of working, in his much celebrated book **`The Discovery of India'** observed that it was Jainism that helped us better appreciate the rights of all living beings; and not just human beings. He saw in Jainism **`the endeavour to lead the good life, the higher life.'**

It is this approach to life that in recent years has influenced humankind's thinking about environment, ecology and planet earth. This reverence for life has to be constantly reiterated and inculcated in our minds. That is the only way humankind can make progress. In fact, in our quest for material prosperity we sometimes forget the spiritual heritage of our civilization. A fine balance between materialism and spirituality can help restore sanity when we are caught in the rough and tumble of life. An appreciation of the beauty of life and nature is needed to ensure sustainable development. It is my firm conviction that members of the Jain community can play a crucial role as peacemakers in society, nation and also in global affairs for conflict resolution, and for restoration of peace.

I am a Christian and my religion teaches me to see the face of God in every human being. As a matter of fact, I believe that every religion stands for peace, harmony and compassion. No religion preaches hatred or violece against fellow sisters and brothers. Today however peace is eluding mankind. It is the greatest challenge for religions of the world to restore peace at the individual level, within society and among nations.

The first thing required for enduring peace is the spirit of brotherhood. The second important thing we need for enduring peace is the spirit of service. True peace is possible only through this spirit of service. The world cannot live in peace and hapiness if one fraction of its people live in luxury and opulence while the majority live in poverty and deprivation.

There is a simple question that all Saints ask of us: How can we claim our love to God if we do not love fellow human beings. How can we call ourselves human beings if we watch our brothers and sisters suffering and struggling? I believe that true service is a spiritual activity, which is born out of the Love of God. A famous Saint has said, and I quote: `Prayer without work is as bad as work without prayer !' (unquote).

As practitioners of true religion, it should be our endeavour to share what we have with others. Let us keep aside a portion, say one-tenth of our earnings, to be utilised in the service of God and his suffering million. We can achieve universal peace through love, compassion, the spirit of caring and sharing and service. It is also the quickest route of

realisation of God.

While observing the auspicious period of Paryushan, let us reaffirm our commiments to practising eternal values like love, brotherhood, compassion, caring and sharing towards our fellow human beings and other living beings.

**Sisters and Brothers,**

I shall now briefly discuss the challenges before us as a nation, the need to preserve India's plural character and secularism, the need for interfaith dialogue and now citizens could act as an instrument for building peace and rapproachment.

India has always been an inclusive, open multi-cultural, multi lingual and multi ethnic society. This is a land where some of the greatest religions of the world, namely Hinduism Buddhism, Jainism and Sikhism were born and prospered. The Parsis and the Jews found India to be the most receptive land to practice their unique religion and cultural traditions. They have been living in India for centuries without any presecution and are contributing to its socio-economic and cultural richness.

The most important characteristics of India is its unity in diversity. We have never attempt to thrust uniformity on others or dilute diversity. India has always believed in a composite culture where individual identities are always respected.

Our Constitution makers very rightly chose to maintain this identity of India by making is a **`Secular'** State, where every religion and faith would be respected. The Constitution guartanteed every individual the right to **`profess, practice and propagate (his or her) religion'.**

The late Prime Minister of India Rajiv Gandhi had said, and I quote, **`Secularism is the bedrock of our nationhood. It implies more than tolerance. It involves an active effort of harmony.'** (unquote)

Today at a time when India is emerging as a leading country of the world, the biggest challenge facing the nation is to maintain its rich pluralistic heritage and secular fabric of the country.

If terrorism and fundamentalism are challenges facing the world, we in India are facing, in addition to these, a few more, and perhaps equally dangerous, challenges like casteism, linguistic hegemony, naxalism and regionalism. If left unattended these problems could pose a threat to our unity and national integration.

At this crucial juncture, members of the Jain community, which is one of the strongest votaries of peace, should be at the vanguard to restore peace and the spirit of brotherhood among different communities.

Globalisation has made the world a small village. As religious communities and as nations, our future is now inextricably linked to one another. Along with globlisation has come the worldwide movement of people from one place to another, both within the country and among the countries. All over the world people of different religious live together, in mixed societies. The map of the world cannot be colour-coded based on Hindu, Christian or Muslim identity, but each part of the world is now patterned with the colours and textures of the whole. These trends have made religious relations a pressing issue in many countries.

In today's world we cannot afford to be ignorant of one another, or to have enmities between different faiths. Extremist groups are seizing every opportunity to sow distrust and hatred in peace loving communities. They are perverting and abusing religion to radicalise attitudes, justify violence and brainwash young members. To root out the stereotypes and prejudices that form the fault lines in a multi-religious society like India, it is crucial to have a process of dialogue and engagement. Such dialogue is not aimed at achieving agreement, but at building relationship. When we get to know one another, we not only appreciate how others in different religious communities encounter the divine, but also enhance our understhanding of our own religion. In the process, we widen the common ground, which we all share together. It is all the more necessary for today's youth, men and women to know about the different religious and understand their teachings so that there will be better understanding among the people and societies.

I take this opportunity to urge the Jain Yuvak Sangh to institutionalise interfaith dialogue and organise interaction meeting among religious leaders at different levels. We should build these linkages now when conditions are tranquil, and relations are not under stress. Then in times of crises, we will have a strong and resilient network to hold our society together.

Indians have traditionally learnt to trust one another, and to accomodate each other's different customs, traditions and ways of life. We must continue with this pragmatic and responsible approach, and work together as partners for a common cause. Only then can we keep our society cohesive, and keep our country social and harmonious for many more years to come.

I wish all of you my warm greetings on the occasion of Paryushan Parva and thank the Jain Yuvak Sangh for associating me with this wonderful occasion. ✱✱✱

## ૨૫ મી સંસ્થા માટે અનુદાન
## લોક વિદ્યાલય – વાળુકડ

આ વર્ષની વ્યાખ્યાનમાળા પ્રસંગે તીર્થભૂમિ પાલીતાણા પાસેના વાળુકડ ગામના શ્રી વિનય વિહાર કેળવણી મંડળ સંચાલિત–લોક વિદ્યાલયને આર્થિક અનુદાન આપવા માટે જૈન સમાજને આ સંસ્થાએ વિનંતી કરી હતી.

જૈન સમાજે આ વિનંતિનો ઉષ્મા અને ઉત્સાહભર્યો પ્રતિસાદ આપી આજ સુધી લગભગ વીસ લાખનું અનુદાન પ્રાપ્ત થયું છે અને હજી પત્ર–પોસ્ટ દ્વારા અનુદાન આવી રહ્યું છે.

સર્વે દાતાઓની પૂરી વિગતો અમે ઑક્ટોબર અંકમાં પ્રગટ કરીશું. સર્વે દાતાઓને ધન્યવાદ.

**–મેનેજર**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૫ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

❑ કેતન જાની

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ૭૫મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી સાહિત્યકાર–જૈન ધર્મના અભ્યાસી ડૉ. ધનવંતભાઈ શાહની અધ્યક્ષતા હેઠળ આઠ દિવસ સુધી ન્યુ મરીન લાઈન્સ સ્થિત પાટકર હૉલમાં યોજાઈ હતી. ૧૬ મીથી ૨૩મી ઑગસ્ટ સુધી યોજાયેલી આ વ્યાખ્યાનમાળા શ્રાવકો માટે જ્ઞાન, આરાધના અને ભક્તિરસની ગંગા બની હતી. વ્યાખ્યાનમાળાના પ્રારંભમાં જ્ઞાનપિપાસુ શ્રાવકોનું સ્વાગત ડૉ. ધનવંતભાઈ શાહે કર્યું હતું. આ પ્રસંગે તેમણે સંસ્થાની પ્રવૃત્તિમાં મહત્ત્વનું યોગદાન આપનારા પ્રા. તારાબહેન રમણભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ ગાંધી અને કે. પી. શાહના નિધન અંગે દિલસોજી વ્યક્ત કરી હતી. તેઓએ 'સંઘ'ને આપેલી અમૂલ્ય સેવાઓને બિરદાવી હતી.

પર્વાધિરાજ પર્યુષણ દરમિયાન તીર્થંકરોની ઉપાસનાની સાથે અંતરિયાળ અને પછાત વિસ્તારોમાં સેવાપ્રવૃત્તિ ચલાવતી સંસ્થાઓને માટે નાણાભંડોળ એકઠું કરી આપવાનો અનોખો સેવાયજ્ઞ 'સંઘ'એ ઈ. સ. ૧૯૮૫થી આરંભ્યો છે. આ વરસે ગુજરાતમાં પાલીતાણા તાલુકાના વાલુકડ ગામ સ્થિત શ્રી વિનય વિહાર કેળવણી મંડળ સંચાલિત લોકવિદ્યાલય માટે આર્થિક સહાય મેળવવા માટે ટહેલ નાંખવામાં આવી હતી. તેના પ્રતિસાદ રૂપે અત્યાર સુધી ૨૦ લાખ રૂપિયા એકઠા કરી શકાયા છે. ડૉ. ધનવંતભાઈએ જણાવ્યું હતું કે નાનુભાઈ શીરોયાના સંચાલન હેઠળની શાળામાં ૧૫૦૦ બાળકોને નિઃશુલ્ક શિક્ષણ અપાય છે. જો નાનુભાઈએ આ કામગીરી આરંભી ન હોત તો આ બાળકો આજે ભીખ માંગતા હોત કે પછી ખોટે માર્ગે ગયા હોત.

'સંઘ'ના પ્રમુખ રસિકભાઈ શાહ અને ઉપપ્રમુખ ચંદ્રકાંત ડી. શાહે વાલુકડ સ્થિત લોકવિદ્યાલય માટે ઉદાર હાથે ફાળો આપવાનો અનુરોધ કર્યો હતો. ખજાનચી ભૂપેન્દ્ર જવેરી અને સહમંત્રી વર્ષાબહેન શાહે દાતાઓના નામની વિગતો જાહેર કરી હતી. 'સંઘ'ના મંત્રી નિરુબહેન શાહે પોતાની આગવી શૈલીમાં આભારવિધિ કરી હતી. યુવક સંઘના પ્રમુખ શ્રી રસિકભાઈ શાહ મંચ ઉપર બિરાજમાન હતા.

'સંઘ'એ છેલ્લા ૨૪ વર્ષમાં વિવિધ સેવા પ્રવૃત્તિઓ ચલાવતી ૨૪ જેટલી સંસ્થાઓને લગભગ ૩.૫ કરોડ રૂપિયા જેટલી રકમ એકઠી કરી આપી છે. વ્યાખ્યાનમાળા દરમિયાન વાલુકડ સ્થિત લોકવિદ્યાલય શાળાના આદ્યસ્થાપક નાનુભાઈ શિરોયાએ પણ શાળાની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. વ્યાખ્યાનમાળામાં દરરોજ નીતિન સોનાવાલા, કુમાર ચેટરજી, શ્રીમતી હંસિકા ઐય્યર, શ્રીમતી ઉર્વશી શાહ, પુરુષોત્તમ ઠાકર, ગૌતમ કામત, શ્રીમતી ઝરણા વ્યાસ અને શ્રીમતી ગાયત્રી કામતે ભજનો રજૂ કરીને વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

### હજારો વર્ષ પૂર્વે તિબેટમાં જૈન ધર્મની અસર હશે

તા. ૧૬-૮-૨૦૦૯

**'ભગવાન આદિનાથ : અષ્ટાપદ'** વિશે વ્યાખ્યાન આપતા **ડૉ. લતાબહેન બોથરાએ** જણાવ્યું હતું કે જૈન ધર્મના પ્રથમ તીર્થંકર આદિનાથ ધર્મનાયકના રૂપમાં પૂજાય છે. આપણી સંસ્કૃતિ, સમાજ અને માનવ જીવનના વિકાસમાં તેમની મહત્ત્વની ભૂમિકા છે. તેમણે જ આપણને ખેતી શીખવાડી છે. આદિનાથના બાળકો વિશ્વાકો તરીકે ઓળખાયા છે. સૂર્યવંશ, ચંદ્રવંશ અને વિદ્યાધર એવા તેમના વંશો છે. તેમણે ક્ષત્રીય વર્ણની સ્થાપના કરી હતી. તેમાં તેઓએ યુદ્ધ નહીં પણ વિતરાગ જીતવા માટે અને બહારની જેમ આંતરિક શત્રુઓને જીતવાનો ઉપદેશ આપ્યો હતો. ઓરિસ્સાના નીલકંઠ શાસ્ત્રીએ જણાવ્યું હતું કે તેઓ આદિનાથ અગ્નિદેવ અથવા સૂર્યદેવના રૂપમાં પૂજાયા હતા. તેમણે પોતાના પુત્રોને ત્યાગ અને વૈરાગ્યનો ઉપદેશ આપ્યો હતો. વધુમાં જણાવ્યું હતું કે જીવનમાં બોધ મેળવો. મનુષ્ય જન્મ દુર્લભ છે અને મૃત્યુ નિશ્ચિત છે. તેથી વિનાવિલંબે શક્ય એટલો બોધ મેળવો. મનુષ્યજાતિને આદિયુગમાંથી ધાતુયુગમાં લઈ જનારા આદિનાથ જ હતા. તેમણે ૭૨ પુરુષો અને ૬૪ મહિલાઓને શિલ્પકળા શીખવી હતી. તેમના થકી શિલ્પી વર્ગ તૈયાર થયો હતો. આદિનાથ ભગવાનને અષ્ટાપદ ખાતે જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું અને તેમની અંતિમવિધિ પણ ત્યાં થઈ હોવાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં છે. અષ્ટાપદ પર્વત એ જ કૈલાસ પર્વત છે. ડૉ. રજનીકાંત શાહની આગેવાની હેઠળની ટુકડીએ સંશોધન માટે કૈલાસ-માનસરોવરની મુલાકાત લીધી હતી. તિબેટમાં સાગાથી કૈલાસ જતાં માર્ગમાં ઝુંપડામાં સ્વસ્તિક અને ચંદ્રના ચિન્હો જોવા મળ્યા હતા. ત્યાં તે પરંપરા હોવાનું જાણવા મળ્યું હતું. સ્વસ્તિકના નિશાનમાં વચ્ચે ચાર ટપકાં કરવામાં આવતા હોવાની પણ પ્રથા હતી. હજારો વર્ષ પૂર્વે તિબેટમાં આદિનાથ ભગવાનના કારણે જૈન ધર્મની અસર હશે એવું મનાય છે. કૈલાસ પર્વતની નીચે આવેલી ગુફામાં સ્તુપ છે તે જગ્યાએ જ આદિનાથ ભગવાનની અંતિમવિધિ થઈ હોવાનું મનાય છે. આ અષ્ટપદ પર્વત સુધી પહોંચવાનું અતિ

મુશ્કેલ હોવાથી ત્યાં આપણા પ્રતિકો કે પરંપરા લુપ્ત થઈ હોવાનું માની લીધું છે.

(કોલકાતાવાસી ડૉ. લતાબહેન બોથરા જૈન ધર્મના પ્રખર અભ્યાસુ છે. તેમણે જૈન ધર્મ વિશે પુસ્તકો પણ લખ્યા છે.)

XXX

**પ્રાર્થના કરતી વેળાએ કાન–આંખ બંધ કરી હૃદય સાથે સંબંધ જોડો**

તા. ૧૬-૮-૨૦૦૯

**'કૈસે કરે પ્રાર્થના!'** વિશે **સમણીજી પૂ. જયંત પ્રજ્ઞાજીએ** જણાવ્યું હતું કે સંકટ કે ગરીબી દૂર કરવા, સંતાન પ્રાપ્તિ માટે, આરોગ્ય પ્રાપ્તિ માટે, અથવા કાર્યસિદ્ધિ માટે સહુ પ્રભુને પ્રાર્થના કરે છે. પ્રાર્થનામાં લક્ષ્ય શું છે તે મહત્ત્વનું છે. આપણું ધ્યેય શુદ્ધ હોવું જોઈએ. ધન પ્રાપ્તિની પ્રાર્થનામાં લોકકલ્યાણ અને દાન આપવાની ઈચ્છા પણ સાથે હોવી જોઈએ. પ્રાર્થના વડે આરોગ્ય મેળવો. પછી જંકફૂડ ખાવાથી દૂર રહો. સ્વામી વિવેકાનંદે જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય માંગ્યા હતા. ઈશુ ખ્રિસ્તે શત્રુને મિત્ર માનવાનો ઉપદેશ આપ્યો હતો. જ્યારે ભગવાન મહાવીરે તેથી આગળ વધીને કોઈને જ શત્રુ નહીં માનવાનો ઉપદેશ આપ્યો છે. પ્રાર્થનાને સફળ બનાવવા માટે હૃદયના અંદરની આપણી ગુણવત્તા સુધારવી જોઈએ. ઈર્ષ્યા કે બીજાને નબળો દેખાડવાની વૃત્તિ ત્યજવી જોઈએ. ઈર્ષ્યાળુ વ્યક્તિ આખરે પોતે જ દુઃખી થાય છે. પ્રાર્થના કરતી વેળાએ આંખ અને કાનને બંધ રાખી હૃદય સાથે સંબંધ જોડવો જોઈએ. જીવનમાં બધા દિવસ સરખા જતાં નથી. તેથી પ્રાર્થના કરતી વેળાએ સમભાવ રાખી પ્રાર્થનામાં લીન થવું જોઈએ.

(પૂ. જયંત પ્રજ્ઞાજી જૈન સમણીશ્રી છે. રાજસ્થાનમાં જન્મેલા પૂ. જયંત પ્રજ્ઞાજી તેરાપંથના આચાર્ય મહાપ્રજ્ઞજીના શિષ્યા છે. તેમણે ૧૯૮૮માં દીક્ષા લીધી હતી.)

XXX

**જૈન ધર્મમાં ષડ આવશ્યક એટલે પરમતત્ત્વને જાણવાનો માર્ગ**

તા. ૧૭-૮-૨૦૦૯

**'ષડ આવશ્યક : આત્મ સાધનાનો માર્ગ'** વિશે વક્તવ્ય આપતા **સુરેશભાઈ ગાલાએ** જણાવ્યું હતું કે જૈન ધર્મમાં દરરોજ કરવાની છ ક્રિયા એટલે કે ષડઆવશ્યક એ પરમતત્ત્વને જાણવાનો માર્ગ છે. જૈન ધર્મના ષડઆવશ્યકમાં સામાયિક, લોગસ્સ, ગુરુવંદન, પ્રતિક્રમણ, કાઉસગ્ગ અને પચ્છકાણ એ છ ક્રિયા દરરોજ કરવાની હોય છે. હિન્દુ ધર્મમાં ત્રિકાળ સંધ્યા, અને બૌદ્ધ ધર્મમા વિપશ્યના છે. વિવિધ ધર્મોમાં પર્વ, ગ્રંથ, સાધના અને મંત્ર પ્રભુની આરાધના માટે હોય છે. આ ષડઆવશ્યક ક્રિયા કરવાથી આત્મા પર ચોંટેલા કસાયો દૂર થાય છે. આવશ્યકનો એક અર્થ આત્માને ગુણો વડે વાસીત કરવો એવો પણ થાય છે. તેના લીધે મન અને ઈન્દ્રિય ઉપર કાબૂ આવે છે. ભગવાન મહાવીરના લગભગ ૧૦૦ વર્ષ બાદ આ આવશ્યક સૂત્રોની રચના થઈ છે. ગુરુ પાસે ક્રિયા વિના આગમ શીખવા અયોગ્ય છે. કાઉસગ્ગ કરવાથી મન પરનો બોજ જાણે હળવો થયો હોય એવો ભાવ થાય છે. પ્રતિક્રમણ કરવાથી કસાયો ઘટ્યા છે? ચેતનાનો અનુભવ થયો છે? આનંદ, પ્રેમ અને કરુણા જન્મ્યા છે? એવા પ્રશ્નો આપણે પોતાની જાતને પૂછવા જોઈએ. વાસણને બહારથી ધોવાથી તે અંદરથી સાફ થતું નથી. તે પ્રકારે મનને પરમતત્ત્વ સાથે જોડ્યા વિના ક્રિયાનું પૂરતું ફળ મળતું નથી. ધર્મને અનેકાંતવાદથી સમજવો જોઈએ. કેશને લોચ કરવાથી અને શરીર પર ભસ્મ લગાડવાથી ચિત્તની શુદ્ધિ થતી નથી. જે સ્થાન વૃક્ષમાં મૂળનું અને શરીરમાં માથાનું છે તે સ્થાન ધર્મમાં ધ્યાનનું છે.

(ઉદ્યોગપતિ સુરેશ ગાલા માત્ર જૈન ધર્મના અભ્યાસુ નહીં પણ તેઓ અન્ય ધર્મોના ઊભ્યાસી સાધક શ્રાવક છે.)

XXX

**લોકોપયોગી ઉમદા જીવન પણ ઈશ્વરની માનસિક પૂજા છે : જ્ઞાનવત્સલ સ્વામી**

તા. ૧૭-૮-૨૦૦૯

**'પૂર્ણ પુરુષોત્તમ સ્વામીનારાયણ ભગવાન'** વિશે વક્તવ્ય આપતા બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થાના **સ્વામી જ્ઞાનવત્સલ-દાસજીએ** જણાવ્યું હતું કે ભગવાન સ્વામીનારાયણે સમાજ સમક્ષ ઉત્તમ ગૃહસ્થાશ્રમ અને સંતોનો આદર્શ સમાજ સમક્ષ મૂક્યો છે. સ્વામીનારાયણ સંપ્રદાયના સંતોએ ધર્મ–ગુરુ પ્રત્યે નિષ્ઠા, ધનને સ્પર્શી શકાય નહીં, ભોજનના સ્વાદમાં મોહ ન રાખવો, પૂર્વાશ્રમના સગાંવહાલાં સાથે વાતચીત કે દર્શનથી દૂર રહેવું, તેમજ બધાં સાથે વિવેકપૂર્વક–સરળતાથી વર્તવા જેવા નિયમોનું સખ્તાઈપૂર્વક પાલન કરવાનું હોય છે. ચલણી નોટો કે સિક્કાને હાથ લગાડીએ તો તે ધોવા પડે છે. આ નિયમો સાથે સમાજ ઉત્કર્ષનું કામ કરવાનું હોય છે. આ સંપ્રદાયમાં ભગવાનની મૂર્તિ, શાસ્ત્ર અને ઉપદેશ સંતના રૂપમાં છે એવું માનવામાં આવે છે. છઠ્ઠી એપ્રિલ, ૧૭૮૧ના દિવસે અયોધ્યા પાસે આવેલા છપૈયા ગામમાં જન્મેલા ભગવાન સ્વામીનારાયણે સંસારિક જવાબદારીઓની સાથે ઈશ્વર ભક્તિ કરે એવા દસ લાખ ગૃહસ્થો–હરિભક્તો તૈયાર કર્યા હતા. તેઓ શરાબ, ચોરી, અને વ્યભિચાર જેવા દુર્ગુણોથી દૂર

**પર્યુષણ વ્યાખ્યાનમાળા વેબ સાઈટ ઉપર**

તા. ૧૬–૮–૨૦૦૯ થી તા. ૨૩–૯–૨૦૦૯ સુધી યોજાયેલ ઉપરોક્ત વ્યાખ્યાનમાળાનું સંસ્થાની વેબસાઈટ website:www.mumbai_jainyuvaksangh.com. ઉપર નિયમિત પ્રસારણ થઈ રહ્યું છે. આ વિશે કાંઈ પણ માર્ગદર્શનની જરૂર પડે તે વેબસાઈટના માનદ્ સંપાદક શ્રી હિતેશભાઈ માયાનીનો મોબાઈલ નં. ૯૮૨૦૩૪૭૯૯૦ ઉપર સંપર્ક કરવા વિનંતિ.

**–મેનેજર**

રહીને પાણીમાં જે રીતે કમળ રહે એ રીતે સંસારમાં રહે છે. આ હરિભક્તોનું વર્તન વાતો કરે છે. અર્થાત્ લોકો સાથેનો ઉમદા વર્તાવ અને લોકોપયોગી જીવન સમાજમાં સુગંધ પ્રસરાવે છે. આપણે ઈશ્વરની મૂર્તિની પૂજા–ભક્તિ કરીએ છીએ. તે રીતે લોકોપયોગી ઉમદા જીવન પણ ઈશ્વરની માનસિક પૂજા છે. બાળપણમાં મિત્રો સાથે રમતી વેળા એ ઉપદેશ આપતા હતા. માત્ર ૧૧ વર્ષની વયે જ ગૃહત્યાગ કર્યો હતો. બાદમાં સાત વર્ષ સુધી ભારત ભ્રમણ કરીને સાધુ-સંતો સાથે ધર્મચર્ચા કરીને અનાદિતત્ત્વ કોણ? અને સંતનું ચરિત્ર–વર્તન કેવું હોવું જોઈએ? મુખ્યત્વે એ બે પ્રશ્નો પુછ્યા હતા. જૂનાગઢ આવીને રામાનંદ સ્વામી પાસે આવીને રહ્યા હતા અને ૧૯મા વર્ષે દીક્ષા લઈને સહજાનંદ સ્વામી નામ ધારણ કર્યું હતું. ભારતના ઈતિહાસમાં ૧૮મી સદી સહુથી અંધકારભર્યો સમય હતો તે સમયે ભારતીય સમાજમાં અંધશ્રદ્ધા અને વહેમ, તેમજ બાળકીને દૂધ પીતી કરવા જેવા કુરિવાજો હતા. તેની સામે ભગવાન સ્વામીનારાયણે આધ્યાત્મિક જ્ઞાન અને વિચારશુદ્ધિનો ઉપદેશ આપ્યો હતો. વ્યસનમુક્તિ હોય તો આંતરિક શુદ્ધિ શરૂ થાય છે. પ્રમુખ સ્વામીનું નામ નારાયણ સ્વરૂપ દાસ છે. તેમણે ૧૯૩૯માં દીક્ષા લીધા બાદ ૧૯૫૧માં પ્રમુખસ્વામી બન્યા હતા. તેમણે ૮૫૦ સંતોને દીક્ષા આપી છે. જેમાં ૧૦૦ જેટલા સંતોએ વિદેશમાં અભ્યાસ કર્યો છે.

(સ્વામી જ્ઞાનવત્સલજી બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામી નારાયણ સંપ્રદાયના સંત છે. ઈજનેરી શાસ્ત્રના સ્નાતકની ડીગ્રી મેળવ્યા પછી તેમણે દીક્ષા લીધી છે.)

X X X

**'જૈન ધર્મના મહત્ત્વના સિદ્ધાંતોનો સમાવેશ**
**કરતાં સમણં સુત્તંને ઘરે ઘરે પહોંચાડવું ઘટે'**

તા. ૨૨-૮-૨૦૦૯

**'આગમ સુત્તથી સમણં સુત્ત'** વિશે વ્યાખ્યાન આપતાં **હર્ષદ દોશીએ** જણાવ્યું હતું કે જૈન ધર્મના મહત્ત્વના સિદ્ધાંતોને આવરી લેતા ગ્રંથ સમણં સુત્તંને ઘરે ઘરે અને પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચાડવાની આપણે પ્રતિજ્ઞા લેવી જોઈએ. હિન્દુ ધર્મમાં ભગવદ્ ગીતા, ઈસ્લામમાં કુરાન અને ખ્રિસ્તીઓમાં બાઈબલ એવા પુસ્તકો છે. જૈન ધર્મમાં એવો એક પણ ગ્રંથ નથી. બૌદ્ધ ધર્મમાં છેલ્લાં ૫૦૦ વર્ષના સારરૂપ બ્રહ્મપદ નામક ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. તે બૌદ્ધ ધર્મના બધા ફિરકાને સ્વીકાર્ય છે. આપણે જૈનો ૨૬૦૦ વર્ષોમાં સર્વને સ્વીકાર્ય એક ગ્રંથ તૈયાર કરી શક્યા નથી. આ અંગે પાટનગર દિલ્હીમાં ૨૯મી નવેમ્બર, ૧૯૭૪ના દિવસે જૈન સાધુઓ એકઠા થયા હતા. તેઓએ નિયુક્ત કરેલી પાંચ આચાર્યોની સમિતિએ ૭૫૬ ગાથાઓનું સંકલન કર્યું હતું તે ભૂદાન આંદોલનના પ્રણેતા વિનોબા ભાવેને સુપરત થયું હતું. વિનોબા ભાવે સવાઈ જૈન હતા. તેમણે જૈન ધર્મના સિદ્ધાંત અનુસાર અન્નજળનો ત્યાગ કરીને સંથારો લીધો હતો. આ ૭૫૬ ગાથાઓ સમણં સુત્તં નામે ઓળખાઈ હતી. ૧૯૭૫થી અત્યાર સુધીના ૩૪ વર્ષના સમયગાળામાં તેનો પૂરતો પ્રચાર–પ્રસાર થયો નથી. ભવિષ્યમાં આ અંગે સુધારા-વધારા કરવા માટે વિદ્વાનો-સાધુભગવંતોની ખાસ સમિતિ રચવી જોઈએ. હિન્દુઓમાં પ્રથા–પરંપરા એ છે કે જે બ્રહ્મસૂત્ર વિશે મીમાંસા લખે તે શંકરાચાર્યના પદ ઉપર નિયુક્ત થઈ શકે. આ પ્રકારની પરંપરા આપણા જૈન ધર્મમાં પણ શરૂ થઈ શકે. સમણં સુત્તં સાથે ભગવાન મહાવીર જૈનના હૃદયમાં આવે છે. તેથી તેનો પ્રચાર થવો જોઈએ.

(કોલકાતાવાસી હર્ષદ દોશી જૈન ધર્મના અભ્યાસુ છે અને ઈજનેર છે. નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે શ્રી હર્ષદ દોશી તા. ૧૮ના આવી શક્યા નહતા, પણ તા. ૨૨ના આવી શક્યા હતા.)

X X X

**જૈન ધર્મ માત્ર ભક્તિ કેન્દ્રિત નથી પણ**
**નૈતિકતાભર્યો વ્યવહાર અગત્યનો છે**

તા. ૧૮-૮-૨૦૦૯

**'જૈનત્વ જીને કી અનુપમ કલા'** એ વિષય ઉપર વ્યાખ્યાન આપતા **ડૉ. નરેન્દ્ર જૈને** જણાવ્યું હતું કે જૈન ધર્મમાં સર્વાંગી અહિંસાનો અર્થ શાકાહાર પૂરતો સિમીત નથી. તેમાં આચાર, વિચાર અને વ્યવહારમાં સંયમ અને અપરિગ્રહ જેવી બાબતોનો પણ સમાવેશ થાય છે. આ ધર્મ માત્ર તેના અનુયાયીઓ માટે નહીં પણ આખી માનવજાતિ માટે છે. વ્યક્તિ અને સમાજ એમ બંને સ્તર પર જૈન ધર્મના સિદ્ધાંતો, ફિલસૂફી અને જીવવાની કળાનું યોગદાન છે. આ સિદ્ધાંતો વ્યક્તિને તૃષ્ણાથી ત્યાગ, ઘૃણાથી પ્રેમ અને અસહિષ્ણુતાથી સહિષ્ણુતા ભણી દોરી જાય છે. 'જીવો અને જીવવા દો' એ જૈનત્વનો મૂળભાવ છે. અન્ય જીવના જીવવાના અધિકારને માન્ય રાખવાનો સિદ્ધાંત માત્ર જૈન ધર્મમાં છે. તે જ તેની વિશિષ્ઠતા છે. કદાચ ૩૦ ઉપવાસ ન કરો તો પણ હૃદય અને વ્યવહાર શુદ્ધ રહે તો તે સારો જૈન છે. જૈન ધર્મમાં સામાજિક જવાબદારીનું પાલન કરવાનું પણ અદકેરું મહત્ત્વ છે. સમાજને તંદુરસ્ત રાખવા કે સુધારવા માટે નૈતિકતા લાવવા જૈન ધર્મ અનુસાર તમે શું કામ કર્યું? બીજા પાસે અપેક્ષા રાખો છો એવો વ્યવહાર તમે તેઓ પ્રત્યે રાખો છો? એવા પ્રશ્નો પોતાને પુછવા જોઈએ. બીજાના દુર્ગુણો જોતાં પહેલાં પોતાની નબળાઈઓ પર ધ્યાન આપવું જોઈએ. જૈન ધર્મની અહિંસા બીજાથી દબાઈ જતી નથી પણ તેનામાં હિંમત–સાહસની શક્તિ છે. મહાત્મા ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લેનારા અમેરિકન ફિલસૂફ માર્ટીન લ્યુથર કિંગ કહેતા હતા કે આપણે હિંસા અને અહિંસા વચ્ચેથી વિકલ્પો પસંદ કરવાના નથી. આપણી સમક્ષ અહિંસા અથવા અસ્તિત્વ મીટાવી દેવું એ બે વિકલ્પો જ છે. જૈન ધર્મમાં કરુણાભાવ મહત્ત્વનો છે. નદી, ગાય અને વૃક્ષ પાસેથી આપણે કરુણા કે પરોપકારનો બોધ લેવો જોઈએ, જેઓ કશું લીધા

વિના સમાજને માત્ર આપે છે. બીજાને તકલીફ આપ્યા પછી વ્રત કે ઉપવાસ કરીને પાપ ધોઈ શકાય નહીં. દૈવી શક્તિ, ચમત્કાર અથવા અંધ વિશ્વાસને જૈન ધર્મમાં સ્થાન નથી. આ ધર્મ માત્ર ભક્તિ કેન્દ્રિત નથી પણ નૈતિકતાભર્યો વ્યવહાર અગત્યનો છે.

(ડૉ. નરેન્દ્ર જૈન ભારત સરકારના વિદેશ સચિવ રહી ચૂક્યા છે. તેઓ યુરોપીય સમુદાય, સંયુક્ત રાષ્ટ્ર સંઘ અને નેપાળમાં પણ ભારતના રાજદૂત રહી ચૂક્યા છે.)

XXX

## સામ્યવાદી ચીનમાં ગુરુ કોન્ફ્યુશીયસના ઉપદેશ અને બૌદ્ધ ધર્મની પરિષદની પરવાનગી

તા. ૧૯-૮-૨૦૦૯

**'ધર્મ અને અર્થ'** એ વિશે વ્યાખ્યાન આપતાં ડૉ. **સુબ્રહ્મણ્યમ સ્વામી**એ જણાવ્યું હતું કે અમેરિકામાં એક્ઝીક્યુટીવોને માનસિક તાણથી બચવા ગીતાના શ્લોક શીખવવામાં આવે છે. સામ્યવાદી ચીનમાં પ્રાદેશિક અસમાનતા ને ઈર્ષ્યાને કારણે થતાં તોફાનોને નિવારવા ગુરુ કોન્ફ્યુશિયસના ઉપદેશોની છૂટ અપાય છે. ત્યાં આગામી થોડા સપ્તાહમાં વર્લ્ડ બુદ્ધિસ્ટ કોન્ફરન્સ યોજાવાની છે તેમાં ભગવાન બુદ્ધના સંદેશનો પ્રચાર થશે. ચીનના સત્તાધીશો માને છે કે ધર્મ અને આધ્યાત્મિકતાને કારણે ત્યાં શાંતિ સ્થપાશે. આપણા ઋષિમુનિઓએ પૂર્વજન્મના કર્મના ફળ તરીકે જીવનમાં સુખદુઃખ આવે છે, એવું સમજાવ્યું હતું તેથી આપણે ત્યાં આર્થિક અસમાનતા છતાં અશાંતિ ઓછી કે નહીવત્ છે. અમેરિકામાં કોર્પોરેટ ક્ષેત્રના એક્ઝીક્યુટીવોને માનસિક તાણથી બચાવવા માટે શ્રીમદ્ ભગવદ્ ગીતાના શ્લોકો શીખવવામાં આવે છે. તેમાં પ્રભુ શ્રીકૃષ્ણે અર્જુનને ઉપદેશ આપ્યો છે કે તારો અધિકાર કર્મ કરવાનો છે. ફળ આપવાનું અને તે ક્યારે આપવું તે ઈશ્વરના હાથમાં છે તેથી તેની ચિંતા કરવી નહીં. પરિણામની ચિંતા ન હોય તો હતાશા આવતી નથી. તેના કારણે હતાશા કે તાણને કારણે સર્જાતી માનસિક-શારીરિક બિમારીથી ઉગરી જવાય છે. આધ્યાત્મિકતા અને ભૌતિક સુખો એકમેકના પૂરક છે કે વિરોધાભાસી તે વિશે વિચાર કરવો જોઈએ ને બંને વચ્ચે યોગ્ય સમન્વય સાધવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

(ડૉ. સુબ્રમણ્યમ સ્વામી પ્રખર અર્થશાસ્ત્રી, ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન અને જનતા પાર્ટીના પ્રમુખ છે.)

XXX

## વેદાંતના તત્ત્વજ્ઞાનમાં જીવન અને ધર્મને સફળ બનાવવાની વાતો છે

તા. ૧૯-૮-૨૦૦૯

**'વેદાંતનું તત્ત્વજ્ઞાન'** એ વિશે વ્યાખ્યાન આપતા ડૉ. **નરેશ વેદ**એ જણાવ્યું હતું કે વેદાંત એક દૃષ્ટિ છે તે વેદોના અંતે આવતું હોવાથી તેને વેદાંત કહે છે. અંતનો બીજો અર્થ દૃષ્ટિ, સમજ, બાજુ અથવા પાસુ એવો થાય છે. તેમાં સત્યને સમજવાનો પ્રયત્ન થયો છે. જોકે તેમાં લોકોને ખાસ રસ પડ્યો નહોતો. ઉત્તર મીમાંસા અને પૂર્વ મીમાંસામાં તેની વાત આવે છે. જીવન-ધર્મને સાર્થક બનાવવા માટે કરવાના કર્મોની વાત અને વિગતો તેમાં છે. ઈસ્વીસન પૂર્વે આઠમી સદીમાં શંકરાચાર્યએ એ ભાષ્ય લખ્યું. ત્યાર પછી બાદરાયણ વ્યાસ નામના ઋષિએ તે સૂત્રાત્મક રીતે રજૂ કર્યું હતું. ત્યારપછી રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્યએ ભાષ્ય રચ્યા હતા. મનુષ્યરૂપે પૃથ્વી ઉપર અવતર્યા પછી પરમ પ્રસન્નતાથી જીવવું અને સફળ કેમ થવું તેમજ જાત, જગત, જીવન અને જગન્નાથ વિશે વિચારણા કરવામાં આવી છે. વેદાંત દર્શનમાં ઈશ્વર કોણ છે તે સમજવાનો પ્રયત્ન થયો છે. આપણાં નવ તત્ત્વદર્શન છે. જેમાં ભારતમાં ઉદ્ભવેલા ધર્મો જૈન, બૌદ્ધ અને હિન્દુ ધર્મ દર્શનનો સમાવેશ થાય છે. બૌદ્ધ ધર્મના દર્શનના ચાર ભાગ છે. હિન્દુ ધર્મના દર્શનને ષટદર્શન કહેવાય છે. તેમાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશિષીક, ઉત્તરમીમાંસા અને પૂર્વમીમાંસાનો સમાવેશ થાય છે. તેમાં આપણાં દેહને આનંદની ઝંખના અને પીડા ભોગવવી પડે છે તેમાંથી મુક્ત થવા અંગે તાર્કિક અને સૂક્ષ્મ વિવેચન કરવામાં આવ્યું છે. જેમાં ચિંતનની મૌલિકતા અને મનોવિજ્ઞાન છે. આ દર્શનના ત્રણ ભાગ તત્ત્વ મિમાંસા, જ્ઞાન મિમાંસા અને આચાર મિમાંસા છે. તેમાં વર્તન અને આચરણ કેવી રીતે કરવું તેની વિગતો છે. વૈશ્વિક દર્શનમાં પુરુષ અને પ્રકૃતિ તેમજ આત્મા અને અનાત્માના ધર્મોને નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે ન્યાય દર્શનમાં તર્કશુદ્ધિ માટેના પ્રમાણની વિગતો છે.

(ડૉ. નરેશ વેદ વલ્લભવિદ્યાનગરમાં ગુજરાતી ભાષાના પ્રાધ્યાપક છે અને ગુજરાત તેમજ ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ છે.)

**(પર્યુષણ વ્યાખ્યાનમાળામાં થયેલા અન્ય વ્યાખ્યાનો હવે પછી)**

## ડૉ. રમણલાલ ચી. શાહના નવ પ્રકાશિત ગુજરાતી પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રકાશિત ડૉ. રમણલાલ ચી. શાહના નીચેની વિગત મુજબના બે પુસ્તકો ઑગસ્ટ ૨૦૦૯માં પ્રગટ થયા છે.

**(૧) શાશ્વત નવકાર-પૃષ્ટ-૨૬૨ મૂલ્ય રૂા. ૧૫૦/-**

આ પુસ્તકમાં જૈનોના મહાપ્રભાવશાળી નવકાર મંત્રની દશ પ્રકરણોમાં વિગતે ચર્ચા-વિશ્લેષણ છે.

**(૨) નમો તિત્થસ્સ-પૃષ્ટ-૧૦૨, મૂલ્ય રૂા. ૧૪૦/-**

આ પુસ્તકોમાં જૈન તીર્થ સ્થાનોમાં તીર્થ દર્શને ગયેલને થયેલ અનુભૂતિની અભિવ્યક્તિ તેમજ તીર્થ વિગતો છે.

ઉપરના બેઉ પુસ્તકો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ખેતવાડીના વર્તમાન કાર્યાલયમાંથી પ્રાપ્ત થશે. પુસ્તક ખરીદનારને ૨૦% ડીસ્કાઉન્ટ મળશે. તેમજ બે પુસ્તકોના પાંચથી વધુ સેટ ખરીદનારને ૪૦% ડીસ્કાઉન્ટ અપાશે.

**-મેનેજર**

# સિદ્ધિનો મંત્રઃ સાતત્યપૂર્વકની સાધના

❑ પૂ. આચાર્ય પ્રવર શ્રીમદ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

દિલ્હી દૂર છે, એવી એક કહેવત છે, અને મન હોય તો માળવે પહોંચાય, એવી પણ એક કહેવત પ્રચલિત છે. દૂર દૂર જણાતી મંઝિલ મેળવવા મથવાનું હોય, ત્યારે આવા મિલનની વિકટતા-દુષ્કરતા વ્યક્ત કરવા 'દિલ્હી દૂર છે' એમ કહેવાતું હોય છે. અને આવું જ મોંઘું મિલન જ્યારે શક્ય બની જતું હોય છે, ત્યારે એમ કહેવાય છે કે–મન હોય માળવે પહોંચાય. એથી એવા એક પ્રશ્નને અવકાશ રહે છે કે, દૂર રહેલ દિલ્હીનાં મિલનની સિદ્ધિને સફળતા આપનારું તત્ત્વ કયું? શું હરણના વેગે દોડવાથી જ દિલ્હીના દરવાજે પહોંચી શકાય? અથવા પગમાં વિમાનનો વેગ હોય, તો જ શું દૂર રહેલું દિલ્હી નજીક આવી શકે?

આ સવાલના જવાબમાં આપણે કદાચ એમ કહી દઈશું કે, દિલ્હીની દૂરતા દૂર કરવી હોય, તો હરણફાળ ભરવી જરૂરી ગણાય. વિમાનનો વેગ હાંસલ થાય, તો જ દિલ્હીનાં દ્વારે ટકોરા મારી શકાય. પરંતુ આપણા સૌના આવા જવાબને જાકારો આપીને એક સંસ્કૃત સુભાષિત કોઈ નવો જ જવાબ રજૂ કરતાં કહે છે કે, દિલ્હીને સર કરવું હોય, તો પગલા પગલાનો પ્રવાસ પણ સિદ્ધિદાયક બની શકે, જો સાતત્ય સાચવવાપૂર્વક પગલે પગલું ઉઠાવતા રહીએ, તો દૂર રહેલા દિલ્હીને નજીક આવવું જ પડે. માટે બીજા બધાં કારણો કરતાં દિલ્હીને નજીક લાવવા માટેનું પ્રમુખ કારણ સાતત્યની સાધના છે.

સાતત્યપૂર્વકની સાધના એટલે શું? અવિરામ એટલે અટક્યા વિના પુરુષાર્થ ચાલુ રાખવો, એ સાતત્યની સાધનાનું સ્વરૂપ છે. જૂના પાઠ્યપુસ્તકોમાં કાચબા અને સસલાની એક કથા આવતી. દૂરના કોઈ ગામે પ્રથમ પહોંચવા માટેની હરીફાઈ બંને વચ્ચે મંડાઈ. પ્રથમ સ્પર્ધક સસલો હતો, બીજો હતો કાચબો! સસલો પોતાના વિજય માટે એકદમ નિઃશંક હતો, જ્યારે કાચબો વિજય માટે પુરુષાર્થશીલ હતો. એથી એણે સતત સફર ચાલુ રાખી, જ્યારે વિજયી બનવાના અંધવિશ્વાસનો ભોગ બનેલો સસલો આરામ કરતા કરતા આગળ વધવાના મનસૂબા ઘડતો જ રહ્યો. આના વિપાકરૂપે સસલાના કપાળે હારનું કાળું ટીલું અંકિત થયું, જ્યારે સતત સફરની ફલશ્રુતિરૂપે કાચબાના કપાળે યશસ્વી–વિજયનું સુવર્ણતિલક ઝળકી ઉઠ્યું.

સતત સાધનાના પ્રભાવે અશક્ત પણ શક્તિમાન નીવડતો હોય છે. સાધના આગળ વધતી જાય, એમ સાધકમાં શક્તિની માત્રા પણ ઉમેરાતી જાય છે. એટલું જ નહિ, જે કાર્ય કરવાની થોડીક જ કાબેલિયત હોય, એમાં પણ સાતત્ય જાળવી જાણવાથી વૃદ્ધિ થતી જાય છે. આરંભ વખતે ઢબુનો ઢ ગણાતો મૂર્ખ પણ સતત જ્ઞાનસાધના જાળવી જાણવાના પ્રભાવે ઢબુનો ઢ મટીને જ્ઞાનીના 'જ્ઞ'માં સ્થાન–માન પામી શકવામાં સફળ સિદ્ધ થતો હોય છે.

કરોળિયો જ્યારે જાળ ગૂંથતો હોય છે, ત્યારની એની વૃત્તિ-પ્રવૃત્તિ પર નજર સ્થિર કરવાથી સાધનામાં સાતત્ય કઈ રીતે લાવવું? એનો બોધપાઠ મળી શકે છે. જાળ ગુંથતાં ગુંથતાં કરોળિયો કેટલીયવાર નીચે પટકાતો હોય છે. અરે! ઘણીવાર તો છેક ઉપર સુધી પહોંચી જઈને એ પાછો સાવ નીચે એવી રીતે પટકાઈ પડતો હોય છે કે, આપણને એમ જ થઈ જાય કે, હવે આ કરોળિયો પુનઃ પ્રયત્ન નહિ જ કરે! એની પછડાટ જોતા એમ લાગ્યા વિના ન જ રહે કે, હવે આ ઉપર ચડવાનો વિચાર સ્વપ્નેય નહિ જ કરે. પણ આપણી કલ્પાનાને કચડી નાંખીને એ કરોળિયો પાછો ઉપર ચડવાની મથામણ પુનઃ પ્રારંભી દેતો હોય છે અને પુનઃ પુનઃ પ્રારંભના પ્રભાવે જ એ વિજયી નીવડતો હોય છે. આ વિજયને સાતત્યનો જ વિજય ગણવો જોઈએ. મકોડો પણ આ જ રીતે ઉર્ધ્વારોહણમાં સફળતા હાંસલ કરતો હોય છે.

બે હાથ હવામાં અદ્ધર રાખીને ઝડપભેર સાયકલ ચલાવનારા સાહસવીરે જ્યારે સાયકલ ચલાવવાની તાલીમ લેવાની શરૂઆત કરી હોય છે, ત્યારે એણે કેવી કેવી પછડાટો ખાધી હોય છે, ક્યારેકતો એના હાડકાં પણ કેવા ખોખરા થઇ ગયા હોય છે અને એ કેવો લોહીલુહાણ બન્યો હોય છે. આ બધું વિચારીએ, તો એના માટે ઝડપભેર સાયકલ ચલાવવાની સિદ્ધિ મળવી સ્વપ્નેય સંભવિત ન જણાય. પરંતુ અથડાતા-કુટાતા એણે સતત સાયકલ ચલાવવાની તાલીમ લેવાની ચાલુ રાખી હોય છે, એની ફલશ્રુતિ રૂપે સ્વપ્નેય અસંભવિત ગણાતી 'સાયકલ-સફળની સિદ્ધિ' એના કંઠે સ્વયંવરા બનીને સામેથી આરોપિત થઈ હોય છે.

ભૌતિક ક્ષેત્રે તો આપણાં 'આદર્યા' લગભગ 'અધૂરાં' રહેતા હોતા નથી, કેમ કે આપણે 'સતત સાધના'નું સૂત્ર સાર્થક કરતા હોઈએ છીએ, પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રે આપણા ઘણાખરાં 'આદર્યા' અધૂરા જ રહી જતા હોય, તો નવાઈ નહિ. કારણ કે આપણે 'સતત સાધના' ચાલુ રાખી શકવામાં સફળ બની શકતા નથી. કક્કો ઘૂંટનારો બાળક અંતે બારાખડીનો બેતાજ બાદશાહ બનવામાં સફળ બની જતો હોય, આ આપણા સૌના અનુભવની વાત હોય, તો પછી આધ્યાત્મિક ક્ષેત્રે કઠિનાતિકઠિન ગણાતી સિદ્ધિ મેળવવા આપણે પણ સાતત્યપૂર્વકની 'સાધના'નું સૂત્ર અપનાવી લઈએ, તો લગભગ કોઈપણ 'સિદ્ધિ'નું સંપાદન આપણા માટે અશક્ય / અસંભવિત ન જ ગણાય.

ટીપે ટીપે સરોવર ભરાય, કાંકરે કાંકરે પાળ બંધાય, ચાર ચાર ગાઉ ચાલતા લાંબો પંથ કપાય. આ દુહામાં પણ 'સાતત્ય'પૂર્વકની સાધનાની સ્તુતિ કરવામાં આવી છે. 'લખતાં લખતાં લહિયો થાય' આ કહેવતમાં પણ સાધનાના સાતત્યનો મહિમા ધ્વનિત થઈ રહ્યો છે.

હરકોઈ ક્ષેત્રે જળવાતું સાતત્ય કેટલીબધી ગજબનાક સિદ્ધિનું

સંપાદક બની શકતું હોય છે, એ જોવા/વિચારવા જેવું છે. આઈગ્લાસને ઊંચે ને ઊંચે લઈ જવાથી પડતાં પ્રકાશ–કિરણ આમ તો સાવ સામાન્ય જણાય છે. પણ એ કિરણોનું સાતત્ય જાળવી જાણવામાં આવે, તો દાઝી જવાય એવી ભયાનક આગ પેદા કરી શકતી હોય છે. તૃણની આમ તો કોઈ શક્તિ ગણાતી નથી, પણ એ તૃણ સાતત્ય જાળવી જાણીને દોરડામાં પલટાઈ જતા એવું શક્તિશાળી રાંઢવું બની શકતું હોય છે કે, એના દ્વારા હાથી જેવા હાથીને પણ બાંધી શકાય. કાચો ધાગો વળ ચડતા પેરેશૂટમાં પલટાઈ જઈને એવા દોરામાં ફેરવાઈ જતો હોય છે કે, એને તોડવા જતા લોહીલુહાણ બનીને આંગળી કપાઈ જાય. આ બધો સાતત્યનો જ પ્રભાવ–સ્વભાવ નથી શું ?

કાર્યસિદ્ધિ બળ દ્વારા થઈ શકે, એમ વળ એટલે સાતત્ય દ્વારા પણ થઈ શકે. બળ બધાંને માટે સાધ્ય ન બની શકે, જ્યારે વળ–સાતત્યની સિદ્ધિ તો લગભગ હરકોઈને માટે સાધ્ય બની શકે. સસલાનો કે હરણનો વેગ અપનાવીને જો દિલ્હીના દ્વારે ટકોરા મારવામાં તો વિરલા જ સફળ થાય, જ્યારે કાચબા જેવું સાતત્ય સિદ્ધ કરીને દિલ્હીને સર કરવામાં તો સામાન્ય માણસને પણ સફળતા મળી શકે. આટલું સનાતન સત્ય જો આધ્યાત્મિકના માર્ગે સફર ખેડનારને સમજાઈ જાય, તો માંડ માંડ એક ગાથા ગોખી શકનારો પણ સાતત્ય જાળવીને હજારો ગાથાઓ મુખપાઠ કરી શકે, પોરસી-સાઠપોરસીનું પચ્ચકખાણ માંડ માંડ કરનારો સહેલાઈથી માસક્ષમણની ભીષ્મ તપશ્ચર્યા કરી શકે. બાર વ્રતને માંડ માંડ પાળી શકતો અંતે પંચ-મહાવ્રતોનો અણિશુદ્ધ પાલક બની શકે.

સાતત્ય અને પુરુષાર્થઃ આ બંનેનું મહત્ત્વ સમજાઈ જાય, તો જીવનનાં ઘણાં ઘણાં ક્ષેત્રે યશસ્વી–તેજસ્વી સફળતા પ્રાપ્ત કરતાં આપણને કોઈ રોકી શકે નહિ. ભૌતિક ક્ષેત્રના વૈજ્ઞાનિક–વિકાસનો પાયો જેમ સાતત્ય અને પુરુષાર્થ જ છે, એમ આધ્યાત્મિક ક્ષેત્રે સાધી શકનારા, આંખને આંજી નાંખનારા વિકાસનો પાયો પણ પુરુષાર્થ અને સાતત્ય જ છે, આટલો મૂળભૂત મુદ્દો આપણે સમજ્યા નથી, માટે જ ધાર્મિકક્ષેત્રે આપણે આરંભે શૂરા અને આગે બઢવામાં અધૂરા સાબિત થતા રહ્યા છીએ. આના બદલે આરંભે શૂરા ઉપરાંત આગે બઢવામાં અધૂરા નહિ, પણ પૂરેપૂરા સાબિત થવું હોય, તો પ્રસ્તુત સુભાષિત સિદ્ધિનું જે સૂત્ર આપણને સમજાવે છે, એને કાળજે કોતરી રાખવું જોઈએ. અને સાધનાના ક્ષેત્રે જેમ જેમ પગલું આગળ વધતું જાય, એમ એમ પુરુષાર્થ અને સાતત્યની યાત્રા–માત્રા પણ વૃદ્ધિગત બનતી જાય, એ માટે સતત સજાગ અને સાબદા રહેવા કટિબદ્ધ બનવું જ પડશે. તો સામાન્ય નજરે અસંભવિત અને અશક્ય જેવી જણાતી કેટલીય સિદ્ધિઓનું સંપાદન આપણા માટે સાવ સહજ બની ગયા વિના નહિ જ રહે. ✶✶✶

# આ ધાર્મિકતા!

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

અમારા ગામના ઉમેદ પટેલની ગણતરી 'મોટા માણસ'માં થાય. મોટા એટલે પ્રતિષ્ઠિત. જ્ઞાતિ પંચમાંય એમની બોલબાલા. ગામના રામજી મંદિરમાં કે હનુમાનજીના મંદિરમાં કોઈ ઉત્સવ હોય તો ઉમેદ પટેલની હાજરી અનિવાર્ય ગણાય અને કેન્દ્ર સ્થાને પણ એ જ હોય. અધ્યક્ષસ્થાનની તો એમની જ મોનોપોલી–અને નીતિ, ધર્મ, પાપપુણ્ય ઉપર જયારે ભાષણ આપે ત્યારે આપણને લાગે કે અહોહો! ધાર્મિકતા તો ઉમેદ પટેલમાં જ મૂર્તિમાન થઈ છે!

પણ વ્યવહાર જીવનમાં એ ધાર્મિકતાને નામે અલ્લાયો! ઉમેદ પટેલ લેવડ–દેવડમાં બે પાંચ શેરીઓ રાખે. કોઈ ને કોઈ કંઈ આપવાનું હોય તો સાડા ચાર શેરની પાંચ શેરી અને કોઈની પાસેથી કંઈ લેવાનું હોય તો સાડા પાંચ શેરની પાંચ શેરી! વ્યવહાર જીવનની આ વાત ઉમેદ પટેલનો 'આતમો' ને બીજો પરમાત્મો જ જાણે!

અમારા ગામના ચકુ શેઠની ગણના જૈનોના શ્રેષ્ઠીમાં ગણાય. મહાવીર પ્રભુના ચુસ્ત અનુયાયી ગણાય. બાહ્યાચારમાં કોઈ વાતે કશીય ન્યૂનતા કે ઉણપ ન વરતાય. વ્યવસાય જીનરીનો. ગામની બહાર, મોટા કમ્પાઉન્ડમાં સેંકડો મણ રૂના ઢગલે ઢગલા દેખાય. આ બધાનો તગડો વીમો ઉતરાવેલો. રૂ–બજારમાં વધઘટ તો થયા જ કરે. જ્યારે તેજી હોય ત્યારે ચકુ શેઠ પૂરા જૈન પણ જ્યારે રૂ બજારમાં કડાકો આવે તો એ જ ચકુ શેઠ કો'ક વિશ્વાસુ કર્મચારી દ્વારા જીનના રૂના ઢગલાઓમાં દેવતા મૂકવો ને પોક મૂકીને રડે ને તગડા વીમાની તગડી રકમ અંકે કરી લે! ચકુ શેઠ એટલે ચકુ શેઠ! એમની માયાવી ધાર્મિકતાને બ્રહ્મા પણ ન જાણે!

અમારા ગામના પ્રાણશંકર પંડ્યા પાકા વૈષ્ણવ. ટીલાંટપકાં કરવામાં ને માળા–મણકા ફેરવવામાં ખૂબ પાવરધા. મંદિરે જાય તો થેલીમાં આટો-ખાંડ લઈને જાય. રસ્તામાં જેટલાં કીડી-મંકોડીનાં નગરાં આવે તે પૂરે ને 'જેશ્રીકૃષ્ણ, જેશ્રીકૃષ્ણ' બોલતા જાય. ને 'હરિજન નથી થયો તું રે! શીદને ગુમાનમાં ઘૂમે' એ દયારામનું પદ જોરથી ગાતા જાય. પ્રાણશંકર પંડ્યા એટલે ધર્માત્મા! પણ આ પ્રાણશંકર પંડ્યાએ ધીરધારના ધંધામાં, અનેક અભણ ગરજાળ લોકોનાં ઓટકોટ કરીને ઘર–જમીન–ઝાડવાં અંકે કરી લીધેલાં. હિસાબી ચોપડામાં પણ એકાદ મીંડું ચઢાવી દઈ ત્રીસના ત્રણસો કરી દીધેલા. એમની વ્યાજની ગતિને તો ઘોડા પણ ન પહોંચે! અને છતાંયે એમની ધાર્મિકતા 'હોર્સ–પાવર'થી ય વિશેષ!'

અમારા શહેરની ચંપા બહેનની ધાર્મિકતાનો જોટો ન જડે આ

જગતમાં! એકવાર રેસ કોર્સ બાજુ ફરીને હું આવતો હતો ત્યારે ચંપાબહેન એમના બંગલાની આગળ–રસ્તા પર, તગારામાં કશાકનો અગ્નિ સંસ્કાર કરી રહ્યાં હતાં. હાથમાં દંડો લઈને તગારામાંથી વસ્તુઓને ઉપર તળે કરી રહ્યાં હતાં. પાસે આવીને મેં પૂછ્યુંઃ 'ચંપાબહેન! આ શેનો યજ્ઞ?' તો કહે 'ભાઈજી! ઠાકરજીને ઢગલાબંધ ફુલ ચઢાવેલાં...વાસી થયાં...મનમાં થયું...બહાર ફેંકી દઉં તો કેવાય લોકોને પગે કચડાય ને આપણને એનું પાપ લાગે...એટલે બે-ત્રમ દિવસ તાપમાં ફુલોને સૂકવ્યાં ને હવે પવિત્ર કરવા પાવકને અંકે પધરાવ્યાં. મેં કહ્યુંઃ 'વાહ! ચંપાબહેન! શી તમારી સૂક્ષ્મ સમજણ છે, ધન્યવાદ.' મેં મારા એક મિત્રને ચંપાબહેનની આ સૂક્ષ્મ ધાર્મિકતાની વાત કરી તો કહેઃ અનામીજી! હજી તમને ચંપાના 'ત્રિગુણની કશી જ ગતાગમ નથી! આ જ ચંપાબહેન એક હાઈસ્કૂલમાં નોકરી કરે. ચાલીસ રૂપિયાના ભાડાના મકાનમાં રહે. એ મોટા મકાનમાં બીજા પણ પાંચેક ભાડૂતો–મકાન માલિકને એમના મકાનની અનિવાર્યતા જણાઈ–બીજા ભાડૂતોએ આછું–પાતળું સમાધાન કરી મકાનનો કબજો આપી દીધો પણ આ ત્રિ–ગુણી' ચંપા મહેતાએ મકાન માલિક પાસેથી ઘર ખાલી કરવાના આઠ લાખ રૂપિયા ઓકાવ્યા! ને પેલા મકાન માલિકને પણ એમના યજ્ઞમાં હોમી દીધો! આવી છે એમની 'યાજ્ઞિક–ધાર્મિકતા!'

એકવાર મારે ઘરે, સંધ્યાકાળે, મુંબઈના ત્રણ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ આવ્યા. એમની કંપનીઓના નામથી હું પરિચિત. આવીને મને પૂછેઃ તમે સાહિત્યકાર છો તો 'પેલા' સાહિત્યકાર–નામીચા સાહિત્યકારને તો જાણતા જ હશો. એમ કહી એ ભાઇનું નામ દીધું. મેં કહ્યુંઃ 'એમને તો આખા ગુજરાતમાં કોણ ન જાણે? પણ આ બધું કહીને તમારે એમનું કામ શું છે? તે કહેઃ તમારે એમની સાથે કેવોક સંબંધ છે? મેં કહ્યુંઃ 'તાલી–મિત્રનો.' એ પછી ત્રણમાંના એક ભાઈ બોલ્યાઃ જુઓ પ્રોફેસર સાહેબ! તમારા એ 'તાલી–મિત્ર' અમારી ગુરુપત્નીને ફોસલાવી–ભરમાવી ભગાડી ગયા છે. અમારા ગુરુપત્નીને એની ચુંગાલમાંથી છોડાવવા માટે અમારે તમારી મદદની જરૂર છે.' મેં એમને પૂછ્યુંઃ 'હાલ એ ક્યાં છે એની તમને જાણ છે? તો એમણે હવા ખાવાના એક પ્રખ્યાત સ્થળનું નામ દીધું. મેં એમને આખરી ફેંસલો જણાવી દીધો. 'ભાઈઓ! તમો છાનામાના મુંબઈભેગા થઈ જાવ, આ પાણીએ મગ ચઢે તેમ નથી...કારણ કે જે હવા ખાવાના સ્થળનો ને જે સાહિત્યકારના નામનો આપે ઉલ્લેખ કર્યો ત્યાં કેવળ તમારાં ગુરુપત્ની જ નથી પણ ધાર્મિક અંચળો ઓઢેલી એક વિદૂષી સંન્યાસીની પણ છે જે તમારી ગુરુપત્નીની જેમ એમના માયાવી ચકાવામાં ફસાયેલાં છે. ધર્મ અને અધ્યાત્મની બડી બડી બાતો કરી એ નટખટે અનેક નારીઓને ફસાવી બરબાદ કરી છે...એની ભૂરકીમાં ભૂલી પડેલી એક ભામિનીએ તો અગ્નિનો આશ્રય લીધો છેઃ તો આ છે કામુક ધાર્મિકતા!

'ઑગષ્ટ' એટલે પવિત્ર અને એ માસમાં આવતો શ્રાવણ માસ પણ પવિત્ર. ધર્મ પવિત્ર, સંસ્કૃતગિરા પણ પવિત્ર...તો આવા પવિત્ર માહોલમાં એક યુનિવર્સિટીની એક ફેકલ્ટી...જ્યાં સંસ્કૃત ધ્વારા ધર્મનું શિક્ષણ અપાવવામાં આવે છે ત્યાં–એક પ્રોફેસર સાહેબે પચાસ હજાર રૂપિયાની લાંચ લીધી એવા ડુંગર–મોટા અક્ષરોમાં વર્તમાન પત્રોમાં સમાચાર છે. અને આવડી મોટી રકમ આપનાર શિષ્યો કોણ છે? તો આશ્ચર્યની વાત તો એ છે કે એ બે શિષ્યો મારા–તમારા જેવા કોઈ સંસારી નથી પણ અમુક સંપ્રદાયના-જે સંપ્રદાયે ગુજરાતમાં ઊંડાં મૂળ નાંખ્યાં છે, તેના બે સાધુઓ–ભગવાં વસ્ત્રધારી છે. લાંચ લેનાર ને દેનાર બંનેય દોષિત છે. પ્રોફેસરને યુનિવર્સિટી તરફથી તગડો પગાર મળે છે ને ટ્યૂશન કરવાની પરવાનગી નથી તો ય અર્ધો લાખ અંકે કર્યા! પેલા 'સાધુ–શિષ્યો'ને ઉત્તીર્ણ થવાની કે સારી શ્રેણીમાં ઉત્તીર્ણ થવાનો લોભ–સ્વાર્થ એટલે ગુરુશિષ્યની આ ઠેલંઠેલી. ડોકે પચાસ મણનો પાણ–પહાડ...કોણ તરે કે તારે? આગને બૂઝાવનાર પાણીમાં જ જ્યાં આગ લાગે ત્યાં? એક ડાળ પર ઉલ્લૂ હોય તો સમજ્યા જાણે...આ તો ઉદ્યાન–વૃક્ષની પ્રત્યેક ડાળે ઉલ્લૂઓના અડ્ડા છે! આને કંઈ ધાર્મિકતા કહીશું? કૃતક કે અધાર્મિક ધાર્મિકતા?

આ તો મારા સ્વાનુભવના કેટલાક નમૂના રજૂ કર્યા, બાકી જીવન ને જગતમાં અનેક ક્ષેત્રોમાં આથીય ભયંકર નમૂના હાથ લાગે તો નવાઈ નહીં. આ તો પાશેરામાં પહેલી પૂણી છે.'

આપણે બધા ધર્મના શાલિગ્રામથી સ્વાર્થની ચટણી વાટી ખાનાર છીએ. ચર્ચામાં ધર્મનો વિતંડાવાદ કરવામાં પૂરા, વ્યવહારમાં ધર્માનુસાર જીવન જીવવામાં સાવ અધૂરા. આપણને સારા દેખાવાનું, કહેવડાવવાનું ગમે, સારા થવાનું અબોખે પડે! દિન–પ્રતિદિન મૂલ્યોનો હ્રાસ કરનાર આ અભાગીયા દેશમાં કોઈ કોઈને ટોકનાર, પડકારનાર રહ્યા નથી. પોલિસ, કોર્ટ ને જેલમાં બધું જ આવી ગયું! સંસદને કોર્ટ લલકારે, કોર્ટને સંસદ પડકારે. આવા લલકાર–પડકારના માહોલમાં કોણ ઉદ્ધરે, કોણ ઉદ્ધારે? ધર્મ સમાજ અને રાજકારણમાં પેંધી પડેલા પીઢુઓને કારણે પ્રજા–જીવન પર થતો અત્યાચાર લાચાર રીતે આપણે જોઈ રહ્યા છીએ. સહન કરીએ છીએ. આજે જન્માષ્ટમીને પવિત્ર દિવસે, સહસ્ત્ર–ફેણા ફૂંકવે જ્યમ ગગન ગાજે હાથિઓ'-એવા સમાજને અનેક ક્ષેત્રોમાં અડ્ડો જમાવીને બેઠેલાં કાલીયનાગોને નાથવા માટે કૃષ્ણ–જન્મની પ્રતીક્ષા કરીએ. ✷✷✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, C/12, નવદીપ એપાર્ટમેન્ટ, સારથિ બંગલોની સામે, A-1, સ્કૂલ પાસે, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
મોબાઈલ : ૯૮૯૮૧૬૯૦૬૯.

# શ્રી કે. પી. શાહ

❑ રવીન્દ્ર સાંકળિયા

*[ શ્રી કે. પી. શાહે પોતાના જીવનના અનેક વર્ષો શ્રી મુંબઈ જૈન યુવક સંઘને સમર્પિત કર્યા હતા. સંઘના કારોબારીના સભ્ય તેમજ માનદ્ મંત્રી તરીકે એઓશ્રીએ આ સંસ્થાને સેવા આપી હતી. દાન એકત્રિત કરવાની એમની કળા અલૌકિક હતી અને સંસ્થાઓ માટે ઇચ્છિત દાન એકત્રિત કરવાના એઓ સંકલ્પી શ્રાવક હતા. એમની છટાદાર સાહિત્યિક વાણીથી મંચ ગાજી ઉઠતો. આ સંસ્થાની વર્તમાન પ્રગતિના પાયામાં એઓશ્રીનું પ્રદાન નોંધનીય છે. શ્રી કે.પી. શાહ એક મળવા જેવા અને મળ્યા પછી એમને મમળાવતા રહીએ એવા એ પ્રબુદ્ધ સેવાભાવી બહુશ્રુત સજ્જન હતા. એઓશ્રીના વ્યક્તિત્વ વિશે ઘણું ઘણું લખી શકાય.*

*શ્રી મુંબઈ જૈન યુવક સંઘની એઓશ્રીને અંતરથી શ્રદ્ધાંજલિ–**તંત્રી** ]*

પૂરું નામ કાંતિલાલ પાનાચંદ શાહ; પણ મોટા ભાગના લોકો ‘કે.પી.’ કહીને જ બોલાવે. અંગ્રેજીમાં કાંતિલાલનો ‘કે’ અને પાનાચંદનો ‘પી’ એમ બે અક્ષરો ભેગા થયા એટલે ‘કે.પી.’ કુટુંબના સભ્યો કે અન્ય સગાંસ્નેહીઓ કાંતિલાલ કે કાંતિભાઈ કહેતા હશે પણ મિત્રોના વર્તુળમાં ને બીજા ઓળખીતાઓમાં તો ‘કે.પી.’ના હુલામણા નામથી જ ઓળખાય. દસમી જૂન એમનો જન્મદિવસ મને બરાબર યાદ કારણ તે દિવસ અમે ઑફિસમાં ખાસ પ્રસંગ તરીકે ઉજવીએ. એમને જન્મદિનની મુબારકબાદી આપીએ, પુષ્પગુચ્છ આપી અમારી શુભેચ્છા વ્યક્ત કરીએ અને સમાજસેવાનું કામ વધુ ને વધુ સારી રીતે કરતા રહે એ માટે પ્રભુ પાસે એમના લાંબા આયુષ્યની પ્રાર્થના કરીએ. કે.પી.ને શાયરી બહુ જ પ્રિય એટલે અમારામાંના એક ભાઈ ‘તુમ જીયો હજારો સાલ ઔર હર સાલ કે દિન હો પચાસ હજાર’ એમ અચૂક બોલે જ અને વાતાવરણમાં રંગત લાવે. પ્રભુએ ખરેખર અમારી પ્રાર્થના સાંભળી અને એમને દીર્ઘાયુ બક્ષ્યું. હમણાં થોડા વખત પર જ દસમી ઑગસ્ટને સોમવારે રાત્રે ૯૨ વર્ષની જૈફ ઉંમરે એમણે આ દુનિયામાંથી વિદાય લીધી.

અને એ વિદાય પણ કેવી? જરા પણ વસમી નહિ. કુટુંબના બધા સભ્યો વચ્ચે જ, બધા સાથે વાતો કરતાં કરતાં ચૂપચાપ કોઈને ખબર પણ ન પડે તેમ બધાને છોડીને ચાલી ગયા. કોઈને ખ્યાલ પણ નહિ આવ્યો હોય કે અત્યારે અમારી સાથે આટલી ખુશીમજાકમાં વાત કરનાર વ્યક્તિ આજે રાત્રે જ અમારી ચિરવિદાય લઈ લેશે. તે દિવસે કોઈ કારણસર કુટુંબના બધા જ સભ્યો ભેગા થયા હતા. એક પછી એક બધાને જ મળ્યા. બધા સાથે પેટ ભરી વાતો કરી. બાળકો સાથે ખૂબ રમ્યા. પણ એમને કદાચ અણસાર આવી ગયો હશે કે યમરાજાનું તેડું આવી ગયું છે એટલે બધાને કહ્યું, ‘હું ખૂબ આનંદમાં છું. મને ખૂબ સંતોષ છે. કોઈ જાતનો અફસોસ નથી.’ સાંજે છ વાગ્યા સુધી આ સિલસિલો ચાલ્યો. પછી બે જ કલાક રહીને રાત્રે ૮–૧૫ કલાકે દેહ છોડ્યો. કશા જ ઉધામા વગર.

મૂળ માંગરોળના પણ વધુ અભ્યાસ માટે મુંબઈ આવ્યા. ૧૯૩૨માં મેટ્રીકલ્યુલેશનની પરીક્ષા પસાર કરીને દાવર્સ કૉલેજ ઑફ કોમર્સમાં જોડાયા. આર્થિક સ્થિતિ બહુ સારી નહિ એટલે બે જ વર્ષમાં કૉલેજ છોડી અને નોકરી કરવાનું સ્વીકાર્યું–‘ન્યૂ સ્ટાન્ડર્ડ મેટલ કંપનીમાં સ્ટેનોગ્રાફર તરીકે. સામા માણસને પોતાની વાત ગળે ઉતારવાની કે.પી.માં બહુ સારી આવડત હતી, જે એમના એક મિત્ર મેઘજીભાઈએ પીછાણી અને તરત જ પોતાના હાથ નીચે જીવનવીમાનું કામ કરવા માટે એમને સબ એજન્ટ નીમી દીધા. કેપીએ પોતાના વાક્ચાતુર્યથી જીવનવીમાનો ધંધો એવો તો જમાવ્યો કે થોડા જ વખતમાં એમને ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપનીમાં નિયમિત ધોરણે સારા પગારે નોકરી મળી ગઈ. ૧૯૪૪ થી ૧૯૭૮ સુધી ‘ન્યૂ ઈન્ડિયા’માં જીવનવીમાના ક્ષેત્રે ખૂબ જ પ્રશંસનીય કામ કર્યું અને ઝળહળતી કારકિર્દી બનાવી.

કેપી સાથે મારો પરિચય ‘ન્યૂ ઈન્ડિયા’માં જ થયો. તે વખતે બહુ આગળ નહિ વધ્યો પણ કંપનીના કર્મચારીઓ કેપી વિશે વાત કરે તે મને નવાઈ પમાડે. કેપી વિશે એમ કહેવાતું કે એ ગુજરાતી સાહિત્યના ખૂબ શોખીન છે અને તમે જો એને કોઈ કામસર મળવા જાઓ તો તમારું કામ તો થાય જ પણ સાથે સાથે થોડી શાયરી પણ સાંભળવા મળે યા તો ગુજરાતના પ્રસિદ્ધ નવલકથાકારો ર. વ. દેસાઈ કે ક.મા.મુનશીની નવલકથાઓમાંથી ચૂંટેલા ફકરાઓ જે એમણે કંઠસ્થ કર્યા હોય તે એમની અસ્ખલિત વાણીમાં સાંભળવા મળે. મને પણ આનો અનુભવ થયો ત્યારે જ મને આ વાતની ખાતરી થઈ.

જોગાનુજોગ એવો થયો કે નોકરીમાં નિવૃત્ત થયા પછી ‘રીઈન્શ્યોરન્સ બ્રોકીંગ’ના ક્ષેત્રે સુવિખ્યાત એવી જે.બી.બોડા કંપનીએ મને સલાહકાર તરીકે રાખ્યો અને કેપી પણ ન્યૂ ઈન્ડિયામાંથી નિવૃત્ત થયા પછી આ જ કંપનીમાં મારી માફક સલાહકાર તરીકે જોડાયા. આને લીધે સવારે ઑફિસે સાથે જવાનું અને સાંજે ઘેરે સાથે જવાનું એવો ક્રમ ગોઠવાયો. અમારી આ આવન-જાવનની યાત્રા કેપીના અવસાનના બે-ચાર દિવસ પહેલાં જ બંધ થઈ, પણ તે દરમ્યાન મને કે.પી.ના વ્યક્તિત્વના વિવિધ અને અવનવા પાસાંઓનો સુપેરે પરિચય થયો. થોડા જ વખતમાં

અમને જણાયું કે અમારા બેઉના શોખ–અમારી રૂચિના વિષયો–એકસરખાં જ છે. અમારી વાતો ચાલે ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓ વિશે, કોઈ સારી કવિતા વાંચી હોય કે ગઝલ સાંભળી હોય તો તેના પર ચર્ચા ચાલે, કોઈ સારું નાટક આવ્યું હોય કે મુશાયરો યા કવિ સંમેલન હોય તો તેમાં સાથે હાજરી આપવાના કાર્યક્રમ ગોઠવાય, પ્રેમપુરી આશ્રમમાં કયા સંત મહાત્માઓના પ્રવચનો કે ભક્તિ સંગીતના કાર્યક્રમો સાંભળવા જેવા છે તેની વાતો થાય. આમ અમારી મૈત્રી બહુ જામી. કહેવાય છે ને કે 'સમાન શીલ વ્યસનેષુ', સરખે સરખા વચ્ચે જ મૈત્રી શોભે અને નભે.'

પોતાની વાક્ચતુરાઈ કે.પી.ને જેમ જીવનવીમાના ક્ષેત્રમાં ઉપયોગી થઈ તેમ એક બીજા ક્ષેત્રમાં પણ ખૂબ કામ લાગી–સમાજસેવાના કાર્યો માટે ફંડફાળો એકઠો કરવામાં. જૈન યુવક સંઘ જરૂરતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપે, માંદગીમાં દવા–દારૂની મદદ કરે. આને માટે કેપીએ ખૂબ પૈસા ભેગા કર્યા અને યોગ્ય જગ્યાએ મદદ પહોંચાડી લોકોની જિંદગી સુધારી અને ઘણાંના આશીર્વાદ મેળવ્યા. જાણીતા ક્રિકેટર વિજય મરચંટની રાહબરીમાં ચાલતા 'નેશનલ એસોસિએશન ફોર બ્લાઈન્ડ'ને માટે પણ કેપીએ ખૂબ પ્રશંસનીય કાર્ય કર્યું, અંધજનો માટે બ્રેઈલ લીપીમાં પુસ્તકો તૈયાર કરવામાં ઘણી સહાય કરી. અંધજનો પ્રમાણિકપણે અને સ્વમાનભેર રોજી રળી શકે તેને માટે તેમણે મુંબઈ શહેરમાં ઠેરઠેર ટેલિફોન બૂથ ઉભા કર્યાં. અને છેલ્લે છેલ્લે 'સ્વયંરોજગાર યોજના'નો વિચાર તો એમનો પોતાનો મૌલિક જ હતો, જે હજી આજે પણ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે અને અસંખ્ય લોકો આ યોજના હેઠળ લોન મેળવી નાના–મોટા ધંધા સ્વતંત્ર રીતે કરે છે અને પોતાનું તેમજ પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે.

વાક્પટુતા તેમજ અત્યંત મિલનસાર સ્વભાવને લીધે કેપીએ પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન પણ વર્ષો સુધી ખૂબ સફળતાપૂર્વક કર્યું. આને લીધે કેપી જૈન સમાજની ખ્યાતનામ વ્યક્તિઓ જેવી કે સર્વશ્રી પરમાનંદ કાપડિયા, ચીમનલાલ ચકુભાઈ શાહ, રમણલાલ શાહ, દીપચંદ ગાર્ડી વિગેરેના પરિચયમાં આવ્યા પણ કોઈ દિવસ આ ઓળખાણોનો લાભ લેવાનો વિચાર પણ નથી કર્યો. ઉલટું સમાજસેવાના કાર્યમાં એમની જેટલી મદદ લઈ શકાય તેટલી લીધી.

પણ સાચું જ કહેવાયું છે કે ભગવાન આવી વ્યક્તિઓની જ આકરામાં આકરી કસોટી કરે છે. એમના કૌટુંબિક જીવનમાં એક પછી એક જે આઘાતો એમણે સહન કર્યા છે તે સાંભળીને ગમે તેવા કઠોર હૃદયના માણસનું દિલ પણ દ્રવી જાય. બે જુવાનજોધ દીકરીઓનું સાત-આઠ વર્ષના ટૂંકા ગાળામાં કરૂણ સંજોગોમાં મૃત્યુ. મોટો દીકરો જેણે જીવનવીમાનો ધંધો બહુ હોંશિયારીથી સંભાળી લીધો હતો તે લ્યૂકેમીયા જેવા અસાધ્ય રોગમાં સપડાયો અને ૪૭ વર્ષની યુવાન વયે મૃત્યુ પામ્યો. વિચાર તો કરો કે એક પિતાએ પોતાના દીકરાનું મૃત્યુ જોવું કે જેના પર તેણે પોતાની સમસ્ત આશાઓ રાખી હોય એ કેટલી કરૂણ બીના છે!! એ તો જેણે ભોગવ્યું હોય તે જ જાણે. અને છેલ્લે હજી જાણે કે કંઈ બાકી હોય તેમ પ્રિય જીવનસંગીની, સહધર્મચારિણી પત્ની અલ્ઝાઈમર જેવા રોગનો શિકાર થઈ.

અને વિધિની વિચિત્રતા તો જૂઓ કે જેણે અંધજનો માટે આટલું સરાહનીય કામ કર્યું તે પોતે જ પાછલી ઉંમરમાં બેઉ આંખની દૃષ્ટિ ગુમાવી બેઠા. હોંશિયારમાં હોંશિયાર ડૉક્ટરોના લાખ પ્રયત્નો છતાં તેઓ સંપૂર્ણપણે અંધ થઈ ગયા. આ વિષય પરિસ્થિતિ પણ હસતે મોઢે સ્વીકારી લીધી. લાચારીથી હાથ જોડીને બેસી રહેવાને બદલે આ સમયનો પણ સારામાં સારો ઉપયોગ કર્યો–સંત મહાત્માઓના ધાર્મિક પ્રવચનોની કેસેટ સાંભળીને–ઓશો રજનીશના ચુસ્ત ભક્ત તો હતા જ એટલે ઓશોના પ્રવચનો તેમ જ બીજા જૈન મુનિઓના પ્રવચનો સાંભળવા એ એમની મનગમતી પ્રવૃત્તિ થઈ પડી અને અંધત્વ એક બોજ બનવાને બદલે આધ્યાત્મિક અનુભવનું સાધન બન્યું.

જીવન પ્રત્યેના આવા અભિગમને લીધે જ ગમે તેટલા વિકટ અને વિપરિત સંજોગોમાં પણ હંમેશાં આનંદમાં રહ્યા. પ્રભુ જે સ્થિતિમાં મુકે તે હસતે મોઢે સ્વીકારી લેવી. એ જાણે કે એમના જીવનની ફિલસુફી હતી. એક બહુ વિખ્યાત કવિની ખૂબ જ જાણીતી પંક્તિઓ એ મને વારંવાર સંભળાવે 'ગુજારે જે શીરે તારે જગતનો નાથ તું સહેજે; ગણ્યું જે પ્યારૂં પ્યારાએ અતિ પ્યારૂં ગણી લેજે.' જીવન પ્રત્યેના આવા વિધેયક વલણને લીધે જ એ હંમેશાં નિજાનંદમાં મસ્ત રહ્યા. કોઈ સામે મળે ને પૂછે 'કેમ કેપી કેમ છો?' તો જવાબ મળે 'આનંદ'. 'મઝામાં', 'ઠીક છે', 'ચાલે છે' એવા ઢીલા-પોચા જવાબો નહિ પણ 'આનંદ'–બસ નિર્ભેળ આનંદ! ને 'આનંદ' પણ એવા રણકા સાથે બોલે કે એમને અંતરનો આનંદ હશે જ, સાત્ત્વિક આનંદ હશે જ એવી પ્રતીતિ આપણને થાય. અને એ 'આનંદ' પણ કેવો? જેવો તેવો નહિ પણ 'છલોછલ આનંદ'.

આવા છલોછલ આનંદથી ભરેલા આત્માની સદ્ગતિ માટે આપણે આપણી હૃદયપૂર્વકની, ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ.

✷ ✷ ✷

ફોન નં. (૦૨૨) ૨૩૮૦૬૯૨૬.

*જીવનનો સૌથી સુંદર ઉપયોગ કરવાનું જ્યારે આપણે જાણવા લાગીએ છીએ, ત્યાં સુધી તો આપણે આપણી ઘણીખરી જિંદગી ગુમાવી દીધી હોય છે.*

# પત્ર ચર્ચા

## વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?

'પ્ર.જી.'ના જુલાઈ અંકના તંત્રી લેખ 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા' દ્વારા અમે ઉપરના વિષયની ચર્ચા માટે સમગ્ર સમાજને આમંત્રણ આપ્યું હતું. એ વિશે પ્રાપ્ત થયેલ ત્રણ પત્રો અહીં પ્રસ્તુત કરીએ છીએ.

અમોને જેમ જેમ પત્રો પ્રાપ્ત થતા જશે એ પ્રમાણે પ્ર.જી.ના અંકમાં પ્રસિદ્ધ કરતા રહીશું. સર્વેનો આભાર. ❑**તંત્રી**

### (૧)

### જૈનાચાર પ્રતિ એક દ્રષ્ટિબિંદુ

'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા'નો શ્રી ધનવંતભાઈનો અગ્રલેખ જેટલો ગંભીર છે એટલો જ વિશાળ અને વ્યાપક છે. એક રીતે એ જૈન ધર્મના ભાવી વિશે પ્રશ્ન ઊઠાવે છે. તેને મર્યાદિત લેખમાં સમાવી ન શકાય. કદાચ એથી જ લેખના અંતે ચર્ચાપત્રને આવકાર્યા છે. ધર્મ અને જીવન એટલા વિશાળ છે કે આ પ્રશ્નને પણ વ્યાપક દ્રષ્ટિએ નિહાળવો અનિવાર્ય બને છે.

સાધુ-સાધ્વીઓએ સમાજ અને ધર્મને ચેતનવંતો રાખ્યો છે એ જેટલું સત્ય છે એટલી જ હકીકત એ પણ છે કે સાધુ-સાધ્વીના જીવનમાં શિથીલતા આવી ગઈ છે. શ્રમણજીવનમાં જે શિથીલતા આવી છે તેમાં કદાચ ઉત્કૃષ્ઠ ગુરુઓની ઉણપ અને શિષ્યો ઉપરની શિસ્ત અને પ્રભાવનો અભાવ પણ કારણરૂપ હોઈ શકે. પરંતુ સાધુ-સાધ્વીના જીવનમાં જે સંયમ અને સાધનાની, હાલના સંજોગોમાં વિશેષ અપેક્ષા રહે છે, તેને ફક્ત શ્રમણ જીવનના નીતિનિયમો દ્વારા નહિ પણ શ્રાવક-શ્રાવિકાની જીવન પદ્ધિતના અને પૂરા માનવ સમાજના સંદર્ભમાં જોવાની જરૂર છે. દેશની રાજકીય-ભૌગોલિક આઝાદી પછી અને વિશેષે લગભગ છેલ્લા બે દાયકામાં જે પરિવર્તન આવ્યું છે અને એની સમાજજીવન પર જે અસરો જોવા મળે છે તેનો વિચાર કરવો રહ્યો. એક સર્વને સ્પર્શતી વાત એ છે કે જીવન એ એક કુદરતનું માનવજાતને અમૂલ્ય વરદાન છે એ વાત જ ભુલાય ગઈ છે. જીવનનું કોઈ મહત્ત્વ રહ્યું જ નથી. એના બદલે ધન અને ઉપભોગ એજ ખરું જીવન એમ માનવામાં આવે છે. ભારતના ધર્મો અને સંસ્કૃતિ ઉપર પશ્ચિમના વિકસિત દેશોના આક્રમણ અને આકર્ષણનું આ પરિણામ છે. પશ્ચિમના શિક્ષણ અને સંસ્કૃતિથી પ્રભાવિત થયેલ વ્યક્તિઓના હાથમાં આપણે દેશનું સુકાન સોંપી દીધું છે એનું આ પરિણામ છે. જૈન સમાજ પોતે જ અહિંસા અને મર્યાદિત પરિગ્રહને અપનાવે તો જૈન ધર્મનો પ્રચાર અને પ્રસાર સહજ રીતે થશે અને એનો પ્રભાવ વિશ્વભરમાં પડશે, કારણ કે વિશ્વ આજે હિંસા-શોષણથી ત્રસ્ત છે અને અહિંસા અનિવાર્યનો વૈચારીક રીતે સ્વીકાર કરી ચૂકેલ છે. કર્તવ્ય રૂપે સ્વીકાર કરવાની હિમ્મત નથી.

એક દ્રષ્ટિએ જોઈએ તો જૈન સમાજનો કેટલોક અંશ આર્થિક રીતે ખૂબ સમૃદ્ધ બન્યો છે. પૈસો વાપરવો અને પ્રતિષ્ઠા મેળવવી એ એમને ગમતો વિષય બની ગયો છે. શ્રમણવર્ગના સહકારથી એમનો માર્ગ સહેલાયથી ખૂલી જાય છે. ઉપવાસનું તપ કરનારને માનપાન અને ભવ્ય વરઘોડાના આયોજન, વિવિધ જાતના ભોજનવાળા સ્વામી વાત્સલ્ય કે જ્યાં કાં તો નોકર પીરસતા હોય (એને વાત્સલ્ય કહેવાય?) અથવા હાથે લઈને ખાવાનું કહો કે ભીક્ષાપાત્ર લઈને ઊભા રહેવાનું. આ બધું આધુનિકતાના નામે અને વાસ્તવિક્તાના સ્વીકારરૂપે. સાધુ-સાધ્વીના પુસ્તકોને અનુદાન આપીને રંગબેરંગી રૂપે છપાવવા અને એમાં લેખકના અને દાનેશ્વરીના ફોટા પ્રગટ કરવા. લગ્ન કે એવા જ બીજા પ્રસંગોએ વૈભવનું પ્રદર્શન કરવું વગેરે. આવા સહકારથી બન્ને પક્ષે માન-પ્રતિષ્ઠા વધે છે, લોભ વધે છે અને ધર્મ ભૂલાય જાય છે. પ્રતિષ્ઠાને ખાતર આર્થિક બોજ ઉપાડવા સુખી સમાજ તૈયાર છે. સાધુ-સાધ્વીઓએ પરિગ્રહ છોડ્યો પરંતુ પ્રતિષ્ઠાના લોભ-મોહમાંથી છૂટાતું નથી. જે અરિહંતોએ અને સાધુ સાધ્વીઓએ સંપૂર્ણપણે અપરિગ્રહ સ્વીકાર્યો છે કે જેમણે આત્માના ઉત્કર્ષ માટે તપ-આરાધના કરી છે એમને મોંઘાદાટ વસ્ત્રો અને ઘરેણાં પહેરાવવા એમાં ધર્મ પ્રત્યેની જાગૃતિનો અભાવ નહીં તો બીજું શું છે? મૂર્તિને ઘરેણા પહેરાવવા અને ચોરી થાય ત્યારે ઉહાપોહ કરવો એ કેટલું ઉચિત?

સાધુ-સાધ્વી ધર્મના પ્રચારક અને પ્રસારક હોય એમની પાસેથી વધુ અપેક્ષા રહે એ સ્વાભાવિક છે. બદલાયેલી પરિસ્થિતમાં કેટલાક પરિવર્તન અનિવાર્ય બની રહે છે. શ્રમણના આચાર-વિચાર અંગે થોડુંક કાંઈક આ રીતે વિચારી શકાય :

● દીક્ષા તો અલબત્ત આત્મકલ્યાણની ભાવના હોય એમણે જ લેવાની હોય. સમાજ અને સમષ્ટિના કલ્યાણની ભાવના જોડાયેલી હોય એ પણ સ્વાભાવિક છે, પરંતુ સાધુ જીવનનું યોગ્ય આચરણ જ ખરા અર્થમાં ધર્મના પ્રચાર અને પ્રસારનું કાર્ય કરી શકે. એટલે આચારનું શિસ્તપૂર્વક પાલન અવશ્ય થવું જોઈએ.

● દીક્ષાર્થી કુદરતના આધારે જીવે એ મુખ્ય આશય છે. પશુ-પક્ષી વગેરે કુદરતના આધારે જ જીવે છે પણ લાચાર બનીને. મનુષ્યને બુદ્ધિ મળી છે તે જીવનની મહત્તાને સમજીને, જીવનના ઉત્કર્ષ માટે કુદરતના આધારે જીવવાનું છે. મોક્ષ પ્રાપ્તિના સાધન તરીકે જીવવાનું છે.

● શહેરમાં વિહાર કરવાનું ટાળવું જોઈએ કેમ કે શહેરનું વાતાવરણ અત્યંત દૂષિત છે અને લોકસંપર્ક ઘનિષ્ઠ બની જાય છે. શ્રેષ્ઠીઓના ઘરમાં રંગીન ટીવીના દૃશ્યો જોવા મળે, વૈભવ જોવા મળે એથી મન ચલીત થઈ શકે. સ્વાદિષ્ટ ખોરાક મળે એટલે એટલી લાલચ વધે. પરંતુ જૈનો મહદ અંશે ગ્રામ્ય જીવન છોડીને શહેરમાં વસતા થયા છે. ગામડામાં ઉપાશ્રય ધૂળ ખાય છે. સાધુ–સાધ્વી માટે 'જાયે તો કહાં જાયે' એવો સવાલ ઊઠે છે. શુદ્ધ ખોરાક મળવાની શક્યતા ઘટતી જાય છે. કેટલાય મંદિરોમાં નોકરીયાત અજૈન સેવા-પૂજા કરે છે. એ શહેરી જીવનની બરબાદીમાંથી કઈ રીતે બચે? આનો જવાબ તો શ્રાવકોએ જ શોધવો રહે છે. મોબાઈલ, લેપટોપ, ઈન્ટરનેટ વગેરેનો ઉપયોગ ન જ કરાય. અત્યંત આવશ્યક્તા હોય તો લેંડલાઈનનો ઉપયોગ કરી શકાય.

● વ્યાખ્યાન કે ત્યાર પછીની કેટલીક પ્રશ્નોત્તરી અને સમાધાન પછી વધુમાં વધુ વખત સ્વાધ્યાય અને ધ્યાન-સમાધિમાં ગાળવો જોઈએ.

● સાધુ-સાધ્વી બપોરે સુતા જોવા મળે છે. ક્યારેક અનુયાયીઓ જોડે અનુપયોગી વાતો પણ ચાલતી હોય છે. સાધુ-સાધ્વીએ તો એકે એક ક્ષણ સાધનાર્થે વાપરપી જોઈએ. આધુનિક કહેવાતા શહેરોમાં એ વાતાવરણ કયાંથી પ્રાપ્ત થાય?

● પુસ્તકોના પ્રકાશન સાદા અને સસ્તા બનવા જોઈએ, અહંકાર પોસાય એવા ફોટા ન હોય તોજ સારું. મફતમાં મળતા પુસ્તકોની કોઈ કીમત હોતી નથી. જરાક જોઈને બાજુમાં મૂકી દેવાતા હોય છે. જેમને જીવનનું મહત્ત્વ છે એમના માટે સસ્તા અને સાદા પુસ્તકો 'સસ્તું સાહિત્ય'ના હોય છે એવા હોવા જોઈએ.

● સાધુ-સાધ્વી શણના કે કેનવાસના જુતાં પહેરી શકે. ડામર/સિમેન્ટની પાકી સડકોની અસહ્ય ગરમીથી બચી શકે માટે છૂટ મળે તો એ ઈચ્છનીય ગણાય. ફેન્સી ન હોય એટલું જોવું રહ્યું.

● અશક્ત કે બીમાર સાધુ-સાધ્વી માટે વ્હીલ-ચેરનો ઉપયોગ સ્વીકારી શકાય કેમ કે એથી માનવીને કે પશુને ભાર ખેંચવો પડતો નથી અથવા ઓછો પડે છે.

● હયાત સાધુ-સાધ્વીઓએ ફોટા ન છપાવવા જોઈએ કે ન તો પુસ્તકમાં છપાવવાની અનુમતિ આપવી જોઈએ. આજ નિયમ દાતાઓને પણ લાગુ પડે. જો કે સ્વર્ગસ્થ માતા-પિતા કે પ્રિય સ્વજનના ફોટા લેવામાં આવે તો અનુચિત ન ગણાય.

સૌથી વધુ જવાબદારી શ્રાવકોએ સ્વીકારવી જોઈએ. જીવનમાં સંયમ અને સાદગી આવે તો ધર્મનું આકર્ષણ અને પ્રભાવ વધે અને સમાજમાં સંવાદિતા સહેજે આવે, માનવ જીવન વેડફાતું બચે અને ઉત્કર્ષ પામે. હાલમાં જાત્રા એક મહેફીલ કે પીકનીક બની ગઈ છે. એરકંડીશન્ડ બસ કે રેલ્વેમાં મુસાફરી, એર કંડીશન્ડ ધર્મશાળા કે હોટેલમાં રહેવું, રસ્તામાં ચોકલેટ, પીપરમેંટ ચગળવા, ફિલ્મી ગીતો ગાવા. એ બધામાં ધર્મનું સ્થાન કેટલું, આત્મોન્નતિનો પ્રયાસ કેટલો?

ચાણક્ય રાજનિતિજ્ઞ, અર્થશાસ્ત્રી ઉપરાંત જ્ઞાની પણ હતો. એનું એક પ્રસિદ્ધ સુક્ત છેઃ 'ધર્મથી ધન પ્રાપ્ત થાય છે, ધનથી સંસારસુખ અને ઈચ્છાપૂર્તિ પ્રાપ્ત થાય છે અને સમાજજીવનમાં સંવાદિતા પ્રાપ્ત થાય છે.' અનીતિના માર્ગે આવેલું ધન અંતે વિનાશ વેરે છે. બીજું એક અવતરણ યાદ આવે છેઃ 'ચેત મછંદર ગોરખ આયા.' મછંદર ગુરુ હતા અને ગોરખનાથ શિષ્ય. ગુરુની કાંઈક અવનતી વિષે જાણવા મળ્યું ત્યારે ગોરખનાથે ગુરુને ચેતવ્યા હતા. આજ પણ ગુરુને ચેતવે એવા શ્રાવકો છે. કદાચ વ્યક્તિગત રૂપે કોઈને ચેતવતા પણ હશે. પરંતુ શ્રાવકગણ એવી વ્યિક્તને આગળ લાવીને પોતાનું પીઠબળ પૂરું પાડે તો ઘણું થઈ શકે.

આજે જ્યારે વિશ્વમાં વિજ્ઞાનની બોલબાલા છે ત્યારે એમ માનવાનું મન થાય કે જૈન ધર્મ વૈજ્ઞાનિક છે, ખુદ વિજ્ઞાન છે અને શાશ્વત સત્યના આધારે છે માટે એના ભવિષ્યની ચિંતા કરવાનું કોઈ કારણ નથી. ત્યારે આપણે એ પણ જોવાનું રહ્યું કે મહાવીરના સમય પછી જે શાસ્ત્રો લખાયા એમાંના કેટલાક આજે ઉપલબ્ધ નથી. મુસ્લિમોએ જ્યારે ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે આપણા ધર્મસ્થાનો અને શાસ્ત્રો અને સાહિત્યનો નાશ કરેલો એ વિદિત છે. પ્રજાને ગુલામ બનાવવા માટે એની સંસ્કૃતિનો, એના ધર્મ અને શાસ્ત્રોનો નાશ કરવો એ એક સચોટ ઉપાય છે. આપણે માનીએ કે ન માનીએ, ચતુરાઈપૂર્વક, આપણી દુર્બળતાનો લાભ લઈને આપણને ભોગવાદ તરફ ખેંચીને, આપણને પશ્ચિમના અનુયાયી બનાવીને (અનુયાયી સ્વતંત્ર હોય શકે?) આપણને સ્વેચ્છાએ ગુલામ બનાવી પોતાનો સ્વાર્થ સાધી રહ્યા છે. (ઉપર બીજા ફકરામાં આકર્ષણ શબ્દનો ઉપયોગ આ સંદર્ભમાં કરેલ છે) એટલે ધર્મ ઉપર સંકટ નથી એમ વિચારવું કે માનવું ઉચિત ન જ ગણાય. સાધુ સાધ્વી મર્યાદિત ક્ષેત્રમાં જ કામ કરી શકે. એક સમય હતો જ્યારે ધર્મગુરુઓનું વર્ચસ્વ હતું. આજે સ્વાર્થી રાજકારણીઓનું વર્ચસ્વ છે. એટલે ગંભીરપણે પ્રયાસ કરવાની જવાબદારી સુશ્રાવકો પર રહે છે.

એક સામાન્ય વ્યક્તિનું, સામાન્ય સમજણનું આ લખાણ છે. વાચક મિત્રો આમાં રહેલા દોષો કે અજ્ઞાન પ્રતિ ધ્યાન દોરે અને ભૂલ માટે ક્ષમા કરે એજ અભ્યાર્થના.

(વાચકોના મંતવ્યો આવકાર્ય)

**કાકુલાલ છ. મહેતા**
૧૭૦૪, ગ્રીન રીડ્જ, ટાવર-૨
૧૨૦, લિંક રોડ, ચિકુવાડી, બોરીવલી (વેસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૯૨. ટે.નં. (૦૨૨) ૨૮૯૮૮૮૭૮

## (૨)

# સાધુ માર્ગની આધુનિકતા

'પ્રબુદ્ધ જીવન'માં જુલાઈ-૨૦૦૯ના અંકમાં આદરણીય ધર્મશ્રદ્ધાળુ સુશ્રાવક શ્રી ધનવંતભાઈ ટી. શાહના તંત્રીલેખમાં આવા જ શિર્ષકના સંદર્ભમાં જિનાજ્ઞા પાલનનો ધ્વનિ વાંચી તેમને ખૂબ જ ધન્યવાદ આપવાનું મન થયું અને મારો પ્રતિભાવ જણાવવાની ઈચ્છા થઈ.

જૈનદર્શનનો મૂળ પાયાનો સિદ્ધાંત છે કે પહેલા સ્વકલ્યાણ અને પછી પરકલ્યાણ. અસંખ્ય તીર્થંકરો જન્મતાની સાથે અવધિજ્ઞાન અને બીજી અનેક લબ્ધિઓના કારણે સમાજ કલ્યાણ, પરિવાર કલ્યાણ, પરકલ્યાણ માટે સક્ષમ હતાં પણ ના – એવો પ્રયત્ન કર્યો નહિ. પ્રથમ છદ્મસ્થઅવસ્થાનું જીવન સાધના પંથે વિતાવી વીતરાગ-સર્વજ્ઞ બન્યા અને પછી જ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી તમામ ભવ્યજીવો માટે મોક્ષમાર્ગ પ્રકાશીત કર્યો.

જૈનધર્મના પ્રચારના વ્યામોહમાં સ્વઆરાધનાની મજબૂત તૈયારી વિના-ઈચ્છા વિના આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી વધુ ને વધુ સંખ્યામાં લોકો જૈનધર્મ જાણે પામે એવી ભાવનાવાળા જીવો સાધુ આચારમાં છૂટછાટ લેવાની સલાહ આપે છે.

પ્રથમ મહત્ત્વની વાત એ છે કે પ્રભુએ ભવ્યજીવો માટે, આરાધક-સાધક જીવો માટે જૈનધર્મના આચાર વિચાર પાળવાની ભાવના માટે મોક્ષમાર્ગની સ્થાપના કરી છે. આખા જગતમાં જૈનધર્મનો બહોળો પ્રચાર થાય એવો હેતુ કદીએ વિચાર્યો નથી.

પ્રભુના તીર્થની સ્થાપના પછી તેમની પરંપરામાં ચૌદપૂર્વધર, દશ પૂર્વધર ગીતાર્થ ગુરુભગવંતોને આધુનિક ટેક્નોલોજીનું જ્ઞાન હતું એવી શ્રદ્ધાવાળા જીવો સમજે છે કે જૈનધર્મ જાણવા માટે કે માણવા માટે નથી પણ આરાધવા માટે આત્મકલ્યાણ માટે છે અને તેવા જીવો જૈનધર્મની પિછાણ મેળવવા સ્વયં માર્ગ શોધી કાઢે છે.

'પ્રબુદ્ધ જીવન' છપાય છે જેને રુચિ હોય જિજ્ઞાસા હોય તે મેળવીને પોતાનો આત્મસંતોષ મેળવી લેશે પણ વધુ વાચકોની સંખ્યા મેળવવા પ્રબુદ્ધ જીવન ફ્રી વહેંચવામાં આવે તો મોટાભાગના અંકો પસ્તીમાં ચાલ્યા જશે.

યાદ રહે ધર્મ આપવા માટે નથી, ધર્મ લેવા માટે છે. પ્રભુના ઉપદેશથી જીવો સ્વયં વ્રત નિયમ કે પ્રવજ્યાની માગણી કરે છે. અહિં દરેકને પ્રશ્ન થાય કે વધુ સંખ્યામાં ટેક્નોલોજીનો ઉપયોગ કરી ધર્મનો ઉપદેશ ફેલાય તો લોકો વધુ ધર્મિષ્ઠ બની શકે.

એનો ઉત્તર એ છે કે છેલ્લા દાયકામાં ટેક્નોલોજીનો ઉપયોગ કર્યા વિના શુદ્ધ સાધુ ભગવંતોના ઉપદેશથી કેટલા ધર્મશ્રદ્ધાળુ આત્માઓ વિરતિમાં આવ્યા અને સાધુ આચારમાં શિથીલ બનેલાના ઉપદેશથી કે પંડિતોના પ્રવચનોથી કેટલા શ્રોતાઓ વિરતિ પામ્યા. સુંદર પ્રવચન ટેક્નોલોજીના ઉપયોગથી સાંભળી શ્રોતાઓ ખુશ થયા, મજા આવી, જાણવા મળ્યું આ સિવાય જીવનમાં ધર્મ કેટલો વસ્યો, વ્રત-નિયમ અને મોક્ષની સાધના માટેના મોક્ષમાર્ગની સાધના કેટલી વધી એનો અભ્યાસ કરવાથી માલુમ પડશે કે સાધુ જીવનના શુદ્ધ આચારોથી જૈનધર્મના પ્રાણ સમાન મોક્ષમાર્ગની આરાધનામાં મોટી સંખ્યામાં જોડાય છે. પંડિતોના પ્રવચનથી નહિ.

જિનશાસનનો મૂળ મંત્ર સવિ જીવ કરું શાસન રસી અર્થાત જિનાજ્ઞા પાલનથી જીવો આત્મકલ્યાણના માર્ગે આરાધક બને એ ભાવના રહેલી છે. જિનધર્મના જાણકાર બને, પંડિત બને, પ્રવક્તા બને, ધર્મની જાણકારીની લ્હાણ કરે એ દ્વારા છેવટે ધર્મના આરાધક બનવાનું લક્ષ્ય રાખે, મોક્ષમાર્ગની આરાધનામાં જોડાય એ માટે સાધુ આચારની શિથિલતા વિના અન્ય અનેક ઉપાયો વર્તમાનમાં વિદ્યમાન છે. જૈનધર્મના અસંખ્ય પુસ્તકો, અનુષ્ઠાનોની અનેક આરાધનાના પ્રસંગો, જિનમંદિર, જિનાગમ, ધર્મસ્થાનકો, કોમ્પ્યુટરમાં આવતી અનેક માહિતી, જિનશાસનના તીર્થો-જિનાલયોની પ્રભાવિકતા વગેરે અનેક માર્ગો આત્મકલ્યાણ વાંચ્છુ શ્રદ્ધાળુઓ માટે ઉપલબ્ધ છે.

સાધુ માટે માઈક-લાઈટ-ફ્લાઈટના વિકલ્પો વિચારનારા સાધુઆચારથી ભંગ થવાના ઉપાયોને ઉત્તેજન આપી જૈનશાસનની મહા હિલના કરે છે.

### સૂત્ર પકડી રાખો

જાતે સુધરવું હોય તો જ્યાં ઉપાયો છે ત્યાં દોડી જાવ, મેડિકલ એન્જીનિયરીંગ વગેરે લાઈનમાં જવું હોય તો તે તે કૉલેજમાં દોડી જાવ, તેના ધોરણો પ્રમાણે જીવન બનાવો પણ કૉલેજને એડમીશન માટે નીચી ટકાવારીનો ઉપદેશ ના આપો તેમ પ્રભુશાસનના મૂળભૂત હેતુ સ્થાપેલા ચતુર્વિધ સંઘના આચાર-વિચારને જમાનાના નામે સુધારા લાવવાની ઝુંબેશથી દૂર રહો.

જૈનધર્મ પ્રમાણે આવા જીવો અસંખ્ય ભવો સુધી જૈનધર્મ વિહિન સમ્યકત્વથી દૂર રહે છે તેની ચિંતા ન હોય તે જ સાધુને મોર્ડન થવાનો ભાવ રાખી શકે. પ્રભુ ઋષભદેવના પૌત્ર મરિચિના જીવનનો વૃત્તાંત યાદ હોય તો મરિચિએ કહેલા ઇત્થંપિ ધમ્મં અહિયંપિ ધમ્મં-બોલીને અસંખ્ય વર્ષો સુધી સંસાર પરિભ્રમણ વધાર્યું એ યાદ કરી આધુનિક વિચારોથી જરૂર પાછા વળશે.

પ્રતિભાવ વિનમ્ર ભાવે રજૂ થયો છે એમ સમજીને વાંચવો અને જિનમાર્ગ તરફી વિચારોમાં પરિવર્તન આવે એવી શુભેચ્છા.

**ડૉ. પ્રવીણભાઈ સી. શાહ,**
૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ટેલિફોન : (૦૭૯) ૨૬૬૦૪૫૯૦

## (3)

તા. ૧૬ જુલાઈ ૨૦૦૯ના પ્રબુદ્ધજીવનના અંક નં. ૭માં 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા'ના શીર્ષક હેઠળ આપના તંત્રીલેખમાં ઉપરોક્ત વિષયે આપશ્રીના દીર્ઘ મનન અને મંથનના પરિપાક સ્વરૂપે આપને ઉદ્ભવેલા, જૈન ધર્મને લગતા પ્રાણપ્રશ્નોના સર્વ જૈન બંધુના સર્વગ્રાહી વિચારો જાણવા, પત્રચર્ચાના આમંત્રણના પ્રતિભાવરૂપ આ વિનમ્ર પત્ર (ખૂબ જ સંક્ષેપમાં) લખી, મારા જેવા અજ્ઞકિંવા મૂઢને મનન અને મંથન કરવાની તક આપવા બદલ હું આપનો અંતરથી આભાર માનું છું અને સર્વ જનો પ્રત્યે અહોભાવ પ્રકટ કરું છું. તમારું આ કાર્ય ખૂબ જ પ્રશસ્ય છે અને જૈનધર્મને ઉપકારક પણ છે જ.

(૧) જૈન સાધુ-સાધ્વીઓના આચારો અને પાદવિહાર. આધુનિક વાહન વ્યવહારની સગવડો વિના છેવાડાના નાના નાના ગામોમાં જૈનધર્મનો પ્રચાર અને પ્રસાર થવાની અતિ આવશ્યક પ્રવૃત્તિનો વેગ રૂંધાય જાય છે. સાધુ-સાધ્વીઓની ઘટતી જતી સંખ્યા આમાં વધારો કરે છે.

બન્ને વાતો ખૂબ જ સુસંગત, તાર્કિક અને સત્યરૂપી આભાસ ઉત્પન્ન જરૂર કરે છે. પરંતુ સત્યના પ્રાણ-આત્મા વગરની હોવાના કારણે સર્વ આભૂષણોયુક્ત સૌંદર્યવાન અને ચિત્તાર્ષક છે. સંગ્રહાલયમાં રાખેલી સૌંદર્યપ્રતિમા જેવી છે. જે સાધુ-સાધ્વીઓના આચારો, ખુદ ભગવાન મહાવીરે પ્રણિત અને પ્રમાણિત કરેલા છે તેના ભોગે સ્વીકારવામાં પક્ષીને ઉડાડવા મણિરત્નનો ઉપયોગ કરવા જેવો જ વિચારવિહિન લાગે છે. પદાર્થના નાનામોટા પ્રમાણને અવગણીને પદાર્થમાં રહેલા અદ્ભુત ('સત્વ'ને) સદ્ગુણોને પ્રાધાન્ય આપવું ઘટે. સાધુપદ ગ્રહણ કરતાં પહેલાં જ આ કઠિન અને વિકટ પરિસ્થિતિનો સંપૂર્ણ ખ્યાલ સાધુ-સાધ્વીઓને હોય છે જ; હવે સગવડો શોધવી એ શું આત્મવંચના નથી? આધુનિકતાનો સ્વીકાર કરી, જૈન ધર્મના મૂળ તત્ત્વો અહિંસા વગેરેની અવગણના કેમ થાય?

(૨) આચાર ખોઈને પ્રચાર કરવાનું કામ ખોટું છે. સંત વિનોબાજી.

(૩) તેરાપંથી સમણી વર્ગ તથા મહાત્માશ્રી વીરચંદ ગાંધી જેવા જ્ઞાનીઓનો મોટો સમૂહ ઉત્પન્ન કરવાની સાંપ્રત સમયને તાતી જરૂર છે. એ દિશામાં અથાગ અને અવિરત પ્રયત્નો ખૂબ જ ઉપકારી નીવડશે.

(૪) આજના સાધુ-સાધ્વીઓના આધુનિક આચારો, જેવા કે ધન એકત્રિત કરવાની લાલસા, વાસના, ધનનો ઉપયોગ અને સાચવણી માટે અસંખ્ય કષાયોનો જીવનમાં પ્રવેશ, વૈભવી રથયાત્રા, વૈભવી સામૈયા, દૂધપૂજા, સોનાચાંદીની વરખનો ઉપયોગ, મોંઘી કંકોત્રીઓ, મોંઘા કાગળ વાપરી છપાતાં પુસ્તકો, તપ કર્યા પછી ભવ્ય ઉત્સવો, વિવિધ પ્રકારની (આપશ્રીએ વર્ણવેલી) પ્રવૃત્તિઓ તો જૈન ધર્મની સાધનાનો છેદ જ ઉડાવી દે છે. અપરિગ્રહ જૈનધર્મનાં પાયાના સિદ્ધાંતોમાંનો અગત્યનો મુખ્ય સિદ્ધાંત છે. મોટા મોટા શહેરમાં ઉપાશ્રયને બદલે આધુનિક ફ્લેટોમાં રહેવું, તેની માલિકી ધરાવવાના અને બૅન્કોમાં ખાતા ખોલવવાના કાર્યો સાધુમાંથી ધનકુબેરો જ બનાવશે. જૈન ધર્મ, બચાવો, બચાવોની કતલખાને લઈ જવાયેલા પ્રાણીની જેમ તરફડીયા મારતા, ભયભીત થઈ, બૂમો પાડે છે. ક્યાં ગયા જૈનધર્મના પુણ્યાત્માઓ, શ્રેષ્ઠીઓ, ભામાશાઓ.

(૫) માત્ર હું જ સાચો નહિ પણ તમે પણ સાચા હોઈ શકો છો. આવી આકાશ જેવી વિશાળતાઓ, ખુલ્લાપણું અને અપ્રતિમ સહિષ્ણુતા, આ જૈન ધર્મના પાયા છે. દુનિયાના અતિ અલ્પ ધર્મોએ આવી મહામુલ્ય ભેટ વિશ્વને આપી હશે.

(૬) વિશ્વના મહાન ધર્મોમાં જેની માન-સન્માન અને અહોભાવથી ગણના થતી હોય તેવા આ જૈનધર્મના અનુયાયીઓ, જૈનધર્મીઓની (વસતીની ગણત્રીએ) સંખ્યા અતિ અલ્પ છે. એનું મુખ્ય કારણ અહિંસા, તપ, અસ્તેય, અચૌર્ય અને અપરિગ્રહના આકરા ધોરણને પાળતા, ખૂબ જ સૂક્ષ્મપણે આ બધા પાયાના સિદ્ધાંતોને અતૂટ અને અખંડ શ્રદ્ધાથી પાળનારાઓ જ છે. આવો અપ્રતિમ ધર્મ અનંતા કાળો પર્યંત ધબકતો અને વર્ધમાન થતો રહે એ જોવાની દરેક જીનધર્મીની પવિત્ર ફરજ છે. (જો આપણે પ્રભુ મહાવીરના સુપુત્ર-સુપુત્રીઓ કહેવડાવવા માગતા હોઈએ તો!)

(૭) સાધુપદ ગ્રહણ કર્યા પછીના તરતના પાંચ વર્ષો દરેક સાધુ સાધ્વીએ દૂર દૂરના નાના નાના ગામોમાં, જૈનધર્મે પ્રરુપેલા આચારધર્મનું પાલન કરવામાં તથા જૈન ધર્મના શાસ્ત્રો અને સાહિત્યના અભ્યાસ, મનન અને મંથન કરવામાં ગાળવા જોઈએ. જેથી આવા સ્થળે વસવાટ કરતા ભવ્યાત્માઓ પણ આ જૈનધર્મમાં યથાયોગ્ય અભિરૂચિ અને શ્રદ્ધાનો ઉદય થતાં ધર્મમાં ઉર્ધ્વગમન કરતાં કરતાં કાળાંતરે અરિહંત પદને પામે.

ક્ષતિઓ ઉદારભાવે અવગણજો. જય જિનેન્દ્ર, જય મહાવીર.

**ગુણવંત બી. શાહ,**
૧૦, લક્ષ્મીદર્શન, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૬. ટેલિ. : ૯૯૬૯૯૫૭૪૩૫.

(આ વિષય પરત્વે વધુ ચર્ચા પત્ર આવકાર્ય છે, જે હવે પછીના અંકોમાં પ્રગટ થશે. –તંત્રી)

# જયભિખ્ખુ જીવનધારા : ૧૦

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સર્જક 'જયભિખ્ખુ'ના જન્મશતાબ્દી વર્ષને અનુલક્ષીને એમના જીવનચરિત્રનું અહીં આલેખન કરીએ છીએ. આજથી નેવું વર્ષ પૂર્વેની ઘટનાઓમાં એ સમયનું વાતાવરણ ઝળૂંબે છે. લેખકના જીવનના અનુભવો એના સર્જનમાં પ્રતિબિંબિત થતા હોય છે. સર્જક જયભિખ્ખુની બાલ્યાવસ્થા આલેખતું આ દસમું પ્રકરણ. ]*

## સહુ પર રાખો સરખી દયા

ઉત્તર ગુજરાતના અંબોડ ગામથી વરસોડા જવા નીકળેલા ભીખો ('જયભિખ્ખુ'નું હુલામણું નામ) અને ગિરજો સમયસર નિશાળે પહોંચવા માટે ઝડપભેર ચાલતા હતા. વાંઘાં-કોતરોના ટૂંકા રસ્તે જતાં વચ્ચે જાંબુડીના ઝાડ પર વાંદરો બેઠેલો જોયો અને નીચે એને ફાડી ખાવા માટે ઘૂરકિયાં કરતું નાર જોયું. આ નાર દૂર થાય, તો જ ગિરજો અને ભીખો આ રસ્તે આગળ વધી શકે.

આ સમયે નિર્ભય ગિરજાના મનમાં બીજો પણ ભય હતો. નિશાળમાં જો મોડા પડીશું તો પેલો પરમાધામી (નારકી જીવોને શિક્ષા કરનાર દેવ) એમને શોધવા ઘર તરફ નીકળી ગયો હશે. એ મૉનિટર ટીંગાટોળી કરીને નિશાળમાં પહોંચાડવાની તૈયારી સાથે ઘેર આવ્યો હશે. જો એ ઘેર પહોંચશે તો એકને બદલે બે આફત ઊતરી આવશે. હે ઈશ્વર!

ગિરજો વિચારમાં પડ્યો, મનમાં દ્વિધા જાગી કે આ ટૂંકો રસ્તો છોડીને પાછા વળું? વળી મનોમન એવો ઠપકાભર્યો તરંગ જાગ્યો કે લાંબો રસ્તો છોડીને ટૂંકા રસ્તે આવ્યા અને લાંબા થઈ ગયા! લાંબા રસ્તે ગયા હોત તો આમ અધવચ્ચે ઊભા રહેવું પડ્યું ન હોત! ભીખાને પણ થયું કે બે બાજુ મુસીબત ઊભી છે.

બંને મિત્રોના મન અંદરોઅંદર વાર્તાલાપ કરતાં હતાં. અચાનક ગિરજાએ ઝાડ પર બેઠેલા વાંદરા તરફ પથ્થર લઈને ઘા કર્યો. ગિરજો નિશાન તાકવામાં નિપુણ હતો, પણ આ રીતે ભયભીત વાંદરાને પથરો મારવાનું 'કૃત્ય' દયાળુ ભીખાને ગમ્યું નહીં. એણે ક્રોધે ભરાઈને કહ્યું, 'અલ્યા, થોડી બુદ્ધિનો તો ઉપયોગ કર ને. પથરો બિચારા વાંદરાને મારવાનો હોય કે એને ફાડી ખાવાની વાટ જોતા દુષ્ટ નારને.'

ભીખાના ગુસ્સાની પરવા કર્યા વિના ગિરજાએ ફરીવાર પહેલાં કરતાં વધારે જોરથી બીજા પથ્થરનો ઘા કર્યો. વાંદરાએ જોયું કે મોત બંને તરફ સન્મુખ ઊભું છે. ગિરજાના પથ્થરના અચૂક નિશાનને લીધે વાંદરો એ ઝાડ પર રહી શકે તેમ ન હોઈ એણે મરણિયા થઈને જાંબુના ઝાડની ડાળી પરથી છલાંગ લગાવી. બાજુનું ઝાડ દૂર હોવાથી વાંદરો ઠેક ચૂક્યો અને જમીન પર પટકાયો. જમીન પર પડતાં જ છુપાયેલા બીજા નાર પણ એના તરફ ધસી આવ્યા.

ભીખાને મનોમન અફસોસ થયો કે હવે બિચારા વાંદરાને પકડીને ફાડી ખાધો સમજો! ગિરજાને એક નિર્દોષ પ્રાણીની હત્યાનું પાપ લાગ્યું. મનોમન વિચાર્યું કે ગિરજા, તું ગંગાસ્નાન કરીશ કે ગાયત્રી-સ્મરણ કરીશ, પણ તારું વાનરની હત્યાનું પાપ ફોક નહીં થાય.

જમીન પર પડેલા વાંદરાએ મોતનો ઘેરો જોઈને આંધળુકિયાં કરી છલાંગ મારી. બાજુના ઝાડ પર સડસડાટ ચઢી ગયો અને પછી તો બીજાં વૃક્ષો નજીક નજીક હોવાથી એ એક ઝાડ પરથી બીજા ઝાડ પર ઠેકતો-ઠેકતો દૂર નીકળી ગયો. નાર એની પાછળ પાછળ દોડ્યા, પણ ફાવ્યા નહીં.

રસ્તો નિર્ભય થઈ ગયો. ગિરજાએ જોરથી ભીખાના હાથને પકડીને એને આગળ ખેંચ્યો. ભીખાને ગિરજા પર ભારે દાઝ ચડી. આ તે કેવું કહેવાય? ડરના માર્યા વાંદરાને પથ્થર મારીને જમીન પર નીચે પાડ્યો. આ તો નસીબ વાંદરાનું કે એ મોતના મુખમાંથી ઊગરી ગયો. ગિરજાએ પોતાને ડરાવતા ઘુવડને પકડ્યું હતું તે ભીખાને ગમ્યું હતું, પરંતુ આ ઘટનાથી ભીખાનું મન ખાટું થઈ ગયું.

બંને મિત્રો સાબરમતીના કિનારે આવેલા વાંઘાઓ ચડતા, ઊતરતા, લથડતા, લપસતા વરસોડા ગામને પાદરે આવી પહોંચ્યા. બંનેનો શ્વાસ ધમણની જેમ ચાલતો હતો. પછી બંને જણા ભાગોળે બેસી ગયા. કમજોર ભીખાનો ગુસ્સો ઠંડો પડ્યો નહોતો. એના ચહેરામાંથી રોષ પ્રગટતો હતો. ભીખાની દયા એને બેચેન બનાવતી હતી અને એથી જ ગુસ્સામાં ને ગુસ્સામાં એ મૌન ધારણ કરીને બેઠો હતો.

ગામની ભાગોળમાં સુંદર વેકૂર (ઝીણી કાંકરીઓવાળી જાડી રેતી) હતી. બંને જણા એના પર બેસી ગયા અને શ્વાસ હેઠો બેસતાં ગિરજાએ કહ્યું, 'વાંદરાને પથરા માર્યા તેથી તારું દિલ દુભાયું છે, ખરું ને! તને મનમાં થયું હશે કે મેં આવું દુષ્ટ કામ કેમ કર્યું? પણ એવું નથી.'

ભીખાએ ફુંગરાઈને કહ્યું, 'શું એવું નથી, બ્રાહ્મણ થઈને આવાં કામ કરાય? ઘુવડને હેરાન કર્યું એ તો બરાબર હતું, કારણ એ મારું દિવસોનું દુશ્મન હતું. પણ આ બિચારા, નિર્દોષ, ડરી ગયેલા વાંદરાને પથરા મારીને શા માટે હેરાન કર્યો? કોઈ જીવને દુભવવો એ માહાપાપ ગણાય.'

ભીખાએ ઉપાશ્રયમાં સાંભળેલી વાણીમાં જ વાત કરી, પણ ગિરજો પોતાના મિત્રની વાત સાંભળીને ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, 'અલ્યા, જીવ દુભવ્યો કે જીવોને બચાવ્યા? જરા ઊંડો વિચાર કરીશ તો તને સમજાશે કે મેં એક નહીં, પણ ત્રણ-ત્રણ જીવ બચાવ્યા છે. જીવ દુભવ્યાનું તારે મન પાપ હોય, તો જીવ બચાવ્યાનું પુણ્ય કેટલું બધું હોય? એમાંય એક નહીં પણ

ત્રણ–ત્રણ!'

ભીખાએ આશ્ચર્યથી ગિરજા સામે જોયું અને પૂછ્યું, 'ગિરજા, ખોટી હાંક નહીં. કહે મને કયા ત્રણ જીવ બચાવ્યા તેં?'

'તારો, મારો અને પેલા વાંદરાનો.'

ભીખાને લાગ્યું કે ગિરજો મશ્કરી કરે છે. જેમ કોઈ ગામડિયો શહેરીની મશ્કરી કરે તેમ. તેથી એણે કહ્યું, 'મને બુદ્ધુ બનાવીશ નહીં. હું પણ ગામડામાં જ જન્મ્યો છું અને મેં ય ગામડાંના પાણી પીધાં છે, સમજ્યો?'

'તો સાંભળ મારી વાત. જાંબુડીના ઝાડ પર વાંદરો ભયભીત થઈને ચોંટી ગયો હતો. જો એને પથરો માર્યો ન હોત તો ઠેક મારવાનું એને સૂઝત નહીં. આ વાંદરો જ્યાં સુધી ઝાડ પર બેસી રહે, ત્યાં સુધી નાર આપણા રસ્તાની વચ્ચેથી દૂર જાત નહીં અને એમાંય જો ભોગેજોગ આપણા પર નજર પડી ગઈ હોત તો આપણો પીછો કરત. આથી મારા પથ્થરના ઘાએ મૂંઝાયેલા વાંદરાને મતિ સુઝાડી અને મરણિયો જીવ બધું કરે – એ રીતે એ જમીન પર પડ્યા પછી જોરથી કૂદીને ઝાડ પર ચડી ગયો અને એક ઝાડ પરથી બીજા ઝાડ પર કૂદીને દૂર જતો રહ્યો. આપણા રસ્તાની વચ્ચે ઊભેલા નાર રસ્તો છોડીને એની પાછળ ગયા. હવે વિચાર, વાંદરાને ભાગી જવાનું મળ્યું એથી એ બચ્યો અને નાર એની પાછળ ગયા તેથી આપણે બે બચ્યા.'

ભીખો ગિરજાનો ખુલાસો જોઈને ખુશ થઈ ગયો. 'વાહ મારા દોસ્ત!' કહીને એને ગળે વળગી પડ્યો, પણ ગિરજાએ કહ્યું,

'ભીખા, તેં દયાની વાત કરી, પણ તારી દયા એ તો નબળાની દયા લાગે છે. મેં ઘુવડને પથરો માર્યો એ તને ગમ્યો અને વાંદરાને માર્યો એમાં તો તું ચિડાઈ ગયો. આવું હોય? આપણને ગમે તે સારું, આપણને ન ગમે તે નઠારું તેમ ન હોય! આપણો દુશ્મન તે સહુનો દુશ્મન!'

ભીખાને પોતાના મિત્રની વાત સમજાઈ. બને એકશ્વાસે નિશાળ તરફ દોડ્યા. ગઈ કાલ સાંજના ભૂખ્યા હતા, તોય ભૂખ યાદ આવી નહીં. રાત્રે પૂરું ઊંઘ્યા નહોતા, તોય આળસ ચડી નહીં. સવારે ઊઠીને હાથ–મોં ધોયાં નહોતાં, તોપણ એની પરવા નહોતી. ગિરજા અને ભીખાને તો ઝટ નિશાળે પહોંચવું હતું. એમણે જોયું તો દૂરથી પરમાધામી (મૉનિટર) ચાલ્યો આવતો હતો. બંને મિત્રોને એ સાક્ષાત્ યમદૂત જેવો લાગ્યો. એના દારુણ પંજામાંથી બચવા માટે બંને બાજુના રસ્તેથી છટકી ગયા અને નિશાળે પહોંચી ગયા.

ભીખા અને ગિરજાને નિશાળમાં અને ઘરમાં થોડી સજા થઈ, પરંતુ એમણે માણેલી મજાની તોલે એ કંઈ વિસાતમાં નહોતી. વળી, એ દિવસોમાં નિશાળમાં બધે જ ચોર-ડાકુ અને બહારવટિયાની વાતો થતી હતી. ભીખાએ દાદાની પાસે ચોર-બહારવટિયાની વાતો સાંભળી હતી. એને વિશે મનમાં કેટકેટલી કલ્પનાઓ કરી હતી અને એથી જ બધા ગોઠિયાઓ બહારવટે ચડેલા મીરખાંની વાત કરતા હતા. કોઈ કહેતું કે એની પાસે પાણીપંથા ઘોડા છે. જોજનવેગી ઊંટ છે. બાર–બાર અને પંદર ભડાકા કરે એવી વિલાયતી બ્રીજલોટ બંદૂકો છે. એની સાથે એની દીકરી યે બહારવટે ચડી છે રોજ એક ગામ ભાંગે છે. ભરી બજારે દાયરો (ડાયરો) જમાવે છે. કસુંબા–કાવા લે છે, વેપારીના ચોપડા બાળે છે અને મુખી–મતાદારનાં નાક–કાન કાપે છે.

આવી કેટલીય કલ્પનાઓ મીરખાં વિશે ચાલતી હતી. ગામઠી ધૂળિયા નિશાળમાં બાળકો રોજ આવી વાતો કરતાં અને નવી નવી કલ્પનાના પતંગ ચગાવતા.

ગામમાં કોઈ નાનીશી ઘટના બનતી, તો પણ દુનિયા આખી ડોલતી લાગતી. ચૉરે અને ચૌટે એની જ વાતો થતી. સાંજ પડે ગામગપાટામાં એનું મીઠું–મરચું ભભરાવીને વિશ્લેષણ થતું. વાત ભલે નાની હોય, એની રજૂઆત હાથીનું પેટ ફાડી નાખે તેવી રીતે થતી હોય. ગામમાં બનતી ઘટનાઓની વાતો ગ્રામજનોને કથારસનો ભરપૂર આનંદ આપતી હતી. એમાં અતિશયોક્તિનું ઉમેરણ કરીને કરુણરસ કે શૌર્યરસના ઘેરા રંગો પૂરવામાં આવતા હતા.

વરસોડા ગામનો રસ્તો ખરાબ થઈ ગયો હતો. એની મરામત કરાવવા માટે જેલના કેદીઓને લાવવામાં આવ્યા. ગામ આખું આ કેદીઓને જોવા ભેગું થયું. પગે જંજીર અને હાથે બેડી જડેલી, શરીર પર જાંગિયો કે ચડ્ડી અને માથે ધોળી ટોપી. (ગાંધી ટોપીનું સર્જન એ પછી થયું). ભીખાના એક ગોઠિયાએ કહ્યું,

'અરે ભીખા, ચોર તે કંઈ આવા હોતા હશે? આ બધાને તો આપણાં જેવાં જ હાથ–પગ, નાક–કાન અને આંખો છે. આ તો આપણા જેવા લાગે છે, ચોર નથી.'

વાત પણ સાચી હતી. ભીખાની અને એના ગોઠિયાઓની ચોર વિશેની કલ્પનાસૃષ્ટિ અનોખી હતી. એ માનતા કે ચોરના પગ તો ઊંટ જેવા ઊંચા હોય છે, જેથી એ નિસરણી મૂક્યા વિના ગમે તેટલા માળ પર ચડી શકે છે. એના હાથ રબારીની વાંસી (દાંતરડા જેવું ફળ બેસાડેલો લાંબો વાંસ) જેવા લાંબા અને ધારદાર હોય, જો આવું ન હોય, તો મેડી પર, માળિયા પર, છજા પર, ઝરૂખાં પર પહોંચી જાય કઈ રીતે અને કઈ રીતે પેટી, સંચ (ભીંત કે પટારા વગેરેમાં રાખેલું ગુપ્ત ખાનું) કે પટારો ખોલીને એમાંની માલ-મિલકત લઈ જાય?

કોઈ ગોઠિયો તો વળી કહેતો કે આ ચોરની આંખો તો બિલાડી જેવી હોય, જે રાત્રે પણ દિવસ જેવું જોઈ શકતી હોય! એના હાથના પંજા વરુ જેવા નહોરવાળા અને એના દાંત હાથીના દંતશૂળ જેવા હોય.

નિશાળના ગોઠિયાઓએ જ્યારે રસ્તાનું સમારકામ કરતા ચોરોને જોયા ત્યારે એમના હસવાનો પાર રહ્યો નહીં. એમણે મનોમન ગાંઠ વાળી કે નક્કી, આ સિપાહીઓને કોઈના પર દાઝ ચડી હશે એટલે કોઈ ભળતાને પકડી લાવ્યા લાગે છે. બાકી, આવા માયકાંગલા તે કંઈ ચોર હોય? **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭.
(૦૭૯) ૨૬૬૦૨૬૭૫. મોબાઈલઃ ૦૯૮૨૪૦૧૯૯૨૫.

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન : ૧૧

❑ પ. પૂ. આચાર્યશ્રી 'વાત્સલ્યદીપ' સૂરિજી

**એકાદશ અધ્યાય : તપ યોગ**

**(૧૧)**

'શ્રી જૈન મહાવીર ગીતા'માં અગિયારમો અધ્યાય 'તપ યોગ' છે. આ પ્રકરણમાં ૩૮ શ્લોક છે.

જૈન ધર્મમાં તપનું વિશિષ્ટ મહત્ત્વ છે. તપના મુખ્ય બે પ્રકાર છે. બાહ્ય અને આભ્યંતર. જૈન ધર્મમાં તપનું વિશેષ મહત્ત્વ એ માટે છે કે તે કર્મની નિર્જરાનું શ્રેષ્ઠ સાધન છે. જૈન ધર્મની સાધનાનો હેતુ જ મોક્ષપ્રાપ્તિનો છે, અને તેમાં, તપશ્ચર્યા એ કર્મ નિર્જરાનું બળકટ સાધન છે. વળી, તપથી દેહશુદ્ધિ થાય છે તેમ આયુર્વેદ માને છે. આજનું વિજ્ઞાન પણ જૈન ધર્મના તપને નિરોગી બનાવે છે તેમ કહે છે. તપ અનેક રીતે પોતાનું મહત્ત્વ સ્થાપિત કરે છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'શ્રી જૈન મહાવીર ગીતા'માં તપ વિશે વિસ્તારથી વર્ણન કરે છે.

તપથી દેહદમન, મનોદમન અને કર્મદહન થાય છે. તપ એ કઠિન આરાધના છે. તપથી આત્મા નિર્મળ, તેજસ્વી અને કર્મમુક્ત બને છે. તપ અને તે પણ જૈનધર્મનું તપ વિશિષ્ટ એ માટે છે કે તેમાં દેહને સીધું જ કષ્ટ પડે છે અને છતાં પણ, સંપૂર્ણ ઈચ્છાપૂર્વક, સંપૂર્ણ સમતાપૂર્વક તે કરવાનું છે. અન્ય ધર્મોમાં તપસ્યામાં આવું કષ્ટ સહન કરવાનું નથી. ભૂખ, તરસ અને ક્યારેક તો મૃત્યુ સુધીની વેદના આવી પડે તો તે પણ હસતાં હસતાં સહી લેવાની તત્પરતા તપસ્વી રાખે છે. ગમે તેવી પીડામાં પણ તપમાં ટકી રહેવું અને સમતા જાળવવી તે આસાન નથી. તપસ્વીના અંતરમાંથી જો તપની ભાવના જાગૃત થાય તો જ આમ બને. તપ અને સમતા સમાંતર રહેવા જોઈએ. 'તપ કરીએ સમતા રાખી ઘટમાં'–એમ પૂર્વસૂરિઓ કહે છે. સમતા વિના તપ ન થાય. તપસ્વી ક્યારેક ક્રોધસ્વી પણ બની જાય છે. ક્રોધ સહિત થતું તપ નિષ્ફળ જાય છે. ચંડકૌશિક સર્પ તેનું જાણીતું દૃષ્ટાંત છે.

ઉદય રત્નજી વાચક તેમની સજ્ઝાયમાં કહે છે:

**ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંજમ ફળ જાય**
**ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય!**
**કડવા ફળ છે ક્રોધનાં**

ઉપર જે નિર્દેશ કર્યો તે બાહ્ય તપ માટે છે.

આભ્યંતર તપની પણ વિશિષ્ટતા છે : આભ્યંતર તપમાં સીધો આંતરિક સંબંધ છે. આભ્યંતર તપથી વધુ કર્મનિર્જરા થાય છે. બાહ્ય તપથી દેહશુદ્ધિ થાય છે, આભ્યંતર તપથી મનશુદ્ધિ થાય છે. મનશુદ્ધ થાય તો કર્મનિર્જરા સરળ બને, ભવભ્રમણ અટકે, મોક્ષગમન સરળ થાય. ધર્મ એક સાધના માટેનું શ્રેષ્ઠ સાધન ગણીએ તો મનશુદ્ધિ મોક્ષપ્રાપ્તિ માટેનું શ્રેષ્ઠ સાધન છે. યોગી આનંદઘનજી 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' તેમ કહે છે. મનને સ્થિર કરવું, ખોટા વિચાર કરતું બંધ કરવું, ખોટી આશા રાખતું બંધ કરવું ક્યાં સહેલું છે? મનશુદ્ધિ આભ્યંતર તપના માર્ગે થઈ શકે. મન એ એક ચાવી છે. એ ચાવીથી મુક્તિનો દરવાજો ખૂલે અને બંધ પણ થાય. આત્માની શક્તિ અનંત છે. પરંતુ તેના પર કર્મનું આવરણ એવું જોરાવર છે કે આત્મશક્તિનો ઉઘાડ આપણે જોઈ કે જાણી શકતા નથી. આ માટે નિત્ય પ્રભુ સ્મરણ, ધર્મ સાધના, સ્વાધ્યાય ઈત્યાદિ ઉત્તમ ઉપાયોનું આચરણ આવશ્યક છે. આ પંથે ચાલનાર દેહમાં રહેવા છતાં દૈહિક વાસનાઓથી મુકત થઈ જાય છે. દેહની પેલે પાર પણ એક અલૌકિક વિશ્વ છે અને તે જ પામવા માટેની મથામણ મુમુક્ષુએ નિત્ય કરવાની છે.

શ્રીમદ્ રાજચંદ્રજીની આ પંક્તિઓ માર્મિક છે:

**દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત**
**તે જ્ઞાનીના ચરણમાં, વંદન હો અગણીત!**

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી 'શ્રી જૈન મહાવીર ગીતા'માં તપયોગ વિશે કહે છે કે,-

तपः क्लेशकरः पूर्वं परिणामे सुखप्रदम् ।
तपः शुद्धिकरः प्रोक्तं ज्ञानदश्च तपोविधिः ।। (તપયોગ, શ્લોક ૧)

**'તપ પ્રારંભમાં ક્લેશકર, કષ્ટદાયી કહ્યું છે પરંતુ અંતતઃ તે સુખ આપનારું છે. તપ શુદ્ધિ કરનાર છે. (કર્મમુક્ત કરે છે) અને તપને જ્ઞાન આપનારું કહ્યું છે.'**

આ શ્લોકમાં ઊંડો મર્મ છે. તપ સરળ નથી. ભગવાન મહાવીર કહે છે કે જીવ સાથે અનાદિકાળથી ચાર સંજ્ઞા ચોંટેલી છે: આહાર, ભય, મૈથુન, પરિગ્રહ ભૂખ લાગવી ઈત્યાદિ જીવનનો સ્વાભાવિક ક્રમ છે અને ભૂખ્યાં રહેવું ન ગમે તેવી વાત પણ છે. એટલે, તપમાં આહારને છોડવાનો છે, ભૂખ્યા રહેવાનું છે–એથી તપ કરવું પ્રારંભમાં કઠિન લાગે છે તે આ અર્થમાં. પણ ધીરે ધીરે તે તપની ટેવ વધારતા જઇએ તો તપ સરળ બને, શરીર પણ તેને અનુકૂળ બને, આહાર સંજ્ઞા ઘટે અને પછી તપમાં વૃદ્ધિ થતી જાય. આમ, તપમાં પ્રારંભ કઠણ છે પણ એજ તપ અંતતઃ સુખદાયક છે. એનાથી કર્મ નિર્જરા થાય છે, મન શુદ્ધ થાય છે, દેહ સ્વસ્થ બને છે, આત્મા શાંતિ પામે છે.

તપયોગનો બીજો શ્લોક આમ છે:

तवसा देवता सर्वाः, साहाय्यं कुर्वते नृणाम् ।
तस्मात्तपांसि सर्वाणि, विधीयन्तां यथारुचि ।। (તપયોગ, શ્લોક ૨)

**'તપસ્વીઓને સર્વ દેવો સહાય કરે છે. આથી, રુચિ પ્રમાણે આરાધકોએ સર્વ પ્રકારના તપ કરવામાં ઉદ્યમ કરવો જોઇએ.'**

આ શ્લોકમાં આ એક વિશિષ્ટ પ્રકાશ પાડવામાં આવ્યો છે. તપમાં દેવોની સહાય મળે છે. જૈન શાસ્ત્રો આ વાત ભારપૂર્વક માને છે કે તપસ્વીઓને દૈવી સહાય મળે છે. આવા અસંખ્ય કિસ્સાઓ જૈન શાસ્ત્રોમાં મળે છે. શ્રી શંખેશ્વર તીર્થની સ્થાપના જ શ્રીકૃષ્ણ મહારાજાના અઠ્ઠમ તપથી થઈ છે. તપસ્વી જો શુદ્ધિપૂર્વક, ભાવપૂર્વક, વિધિપૂર્વક તપ કરે તો તેને દૈવી સહાય મળે જ. તપ

માત્ર કરવાથી ન ચાલે. શ્રદ્ધા, શુદ્ધિ, ભાવના પણ એટલાં જ અગત્યના અંગો છે.

તપથી શરીર ક્ષીણ થાય છે, આત્મા તેજસ્વી થાય છે. તપસ્વી શારીરિક અકળામણના કારણે ગુસ્સો કરી બેસે છે. પણ એ ક્ષણે જ સંભાળવાનું છે. શરીરની અસ્વસ્થતા, પ્રસંગોચિત અવ્યવસ્થા ક્રોધ પ્રેરે પણ તે ક્ષણે જ તપસ્વી જાતને સંભાળી લે, સ્વસ્થ રહે, સમતા જાળવે તે જરૂરી છે. તપમાં સમતા એટલે દૂધમાં સાકર! આ જગતમાં ક્રોધ નહિ, કરુણા જ મહાન છે. શસ્ત્ર નહિ, અહિંસા જ મહાન છે. વેર નહિ, ક્ષમા જ મહાન છે. આ પ્રેરણા જૈન ધર્મનો પાયો છે. જૈન ધર્મનું તપ, એ પંથે સૌને દોરે છે. મહામુનિ ખંધક, મેતારજમુનિ વગેરે તેના ઉત્તમ ઉદાહરણ છે.

તપનો પ્રભાવ વિશાળ છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સ્વયં પણ ઉત્તમ તપસ્વી હતા. તેઓ મોટાભાગે એકાસણું તપ નિયમિત કરતા અને ગોચરી વાપરતી વખતે સઘળો આહાર એક જ પાત્રમાં એકઠો કરીને જમતા-વાપરતા હતા. તેઓ લખે છે: **'તપ મોહનો નાશ કરે છે, અને મન, વચન, શરીર વગેરેના સર્વ અવસ્થાના સર્વ દુ:ખો સહન કરી શકવા સમર્થ બનાવે છે.'** (તપયોગ, શ્લોક ૪) તપ કરવું જેમ કઠણ છે તેમ તપ માનવીને મનથી દૃઢ અને કઠોર પણ બનાવે છે. આ દૃઢતા, જીવનના સંગ્રામમાં શૂરવીરતા પ્રદે છે.

માત્ર દેહદમન જ તપ નથી પણ તપની અન્ય ભવ્યતા પણ છે: **'સર્વ કર્તવ્ય કર્મોમાં કરવામાં આવેલો આત્મભોગ મહાન તપ છે. પારકા માટે પોતાના સુખનો ત્યાગ કરવો એ (પણ) તપ કહેવાય છે.'** (તપયોગ, શ્લોક ૬)

આર્યાવર્તની ધરતીમાંથી અસંખ્ય માનવરત્નો એવા પ્રગટ્યા છે કે જેમણે અન્ય ખાતર સ્વાર્પણ કરવામાં કદીય પાછી પાની કરી નથી! મૈત્રીને ખાતર, માનવતાને ખાતર, કોમને ખાતર, દેશને ખાતર, ધર્મને ખાતર અને શીલવ્રતની રક્ષાને ખાતર અસંખ્ય મહાનુભાવોનો આત્મભોગ આર્યાવર્તની ભૂમિ પર મંદિર પર શોભતા કળશની જેમ દેદીપ્યમાન બની ચમકે છે! એ આત્મભોગને તપયોગમાં સંભારીને આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સુરીશ્વરજી એક નવા શિખર પર મૂકી આપે છે! કદાચ, શ્રીમદ્ બુદ્ધિસાગર સુરીશ્વરજી એ મહાનુભાવોની મહાનતાને અંજલિ અર્પી રહ્યા નહિ હોય!

આહારમાં સંયમ રાખવો જરૂરી છે. એવું ક્યાંક વાંચેલું કે ભૂખ્યાં રહીને મરનારા કરતાં વધુ ખાઈને મરનારાની સંખ્યા વધુ છે! જેમ વધુ પડતું ન ખવાય તેમ ગમે તેવું પણ ન ખવાય. જૈન ધર્મ અભક્ષ્ય અને ભક્ષ્ય વિશે બિલકુલ સ્પષ્ટ છે. અભક્ષ્ય ખાનારાને ડૉ. બર્ટ્રાન્ડ રસેલ યાદ રહે તો સારું. ડૉ. રસેલ Non Veg. ખાતા નહિ અને કહેતા: 'મારું પેટ કબ્રસ્તાન નથી.' તેઓ સંપૂર્ણ શાકાહારી હતા. ડ્રીન્ક્સ કે નોન વેજ કે ફાસ્ટ ફૂડથી આરોગ્યનું સત્યાનાશ થાય છે.

સંયમિત આહાર એ સદ્‌ગુણ છે. પર્વતિથિના દિવસે લીલોતરી ન ખવાય, રાત્રીભોજન ન થાય વગેરે ગુણો પણ કેળવવા જેવા છે. આધુનિક વિજ્ઞાન પણ કબૂલે છે કે જૈન ધર્મની દૈનિક ક્રિયાઓમાં સંપૂર્ણ વિજ્ઞાન સમાયેલું છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી એક ક્રાંતિકારી સાધુપુરુષ છે. તેમની નજર અનેક શિખરો પ્રતિ સદૈવ દોડે છે. વાંચો: **'સાધુઓએ દેશ-પરદેશ ફરીને જ્ઞાનનું દાન આપવું તેને પણ તપ કહેવામાં આવે છે.'** (તપયોગ, શ્લોક ૧૨)

તપથી પાપનો થાય છે. તપ અનંત ભવોના પાપનો નાશ કરવા માટેનું શ્રેયસ્કર સાધન છે: **'દ્રવ્યથી અને ભાવથી જેના વડે પાપનો શિઘ્ર નાશ થાય છે અને સર્વ લોકોને જે આત્મશુદ્ધિ આપનાર છે તેને જ તપ કહેવાય છે.'** (તપ યોગ, શ્લોક ૧૪)

તપથી મનોબળ વધે છે. અકબર બાદશાહના સમયમાં ૬ મહિનાના ઉપવાસ કરનાર ચંપા શ્રાવિકા તેનું ઉજ્જવળ દૃષ્ટાંત છે. આજે પણ જૈન સંઘમાં ૧૦૮ ઉપવાસ કરનાર અનેક તપસ્વી નિહાળવા મળે છે. કેટલાક તપસ્વી તો અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરીને વર્ષીતપ કરે છે! આયંબીલ તપની ૧૦૦ ઓળી ત્રણ વખત કરનારા પણ ઉત્તમ તપસ્વીઓ આજે વિદ્યમાન છે! આ સૌની તપ માટેની મનની મજબૂતી જોઈએ કે વિચારીએ ત્યારે સ્તબ્ધ થઈ જવાય છે! તપ આ તપસ્વીઓ માટે જાણે કંઠમાં ફૂલમાળા પહેરવા જેવું સહજ છે!

વળી, આ તપસ્વી ન ખાવું ને સૂઈ રહેવું-એવું પણ કરતા નથી. તેઓ તપની સાથે પોતાની દૈનિક ક્રિયાઓ પણ કરે છે. હમણાં જ એક તપસ્વીએ ૭૦ ઉપવાસ કરીને ગિરિરાજ શત્રુંજયની પાલિતાણામાં રહીને ૧૦૮ વખત પર્વત ચડીને જાત્રા પણ કરી! શરીરથી તપ અને મનથી ભક્તિની દૃઢતાનો કેવો સરસ સુમેળ હશે!

જેમ આવું ઉત્તમ જપ જોવા મળે છે તેમ એક વિશેષ ઉલ્લેખ કરવો પણ જરૂરી છે કે આ તપ કરનારાઓમાં ઘણાં તો તદ્દન નાની વયના હોય છે!

તપથી દેહશુદ્ધિ અને મનશુદ્ધિ અને આત્મશુદ્ધિની પ્રાપ્તિ થાય છે તેજ તપની સાધનાનું મહાન ફળ ગણવું જોઈએ. તપ દ્વારા સાંસારિક સુખોની અપેક્ષા રાખવાની નથી : તપનો હેતુ જ મોક્ષપ્રાપ્તિ છે. જૈન ધર્મનો પાયો જ તપનો તથા ત્યાગનો તથા આત્મ શુદ્ધિનો તથા મોક્ષ પ્રાપ્તિનો છે તે કદીય ભૂલવું ન જોઈએ.

તપ કરનારે જિનભક્તિ, ગુરુભક્તિ અને ધર્મભક્તિ પણ કરવા જોઈએ. આમ કરવાથી તપસ્વીનું મન ધર્મમય રહે છે અને સમતા વડે ઘડાય છે. ક્યારેક આર્તધ્યાન થવાના પ્રસંગોમાં પણ તેનું મન વિચલિત થતું નથી.

તપ કરનારે નિયમિત સ્વાધ્યાય અને સરસ સાહિત્યના વાંચનની ટેવ પણ પાડવી જોઈએ.

થોડાંક શ્લોકાર્થ જોઈએ:-

**'સર્વ શક્તિ વડે શરીર અને વીર્યની રક્ષા કરવી જોઇએ. સંપૂર્ણ (નૈષ્ઠિક) બ્રહ્મચર્ય શક્તિ આપે છે અને તે મહાન તપ છે.'** (તપયોગ, ગાથા ૧૫).

**'બાહ્ય અને આંતરિક ધર્મની રક્ષા માટે આત્મભોગ આપવામાં આવે તેને તપ કહેવામાં આવે છે, તે નિ:સ્પૃહ છે અને મુક્તિ આપનારું છે.'** (તપયોગ, ગાથા, ૧૭)

**'સત્ય, ક્ષમા, લોકો પ્રત્યે દયા, સર્વ કાર્યમાં નિરાસક્તિ વગેરે પણ મહાતપ કહેવાય છે.'** (તપયોગ, ગાથા, ૧૮)

**'જેનાથી સર્વજાતિનું, સર્વ સમાજનું સુખ વધે છે તેને મેં તપ કહ્યું છે, અને ભાવ લોકો ભક્તિપૂર્વક તે (હંમેશાં) કરતા રહે છે.'** (તપયોગ, ગાથા ૧૯)

**'ભોગ તથા વાસનાનો પરિત્યાગ એ ચારિત્ર્યનું મહાતપ છે. સર્વ ધર્મના લોકો તેના વડે મારા રૂપને પ્રાપ્ત કરે છે.'** (તપયોગ, ગાથા ૨૦)

**'પ્રાયશ્ચિત, સંઘમાં પ્રેમ (ની વૃદ્ધિ), વિરોધી વૃત્તિનો અભાવ, શરીરનો ઉત્સર્ગ, મનની સ્થિરતા, દેવોને વંદન (પ્રભુની ભક્તિ) સ્પર્શ સુખ વગેરેનો ત્યાગ (બ્રહ્મચર્યનું પાલન) ઉપવાસ, ધ્યાન, વગેરેને કર્મનો વિનાશ કરનાર તપ કહે છે.'** (તપયોગ, ગાથા ૨૩)

**'સર્વ જૈનોની એકતા કરવી જોઈએ, તે મહાતપ છે. કલિયુગમાં સર્વ પ્રકારે સંઘ સેવા મહાતપ છે.'** (તપયોગ, ગાથા ૩૩)

**'તપથી સ્વર્ગ મળે છે, તપથી મોક્ષ વગેરેની સિદ્ધિ મળે છે. તપ મનુષ્યોને માટે આ લોકમાં અને પરલોકમાં સુખપ્રદ છે.'** (તપયોગ, ગાથા ૩૬)

**'તપથી કલેશ, ભોગ, તૃષ્ણા વગરે શાંત થાય છે. અને સામાન્ય માનવી પણ ઈન્દ્ર કે ચક્રવર્તી જેવો સમર્થ બની શકે છે.'** (તપયોગ, ગાથા ૩૭)

**'તપના કાર્યમાં મગ્ન રહેલા લોકો તીર્થંકરના પદને પામે છે, તેઓ સર્વ કાર્યો કરતા હોવા છતાં પરમ એવા સિદ્ધિ પદને પામે છે.'** (તપયોગ, ગાથા ૩૮)

'શ્રી જૈન મહાવીર ગીતા'ના તપયોગમાં તપનો મહિમા અનેક સ્વરૂપે વર્ણવાયો છે.

તપ આત્મશક્તિ ખીલવવાનું સાધન ગણીએ તો તેનું ઉત્તમ દૃષ્ટાંત મહાત્મા ગાંધીની અહિંસાની ચળવળ છે. મહાત્મા ગાંધીની અસહકાર આંદોલનની ઘટનાએ દુનિયાને ધ્રૂજાવી દીધી હતી : એ સમયમાં થયેલા અસહકાર, ઉપવાસ તથા અહિંસક સત્યાગ્રહ તપની અસીમ શક્તિના જ દ્યોતક નથી?

જૈન ધર્મના અંતિમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરે કરેલા વિશિષ્ટ તપ યાદ કરીએ ત્યારે થાય છે કે આત્મકલ્યાણ માટે સ્વયં તીર્થંકર પરમાત્મા પણ કેવો પ્રચંડ પુરૂષાર્થ કરે છે? શ્રી બપ્પભટ્ટી સૂરિજી મહારાજે આચાર્યપદ ગ્રહણના દિવસથી યાવજીજીવ (આજીવન) આયંબીલ તપ કરવાનું વ્રત લીધું હતું! જૈન સંઘમાં અનેક દૃષ્ટાંતો એવા પણ મળે છે કે દેવ સાધના માટે તપ કરાયું હોય! તીર્થની, ધર્મની રક્ષા માટે પણ અનેકવાર તપ સાધના થતી જોવા મળે છે.

જૈનધર્મના તપ આરાધનનો મૂળ હેતુ આત્મકલ્યાણનો જ છે. એ માટે પ્રેરણા 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'તપોયોગ'માં સાંપડે છે. તપથી આત્માનું પતન રોકાય છે, તપથી આત્માનું ઉત્થાન થાય છે એ ઘંટનાદ તપયોગમાં અખંડ સંભળાય છે! **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ, જૈન જ્ઞાનમંદિર, જ્ઞાનમંદિર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૮.

આચમન : વિનમ્રતાનો વારિધિ : (અનુ. પૃષ્ટ બીજાથી ચાલુ)

કરીને આવી અનુપમ સિદ્ધિ મેળવી છે તેની પાસે પોતે જવું જોઈએ. એ આનંદ શ્રાવકના ઘરે પહોંચ્યા ત્યારે આનંદ શ્રાવકે પોતાને થયેલા જ્ઞાનની વાત કરી. ગૌતમ સ્વામીએ કહ્યું: 'ગૃહસ્થને આવું વિશાળ જ્ઞાન ન થઈ શકે.' આનંદ શ્રાવકે કહ્યું, 'પ્રભુ આપ અસત્ય બોલો છો. આપે પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ.' આનંદની વાણીમાં વિનય હતો.

પણ આનો નિર્ણય કોણ કરે? ગુરુ ગૌતમ ઊપડ્યા પ્રભુ પાસે. જઈને પૂછ્યું, 'પ્રભુ! અમારા બેમાં કોણ સાચું? શું મારે પ્રાયશ્ચિત્ત લેવું પડે?'

ભગવાન મહાવીરે હસતાં હસતાં કહ્યું, 'ગૌતમ, ભંતે, ગૃહસ્થને આવી વિશાળ મર્યાદામાં જ્ઞાન થઈ શકે. તારે આનંદ શ્રાવકને મિચ્છામી દુક્કડમ્ દેવા જોઈએ. ક્ષમા માગવી જોઈએ.'

જ્ઞાનના મેરુ જેવા ગૌતમ સ્વામી આનંદ શ્રાવકને મિચ્છામી દુક્કડમ્ દઈ આવ્યા. ✷ ✷ ✷

(આ તેમ જ ઑગસ્ટ મહિનાના અંકમાં પ્રગટ થયેલી બન્ને કથાઓ આચાર્યશ્રી વાત્સલ્યદીપ કૃત પુસ્તિકા 'જૈન ધર્મની આગમકથાઓ'માંથી ઋણ સ્વીકાર સહ)

## 'સમણસુત્તં' : અડધી કિંમતે પ્રાપ્ત

'સમણ સુત્તં'

વિશ્વના મહાન ધર્મોમાં જૈન ધર્મની ગણના થાય છે. અન્ય મહાન ધર્મોમાં હિન્દુ ધર્મનું 'ભગવદ્ ગીતા', બુદ્ધનું 'ધમ્મપદ', ખ્રિસ્તીઓનું 'બાઈબલ', ઈસ્લામનું 'કુર્રાન' એમ એક એક પુસ્તકમાં એમના ધર્મનો સાર આવી જાય છે. જૈન ધર્મમાં એક જ પુસ્તકમાં ધર્મસાર આવી જાય એવું એક પણ પુસ્તક નહતું એનું મુખ્ય કારણ એ હતું કે જૈન ધર્મમાં માનવ મનનું એટલું વિશ્લેષણ થયું છે કે એક એક મનોભાવ ઉપર અનેક પુસ્તકો લખાયા છે. જૈનોના ૨૪ મા તીર્થંકરની ૨૫૦૦ વર્ષની ઉજવણી સમયે સંત વિનોબાજીએ જૈનોને આગ્રહ કર્યો કે જૈન ધર્મનો સાર આવી જાય એવું એક પુસ્તક હોવું જોઈએ. કામ કઠીન હતું. સદ્ભાગ્યે જૈન સમુદાયના ચારે ફિરકાઓ તેમજ સાધુ-સંતો અને ધર્મના ઊંડા અભ્યાસીઓએ મળીને 'સમણસુત્તં' નામનું પુસ્તક તૈયાર કર્યું છે. જેમાં જૈન ધર્મના સિદ્ધાંતોને લગતી ૭૫૬ ગાથાઓની મૂળ પ્રાકૃત, માગધી કે અર્ધમાગધી, સાથે સાથે સંસ્કૃતમાં અને ગુજરાતીમાં સરળ ભાષામાં સમજણ આપવામાં આવેલ છે. આમાં જૈન ધર્મના મુખ્ય સિદ્ધાંતો છે, ઉપરાંત વધારે સમજવા માટે જૈનો પાસે વિપુલ સાહિત્ય તો છે જ.

**જે ભાઈ–બહેનોને આ 'સમણ સુત્તં' જોઈતું હોય** તેમને માટે એક શુભેચ્છક તરફથી કેટલીક નકલો **અર્ધી કિંમતે આપવા** માટે અમને મળેલ છે. અર્ધી કિંમતે રૂપિયા પચાસ થાય છે. જે ભાઈ–બહેનોને આ પુસ્તક જોઈતું હોય તેમણે મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસમાં સંપર્ક કરવા અને ત્યાંથી મેળવી લેવા વિનંતિ છે.

❑ **મેનેજર**

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

(ઑગસ્ટ ૨૦૦૯ના અંકથી આગળ)

૫૭૦. પ્રતર : પડનું નીકળવું તે, જેમ અબરખ, ભોજપત્ર આદિમાં.
परतें या तहें निकलना, जैसे अभ्रक, भोजपत्र आदि.
Gradually chopping off layers as in mica, birch etc.

૫૭૧. પ્રતિક્રમણ : થયેલ ભૂલનો અનુતાપ કરી તેથી નિવૃત્ત થવું અને નવી ભૂલ ન કરવા માટે સાવધાન થવું, તે પ્રતિક્રમણ.
हुई भूल का अनुताप करके उससे निवृत्त होना और भूल न हो इसके लिए सावधान रहना प्रतिक्रमण है ।
To repeat for the mistake that has been committed and to refrain from it, as also to remain alert that no new mistakes are commited - that is called Pratikramana.

૫૭૨. પ્રતિરૂપ (ઈંદ્ર) : વ્યંતરનિકાયના ભૂત પ્રકારના દેવોમાંના એક ઈંદ્ર છે.
व्यन्तर निकाय के किन्नर आदि आठ प्रकार के देवो में दो - दो इन्द्र है ।
One of the Indra among Bhutas a sub-type of Vyantara-nikaya.

૫૭૩. પ્રતિરૂપક વ્યવહાર : અસલને બદલે બનાવટી વસ્તુ ચલાવવી, તે 'પ્રતિરૂપક વ્યવહાર.'
असली के बदले नकली वस्तु से चलाना ।
To deal in counterfeit commodities.

૫૭૪. પ્રતિસેવનાકુશીલ : જેઓ ઈન્દ્રિયોને વશવર્તી હોવાથી કોઈ પ્રકારની ઉત્તર ગુણોની વિરાધના કરવા પૂર્વક પ્રવર્તે, તે પ્રતિ સેવનાકુશીલ.
इन्द्रियों को वशवर्ती होने से उत्तरगुणों की विराधनामूलक प्रवृत्ति करनेवाला प्रतिसेवना कुशील है ।
He who being a salve of his indriyas act in violation of some of the derivative virtues of a monk is called pratisevanaku'sila.

૫૭૫. પ્રત્યક્ષ : જે જ્ઞાન ઈંદ્રિય અને મનની સહાયતા સિવાય જ ફક્ત આત્માની યોગ્યતાના બળથી ઉત્પન્ન થાય છે, તે પ્રત્યક્ષ.
जो ज्ञान इन्द्रिय और मन की सहायता के बिना ही केवल आत्मा की योग्यता से उत्पन्न होता है, वह प्रत्यक्ष है ।
That cognition which originates without the aid of the sense-organs and manas and on the basis of the capacity of a soul, alone is pratyaksa or direct.

૫૭૬. પ્રત્યભિજ્ઞાન : પૂર્વમાં અનુભવેલી અને વર્તમાનમાં અનુભવાતી વસ્તુની એકતાના અનુસંધાનનું નામ પ્રત્યભિજ્ઞાન છે.
पहले अनुभव की हुई और वर्तमान में अनुभव की जानेवाली वस्तु की एकता का तालमेल प्रत्यभिज्ञान है ।
To detect identify between an object experienced earlier and one that is being experienced at present is Samjna or pratyabhijnana.

૫૭૭. પ્રત્યાખ્યાનાવરણીય : જેમનો વિપાક દેશવિરતિને ન રોકતાં ફક્ત સર્વવિરતિને રોકે, તે પ્રત્યાખ્યાનાવરણી ક્રોધ, માન, માયા અને લોભ.
जिनका विपाक देशविरति का प्रतिबन्ध न करके केवल सर्वविरति का ही प्रतिबन्ध करे वे प्रत्याख्यानवरणीय क्रोध, मान, माया और लोभ है ।
The karmas whose fructification obstructs not a partial moral discipline but a complete moral discipline are called anger, pride deceit and greed of the Pratyakhyanavarana.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **સાધનાનું હૃદય**
લેખક : **મુનિ અમરેન્દ્ર વિજયજી**
પ્રકાશક : જ્ઞાન જ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,
C/o. જયદીપ સાવલા, શેઠના હાઉસ,
ત્રીજે માળે, ૧૩, લેબરનમ રોડ,
ગામદેવી, મુંબઈ–૪૦૦ ૦૦૭.
મૂલ્ય–રૂા. ૩૫/-. પાના ૯૦. આવૃત્તિ–તૃતીય. ૨૦૦૮.

અધ્યાત્મ મૂર્તિ પૂજ્ય મુનિવર, શ્રી અમરેન્દ્ર વિજયજી મહારાજ સાહેબ જૈન સંઘની એક પ્રખર આધ્યાત્મિક વિભૂતિ હતા. પાર્થિવ દેહે તેઓ આપણી વચ્ચે નથી પરંતુ અક્ષરદેહે તેઓ છે.

પશ્ચિમના દેશોમાં શારીરિક સ્વાસ્થ્ય અને ચિત્તશાંતિ માટે યોગ તરફ આકર્ષણ થયું છે. ભારત માટે યોગ અને ધ્યાન એ નવી વાત નથી. ભારતમાં તો સદીઓ પૂર્વે શારીરિક સ્વાસ્થ્ય અને ચિત્તશાંતિ અર્થે જ નહિ પણ આધ્યાત્મિક વિકાસ માટે પણ ધ્યાનની ઉપયોગિતા સ્વીકારાઈ છે. જૈન સાધનામાં પણ ધ્યાનને ગૌરવભર્યું સ્થાન અપાયું છે. જૈન આગમો અને શાસ્ત્રગ્રંથોમાં પણ જૈન સાધકોમાં ધ્યાનનો વ્યાપક પ્રચાર હતો તે વાત જાણવા મળે છે. મુનિઓ, શ્રાવકો વગેરે ધ્યાન કરતા, પણ કાળક્રમે આ પરંપરા લુપ્ત થઈ ગઈ છે.

ધ્યાનનું અને નિશ્ચયદૃષ્ટિનું આપણી સાધનામાં શું સ્થાન છે તેનો નિર્દેશ કરી વર્તમાન જૈન સંઘમાં એ બેના પુનરુદ્ધારની આવશ્યકતા આ પુસ્તકમાં મુનિશ્રીએ સમજાવી છે. વીતરાગોએ પ્રબોધેલી સાધનાનું સ્વરૂપ શું છે ? પૂર્વાચાર્યોએ સાધનાના હાર્દ તરફ મુમુક્ષુઓનું ધ્યાન કેવા શબ્દોમાં દોર્યું છે વગેરે મુદ્દાઓનું વિશ્લેષણ કર્યું છે.

યોગક્ષેમનો ભાર જેમના શિરે છે તે પ્રબુદ્ધ ધર્મનાયકો–આચાર્યો અને વિમર્શશીલ અગ્રેસરોને વિચાર કરવા પ્રેરે તેવું આ પુસ્તક છે.

x x x

પુસ્તકનું નામ : **મૃત્યુંજય ણમોકાર (હિન્દી)**
લેખક : **મુનિશ્રી અમરેન્દ્ર વિજયજી**
પ્રકાશક : જ્ઞાન જ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ,
C/o. દિનેશ એચ. દોઢિયા,
૪૦૫, કમલાનગર, એમ. જી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૬૭.
ફોન : (૦૨૨) ૬૪૫૧૪૬૭૧.
મૂલ્ય–રૂા. ૧૫/-, પાના ૪૦, આવૃત્તિ દ્વિતીય, ૨૦૦૮.

અધ્યાત્મ મૂર્તિ પૂજ્ય મુનિવર, શ્રી અમરેન્દ્ર વિજયજી મહારાજ એક વિરલ મનીષી હતા. અધ્યાત્મના સત્યોને પ્રતીતિજનક શૈલીમાં અને સમ-સામાયિક સંદર્ભમાં પ્રસ્તુત કરનારા તેમના પુસ્તકો અનેક જણને પ્રકાશ પ્રદાન કરે છે.

'મૃત્યુંજય ણમોકાર' શિર્ષક ગુજરાતીમાં 'અચિંત ચિંતામણિ નવકાર'ના નામથી ૧૯૭૧માં પ્રગટ થઈ ચૂક્યું છે. જેની ૩૨૦૦૦ પ્રતિઓ ખપી ચૂકી છે. 'તીર્થંકર' સામયિકના સંપાદક ડૉ. નેમીચંદ જૈન દ્વારા તેનો હિંદી અનુવાદ થયો તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું છે.

નવકાર મહામંત્રના મહાત્મ્ય અને પ્રભાવથી કોઈ અપરિચિત નથી તેના અક્ષરે અક્ષરે કોટિ કોટિ શુદ્ધાત્માઓની શુભાકાંક્ષાઓ અંકિત છે એ વાત સર્વવિદિત છે. નવકાર મંત્રની શક્તિ અપરિમિત છે. જૈન ધર્મ અંધવિશ્વાસનો પૂંજ નથી પણ અત્યંત વૈજ્ઞાનિક અને તર્કસંગત ધર્મ છે. વસ્તુતઃ તે એક સ્વસ્થ જીવનદૃષ્ટિ છે. આ નાનકડી પુસ્તિકામાં 'મૃત્યુંજય ણમોકાર' અને નવકાર સાધનાની સાચી પ્રક્રિયા બે વિભાગમાં નવકાર મંત્રનો પ્રભાવ અને સાધનાની પદ્ધતિ સમજાવવામાં આવી છે.

પૂજ્ય મુનિશ્રી અમરેન્દ્ર વિજયજી એક વિચક્ષણ સાધુ છે. તેમણે ગુલાબચંદ ખીમચંદભાઈની પુનિત સાધનાની સાથે તાદાત્મ્ય બનાવીને આ કૃતિના અક્ષરે અક્ષરે આલેખી છે.

x x x

પુસ્તકનું નામ : **વહાલું વતન**
લેખક : **રોહિત શાહ**
પ્રકાશક : અમરભાઈ ઠાકોરલાલ શાહ
ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય,
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧.
મૂલ્ય–રૂા. ૩૫૦/-, પાના ૪૪૬, આવૃત્તિ–૧, જૂન ૨૦૦૬.

દરેક વ્યક્તિને બાળપણ હોય છે અને દરેક વતનને ઈતિહાસ હોય છે. બાળપણ અને ભોળપણનું સંગમતીર્થ એટલે રોહિત શાહે સંપાદિત કરેલ 'વહાલું વતન'.

આ સંપાદિત ગ્રંથમાં સંપાદકશ્રીએ ૯૦ વર્ષથી ૪૨ વર્ષ સુધીના કૂલ ૬૮ મહાનુભવોના પોતાના વતન વિશેના સંવેદનાત્મક આત્મકથનાત્મક લેખો પ્રકાશિત કર્યા છે. સંપાદન પોતે કરેલ છે. આ પુસ્તકનું પ્રેરણાબિંદુ 'કાબુલીવાલા' ફિલ્મનું યાદગાર ગીત છે. અય મેરે પ્યારે વતન, અય મેરે બિછડે વતન, તુઝ પે દિલ કુરબાન હૈ.

કોઈપણ મહાનુભવોના વતન વિશેની ઐતિહાસિક વાતો અને માત્ર ભૌગોલિક સીમાઓ વિશેની કેવળ શુષ્ક વિગતો એકઠી કરવાનું સંપાદકનું ધ્યેય નથી.

આ ગ્રંથમાં સંતો, સાહિત્યકારો, નેતાઓ, અભિનેતા, ડૉક્ટર, ન્યાયાધીશ, ઉદ્યોગપતિઓ અને અન્ય મહાનુભાવો તેમના વતન સાથે જોડાયેલા તેમના બાળપણની સ્મૃતિઓમાં આપણને સહભાગી બનાવે છે. વતનના કોઈ ખાસ સ્થળ કે ખાસ વ્યક્તિ સાથે લેખકના અતીતની જે સંવેદના જોડાએલી છે તેનો સાક્ષાત્કાર આપણને થાય છે.

અહીં કેન્દ્રમાં વતન છે, અને ત્રિજ્યાઓ બાળપણની છે. આત્મકથનાત્મક આલેખન તેનો પરિઘ છે.

આ 'વહાલું વતન' વાચકને પોતાના વતનમાં ડોકિયું કરાવે છે. સંવેદનશીલ સાહિત્યપ્રિય વાચકોના હૃદયને સ્પર્શી જાય તેવું આ પુસ્તક છે.

x x x

પુસ્તકનું નામ : **સૂરિરામ એટલે સૂરિરામ (ભાગ–૧–૨)**
પ. પૂ. તથા ગચ્છાધિપતિ પરમદાદા ગુરુદેવ શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજા (ડહેલાવાળા)ના પ્રેરક જીવન પ્રસંગો.
લેખક : **મુનિ ઉદયરત્ન**
પ્રકાશક : શ્રી રત્નોદય ચેરિટેબલ ટ્રસ્ટ,
અજય આર. શાહ
C/o. વિનસ મેડિકલ, ઉસ્માનપુરા, ચાર રસ્તા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૧૪.
ફોન : (ઑ.) ૨૭૫૪૨૨૯૭.
મુંબઈ પ્રાપ્તિસ્થાન : આ. રામસૂરીશ્વરજી તત્ત્વજ્ઞાન સંસ્કૃત પાઠશાળા, શાહ ભુવન,
ધર્મનાથ જૈન દેરાસર સામે, કાર્ટર રોડ નં. ૧, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૬૬.
ફોન : અમુભાઈ–મો.-૯૮૨૦૧૧૦૬૫૫.
મૂલ્ય–ભાગ–૧. રૂા. ૬૦/-. પાના -૧૫૬+ ૧૪=૧૭૦. આવૃત્તિ–પ્રથમ. સં. ૨૦૬૨.
મૂલ્ય–ભાગ–૨. રૂા. ૫૦/-. પાના -૧૫૬+ ૧૪=૧૭૦. આવૃત્તિ–પ્રથમ. સં. ૨૦૬૨.

આપણે ત્યાં શ્રમણ સંઘમાં ઉત્તમ જીવન જીવનારા ઉત્તમ પુરુષ ઘણાં છે પણ તેઓના પ્રસંગો, મનોગત વિચારો, વલણો ભાગ્યે જ લિપિબદ્ધ થયાં છે. ક્યારેક જ નોંધાયા છે. ત્યારે મુનિ ઉદયરત્ન તેમની રસાળ શૈલીમાં વાચકને તરબોળ કરી દે તેવું આ પુસ્તક આપી શ્રમણ સંઘને ઉત્તમ જીવન જીવવાની કેડી કંડારી આપે છે.

શિષ્યો પ્રત્યે નિર્ભેળ વાત્સલ્યના કારણે ઘણી વાતો તેમણે કરુણા નીતરતાં શબ્દોમાં આપી છે. આરાધક શિરોમણિ આચાર્ય પ્રવરશ્રીની સંયમ–સ્વાધ્યાય પ્રીતિ વિરલ કોટિની છે તેની પ્રતિતી અહીં થાય છે.

પૂજ્યશ્રીનું જીવન વિશાળ સાગર જેવું હતું. આ સ્મૃતિગ્રંથ નથી, આ તો પ્રસંગોની હારમાળા છે. તેઓશ્રીના રોજીંદા જીવનમાં વણાયેલા સંયમ સ્વાધ્યાયના તાણાવાણા જેમાં વણાયેલા છે એવા આ પ્રસંગોના વાંચનથી સંયમ અને સ્વાધ્યાયમાં પ્રવૃત્ત થયેલાને બળ મળશે. ગુરુવરને ચિરકાળ સુધી જીવંત રાખવા મુનિ ઉદયરત્ન વિજયજીએ એ શબ્દસ્થ કર્યા છે જેને આપણે મમળાવીશું તો વિરલ વિભૂતિ પ્રત્યેનો આદરભાવ વ્યક્ત થશે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month • Regd.No.MH/ MR/SOUTH-146/2009-11



## એક અસહ્ય કરૂણાંતિકા

❑ મયુરી ગોસાઈ

એક કરૂણ ઘટના એવી બની ગઈ છે કે જે સાંભળતાં કોઈનું પણ હૃદય દ્રવી ઉઠે. પ્રસંગોની હારમાળા એવી સર્જાઈ કે જે સાંભળી કાળા માથાનો માનવી હચમચી ઉઠે. જૈન ધર્મની કર્મની ફિલોસોફી કેવી સચોટ અને વાસ્તવિક છે તેનો ખ્યાલ આવે. આ કરૂણાંતિકા તદ્દન સત્ય ઘટના છે તેની નોંધ લેશો. અહીં પાત્રોના નામ અવશ્ય બદલ્યા છે. પરંતુ પાત્રો સત્ય અને દુઃખની ગર્તામાં ઊંડે ઉતર્યા છે.

ડૉ. પ્રિયંકરે વર્ષો પહેલાં મેટરનીટી હોમની સ્થાપના કરેલી. પોતે ગાયનેક, પ્રેમાળ સ્વભાવના ને કાર્યમાં નિષ્ણાત હતા. ખૂબ જ ટૂંકા સમયમાં ડૉક્ટર તરીકેની કારકિર્દી વિસ્તરતી ગઈ અને નામ ને દામ મેળવતા ગયા. તેમને ઈશ્વરે બે પુત્રરત્ન અને એક પુત્રીરત્ન આપ્યા. સમય જતાં બંને પુત્રો પણ ડૉ. બન્યા અને નાનાએ Fertility Clinic ખોલવાનું નક્કી કર્યું; અને મોટાએ ગાયનેક તરીકે કારકિર્દી અપનાવી અને થોડા સમયમાં જ મોટા દીકરાને ત્યાં દીકરીનો જન્મ થયો. સૌનું મન હરી લે તેવા પુત્રો, પુત્રી અને ઢીંગલી જેવી પૌત્રી–આવો સુખી પરિવાર એ હતો જેમાં સુખ ને સમૃદ્ધિનો કોઈ પાર ન હતો. કોઈને પણ ઈર્ષ્યા આવે એવી જાહોજલાલી હતી. પૂર્વના શુભ કર્મોના પરિણામનો જાણે વરસાદ વરસ્યો હોય તેમ લાગતું.

નાનો દીકરો સમર્પણ જેણે Fertility Clinic શરૂ કર્યું હતું તે ઑસ્ટ્રેલિયામાં વિશેષ અભ્યાસ કરી એ વિષયમાં પારંગત થઈ પ્રેક્ટીકલ ટ્રેનીંગ મેળવવા માટે મુંબઈમાં એક ડૉ. સાથે ત્રણ મહિના માટે ટ્રેનીંગ નક્કી કરી અઠવાડિયા માટે પોતાને ઘરે ગયો. ઘરેથી દસ દિવસમાં જ પાછો આવવાનો હતો તે દરમિયાન તેના પેટમાં સખત દુઃખાવો ઉપડ્યો અને હોસ્પિટલમાં દાખલ કર્યો. બધી જ ટ્રીટમેન્ટ કરી અને પ્રસિદ્ધ અને અનુભવી ડૉક્ટરને બતાવ્યું તે છતાંય છેલ્લે સુધી દર્દ ન પરખાયું એટલે તેને મુંબઈ જશલોકમાં દાખલ કરવામાં આવ્યો. અહીં પણ તે જ પ્રમાણે બધાં જ નિષ્ણાત ડૉક્ટરને બતાવ્યું, ટ્રીટમેન્ટ કરી છતાં કંઈ ફેર ન પડ્યો ને ટૂંક સમયમાં તેનો દેહાંત થયો. આ ડૉ. પ્રિયંકરના જીવનનો દુઃખનો પહેલો ઘા. ખૂબ જ દુઃખી અને વ્યથીત હૃદયે ડૉ. પ્રિયંકર અને એમના પત્ની ઘરે પાછા ફર્યાં. થોડાં સમય બાદ એ સ્વર્ગસ્થ દીકરાની પત્નીને આજ રીતે

## પંથે પંથે પાથેય...

દર્દ ઉપડ્યું. અનકો ઉપાય છતાં છેલ્લે સુધી દર્દ ન પરખાયું અને તેનું પણ દેહાંત થયું. આ પ્રિયંકરના જીવનના દુઃખનો બીજો કારમો ઘા!! થોડાં સમય પછી મોટા પુત્ર ડૉ. સુમીપને તેજ પ્રમાણે દુઃખાવો ઉપડ્યો, બધી જ સારવાર કરી છતાંયે કોઈ કારગત ન નીવડી અને દર્દ પરખાયું નહીં. અને તેનો પણ દેહાંત થયો!!! આ પ્રિયંકરના જીવનનો ત્રીજો કારમો ઘા!!!

હવે એમના જીવન-ઘરમાં એક નાની ઢીંગલી જેવી પૌત્રી શીવાની જીવંત રહી. મા–બાપ માટે હવે જીવનમાં આસરા જેવી, અને જોઈને ગમી જાય તેવી લાડલી પૌત્રીજ બાકી રહી. ખૂબ જ અશુભ કર્મોનો ઉદય થયો અને આ નાની ઢીંગલીને પેટમાં દુઃખાવો ઉપડ્યો, અનેક ઉપચારો કર્યા છતાં દર્દ ન પરખાયું, અને તે અરિહંતશરણ થઈ!!! આ ડૉ. પ્રિયંકરના જીવનનો ચોથો અને છેલ્લો (?) કારમો ઘા!!! હિમાલય જેવો આ વજ્રઘાત જે કોઈ ખમી ન શકે, આ બનાવે ડૉ. પ્રિયંકર દંપતીને હચમચાવી દીધા! ખૂબ જ સુખી અને સમૃદ્ધ ડૉક્ટર જેણે ઉત્તમ ભવિષ્ય માટે દરેક સગવડો ગોઠવેલી એ બધાંનો ભાંગીને ભૂક્કો થઈ ગયો. પત્તાના મહલની માફક આખુંય સ્વપ્ન ચકનાચુર થઈ ગયું. હવે આ જીવનમાં કોના આધારે જીવવું? કોના માટે? શેને માટે? એ મહા પ્રશ્ન આ ડૉક્ટર દંપતીની આંખ સામે તરવરી રહ્યો છે. હવે આજે ડૉક્ટર પોતાના ગત જીવનના ભંગાર વચ્ચે એક આશાએ જીવે છે કે ક્યારેક કોઈ સુખનું એક રજકણ મળશે!! તેવી આશાએ જીવનના બાકીના દિવસો દુઃખ અને ભયંકર વેદના વચ્ચે વિતાવે છે.

મારો એક જ પ્રશ્ન છે કે આ અદ્ભુત કરૂણાંતિકા વાંચી તમને દુઃખ અને દર્દની લાગણી જરૂર થશે. આંખમાંથી વેદનાના આંસુનો વરસાદ વરસશે. મારો સુજ્ઞ વાંચકોને, ગુરુ ભગવંતોને, જ્ઞાનીજનોને એક જ પ્રશ્ન છે કે આવા ભયંકર બનાવ બનવા પાછળ પૂર્વજન્મના અશુભ કારણો જવાબદાર હશે? પરંતુ તે કયા, કેવા અને કેટલા કારણો કેટલાક પ્રમાણમાં હોઈ શકે તે જણાવે તેથી સૌ કોઈ તેવા કર્મોથી જીવનમાં દૂર રહે. પ્રશ્નનો જવાબ આપવા સૌ અનુભવી, જ્ઞાની તજજ્ઞોને મારી એક નમ્ર વિનંતી છે. ડૉક્ટર દંપતીના જીવનમાં જેવું બન્યું તેવું કોઈનાયે જીવનમાં ન બને અને એવા અશુભ કર્મોથી સર્વે સદાયે દૂર રહે અને ડૉ. પ્રિયંકરના ભાવિ જીવન માટે પ્રેરણા આપે. શક્ય હોય તો મારા પ્રશ્નનો જવાબ 'પ્રબુદ્ધ જીવન'ને લખી મોકલશો તો હું એમનો મોટો ઉપકાર માનીશ.

અહીં કર્મ અને નિયતિની કઈ ચર્ચા કરવી? શાસ્ત્રમાં કહ્યું છે, ભાગ્યોદય સર્વોદય અને ભાગ્યનાશ સર્વનાશ, એવું સ્વીકારી જે થઈ રહ્યું છે એ દૃષ્ટા ભાવે જોયા કરવું? ✷✷✷

૧૩૮, રૂમ નં. ૨૬, બીજે માળે, ત્રીજો કુંભારવાડા,
ડૉ. એમ. જી. માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૨૦૦૪૦૪૧/૪૨/૪૩.

Printed & Published by Nirubahen S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.